200 વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર


R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 106 ■ વિક્રમ સંવત ૨૦૮૨

વૈશાખ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 May 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૬ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







PARAS

# આજે એસએસસી બોર્ડનું પરિણામ સવારે આઠ વાગ્યે જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં લેવાયેલી ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે. આજે સવારે આઠ વાગ્યાથી વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જોઈ શકશે. ચોથી મેના રોજ બોર્ડે બારમા ધોરણ અને ગુજકેટનું પરિણામ જાહેર કર્યું હતું.

બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ધોરણ ૧૦ ના ઉમેદવારોમાં, ૭.૭ લાખ રેગ્યુલર વિદ્યાર્થીઓ, ૧૯,૮૨૫ ખાનગી વિદ્યાર્થી અને ૭૦,૭૦૨ રિપીટર, ૫,૩૮૬ ખાનગી રિપીટર સહિતના વિદ્યાર્થી હતા. કુલ ૯.૧ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.

વર્ષ ૨૦૨૫માં પરિણામ ૮૩ ટકા જાહેર થયું હતું.

# ગણપતિ અને ઘનશ્યામ મહારાજ માસિયાઈ ભાઈ થાયઃ સ્વામિનારાયણ સંતે ફરી છેડ્યો વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્વામિનારાયણ સાધુએ વધુ એકવાર હિન્દુ દેવી દેવતા વિશે વાંધાજનક નિવેદન આપી વિવાદ ઊભો કર્યો છે. ગણપતિ અને ઘનશ્યામ મહારાજ માસિયાઈ ભાઈ થાય તેવા નિવેદનનો વીડિયો વાઇરલ થયો છે.

સ્વામિનારાયણના સાધુનો એક વીડિયો વાઇરલ થયો છે. જેમાં તેઓ કહે છે કે, દક્ષ પ્રજાપતિની ૧૩ દીકરીના લગ્ન ધર્મદેવ સાથે થયાં હતાં અને એક પુત્રીના લગ્ન ભગવાન ભોળાનાથ સાથે થયાં હતાં. આ તર્કના આધારે તેમણે દાવો કર્યો કે, ભક્તિ દેવી અને માતા ભવાની સગી બહેનો થાય. જો તેઓ સગી બહેનો હોય તો તેમના સંતાનો એટલે કે ગણપતિ અને ઘનશ્યામ મહારાજ બંને સગા માસિયાઈ ભાઈ થાય. સાધુ સમાજમાં એવી પણ ચર્ચા છે કે જો સમયાંતરે આવા નિવેદનો અટકાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સનાતન ધર્મના સંતો દ્વારા ઉગ્ર આંદોલન અથવા કાયદાકીય પગલાં પણ લેવામાં આવી શકે છે. જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુએ નારાજગી વ્યકત કરી કહ્યું કે, આમને બુદ્ધિ જેવું છે કે નહીં? ઘનશ્યામ મહારાજ ૨૦૦ વર્ષથી છે જ્યારે ગણપતિ તો અનાદિકાળથી છે. અનાદિ દેવને અર્વાચીન સમયના સંત સાથે માસિયાઈ ભાઈ તરીકે સરખાવવા તે અજ્ઞાનતાની પરાકાષ્ઠા છે.

# નકલી સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ રજૂ કરવા બદલ કૉંગ્રેસના કોર્પોરેટર સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૃષ્ણનગર પોલીસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)નાં નવા ચૂંટાયેલાં કૉંગ્રેસ કોર્પોરેટર સામે ૨૦૨૬ની મ્યુનિસિપલ ચૂંટણી લડવા માટે શાળા છોડવાના નકલી પ્રમાણપત્રનો ઉપયોગ કરવાના આરોપસર એફઆઈઆર નોંધ્યો હતો. સરદારનગરના રહેવાસી કોર્પોરેટર કલ્પનાબેન સૂરજભાઈ નવલેકરે કુબેરનગર વોર્ડમાંથી મનપાની ચૂંટણી જીતી હતી, તેમનાં પર કૃષ્ણનગર વિદ્યાવિહાર હાઇસ્કૂલ દ્વારા જારી કરાયેલું શાળા છોડ્યાનું નકલી પ્રમાણપત્ર રજૂ કરવાનો આરોપ છે. ફરિયાદ મુજબ, તેમણે મનપા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરતી વખતે પોતાની શૈક્ષણિક લાયકાતના માન્ય પુરાવા તરીકે બનાવટી દસ્તાવેજનો ઉપયોગ કર્યો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ચિરાગ શાહ નામના વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ) દ્વારા શરૂ કરાયેલી તપાસ બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી અને ફરિયાદી, અશોકકુમાર કાંતિલાલ પટેલે જણાવ્યું હતું કે ૧૯૮૧ અને ૧૯૮૮ના શાળાના જનરલ રજિસ્ટર (જીઆર) ની ચકાસણીમાં નોંધપાત્ર વિસંગતતાઓ બહાર આવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે કલ્પનાબેન સૂરજભાઈ નવલેકર નામના કોઈ વિદ્યાર્થીએ શાળામાં પ્રવેશ મેળવ્યો નથી, જેના કારણે ચૂંટણીમાં નામાંકન પ્રક્રિયા દરમિયાન રજૂ કરાયેલા પ્રમાણપત્રની અધિકૃતતા અંગે ગંભીર શંકાઓ ઊભી થાય છે.

ફરિયાદના આધારે, કૃષ્ણનગર પોલીસે કૉંગ્રેસ કોર્પોરેટર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૬(૨) અને ૩૪૦(૨) હેઠળ ગુનો નોંધ્યો છે. શિક્ષણ નિરીક્ષક અને સહાયક શિક્ષણ નિરીક્ષક દ્વારા રજૂ કરાયેલા ચકાસણી અહેવાલોને અનુસરીને આ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં પુષ્ટિ મળી હતી કે દસ્તાવેજ અસલી નથી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# અઢી કરોડના સોનાનું પાર્સલ અમદાવાદ ઍરપોર્ટથી ગુમ, જાણીતી ઍરલાઇન્સ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરથી બેંગલૂરુ જતી ફ્લાઇટ દરમિયાન ₹૨.૫૮ કરોડથી વધુ કિંમતના સોનાના દાગીનાનું પાર્સલ ગુમ થયા બાદ એક લોજિસ્ટિક્સ કંપનીએ અકાસા ઍર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સિક્વલ લોજિસ્ટિક્સના સિક્યુરિટી મેનેજર બલવીરસિંહ રાઠોડ દ્વારા અમદાવાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી એફઆઈઆર મુજબ ૧૮ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સવારે, સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર આશરે ૧૩ કિલો વજનના સાત પાર્સલ અકાસા ઍરને સોંપવામાં આવ્યા હતા. આ શિપમેન્ટ ફ્લાઇટ ક્યુપી-૧૯૦૧ દ્વારા બેંગલૂરુ જવાનું હતું.

જોકે, જ્યારે બેંગલૂરુમાં લોજિસ્ટિક્સ કંપનીની ટીમ પાર્સલ લેવા ગઈ, ત્યારે તેમને જાણવા મળ્યું કે સાત પાર્સલમાંથી એક પાર્સલ ગુમ હતું. ખોવાયેલા પાર્સલનું વજન ૨.૧૦૭ કિલો હતું અને તેમાં સોનાના દાગીના હતા જેની અંદાજિત કિંમત ₹૨,૫૮,૧૦,૭૬૪ હતી.

ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે વારંવાર પૂછપરછ કરવા છતાં, એરલાઇન સંતોષકારક જવાબ આપી શકી નથી અને ગુમ થયેલું પાર્સલ શોધી શકી નથી.

એરપોર્ટ પોલીસે ઍરલાઇન વિરુદ્ધ બીએનએસ કલમ ૩૧૬(૨) અને ૩૧૬(૪) હેઠળ કેસ નોંધ્યો છે, જે સામાન્ય રીતે વિશ્વાસઘાતના ગુનાહિત ભંગ સાથે સંબંધિત છે. પોલીસ ઇન્સ્પેક્ટર અરવિંદ દેવાભાઇ ચાવડાને તપાસનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સોનાનું પાર્સલ કેવી રીતે ગુમ થયું તે નક્કી કરવા માટે અધિકારીઓ હાલમાં બંને એરપોર્ટ પર કાર્ગો હેન્ડલિંગ પ્રક્રિયાઓ અને સુરક્ષા ફૂટેજની સમીક્ષા કરી રહ્યા છે, તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

# કચ્છના અબડાસા અને લખપત પંથકમાંથી વધુ ૧૨ બિનવારસું ચરસનાં પેકેટ ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છના સંવેદનશીલ દરિયાકાંઠેથી માદક પદાર્થો મળવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. વિવિધ સુરક્ષા એજન્સીઓના સંયુક્ત પેટ્રોલિંગ દરમિયાન અબડાસા અને લખપત તાલુકાના સાગરકાંઠેથી વધુ ૧૨ ચરસનાં પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવતા સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી હતી.

બીજી તરફ, આજથી સમુદ્રી સીમાની સુરક્ષા મજબૂત કરવા માટે કોસ્ટગાર્ડ દ્વારા બે દિવસીય 'સાગર કવાયત'નું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું હતું. મળતી માહિતી મુજબ, ગત સોમવારે અબડાસા તાલુકાના પિંગલેશ્વર દરિયાકાંઠે સુરક્ષા એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલા સંયુક્ત પેટ્રોલિંગમાં દરિયાના મોજાં સાથે સામેપારથી તણાઈ આવેલા ચરસના બે પેકેટ મળી આવ્યા હતા. આ જથ્થો જખૌ પોલીસને સુપરત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ, લખપત તાલુકાના નારાયણ સરોવર નજીક આવેલા સુગરબેટ વિસ્તારમાં સીમા સુરક્ષા દળ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં ચરસના વધુ ૧૦ પેકેટ મળી આવ્યા હતા. બીએસએફના જવાનોએ આ જથ્થો નારાયણ સરોવર પોલીસને સોંપ્યો છે. આ પેકેટો ક્યાંથી આવ્યા અને તેના સ્રોત શું છે તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી હતી.

દરમ્યાન, દરિયાઈ માર્ગે થતી ઘૂસણખોરી અને તસ્કરી રોકવા માટે મંગળ અને બુધવાર એમ બે દિવસ માટે ઇન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા કચ્છના દરિયામાં 'સાગર કવાયત' હાથ ધરવામાં આવશે. આ કવાયતમાં મરીન પોલીસ, કસ્ટમ્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓ જોડાશે, જેનો મુખ્ય હેતુ દરિયાઈ સુરક્ષાવ્યવસ્થાની સજ્જતા ચકાસવાનો છે.

# કોલ ઈન્ડિયાએ ઉત્તર ગુજરાતમાં ૧૦૦ મેગાવૉટનો સૌર ઊર્જા પ્લાન્ટ શરૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય માલિકીની કોલ ઇન્ડિયા લિમિટેડ (સીઆઈએલ)એ મંગળવારે ડિસા તાલુકાના ભદ્રમાલી ગામમાં ૧૦૦ મેગાવોટના સૌર ઊર્જા પ્રોજેક્ટ શરૂ થયાની જાહેરાત કરી હતી.

બીએસઈને આપેલી રેગ્યુલેટરી ફાઇલિંગમાં, સીઆઈએલએ જણાવ્યું હતું કે તેને ૩૧ માર્ચ, ૨૦૨૬ થી અમલમાં આવતા ગુજરાતમાં ૧૦૦ મેગાવોટના સૌર ઊર્જા પ્લાન્ટ માટે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી તરફથી કમિશનિંગ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. કોલસા મંત્રાલય હેઠળની એક મહારત્ન જાહેર ક્ષેત્રની કંપની, સીઆઈએલ, રિન્યુએબલ એનર્જી ક્ષેત્ર પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કંપની હાલમાં ભારતના સ્થાનિક કોલસા ઉત્પાદનમાં ૮૦ ટકાથી વધુનું યોગદાન આપે છે.

ડિસેમ્બરમાં, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ) એ સીઆઈએલના ૩,૦૦૦ મેગાવોટ સૌર ક્ષમતાના લક્ષ્યાંકને પૂરો કરવામાં થયેલા વિલંબનો ઉલ્લેખ કર્યો હતો અને નોંધ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ફક્ત ૧૨૨.૪૯૨ મેગાવોટ, જે લક્ષ્યના લગભગ ૪.૦૮ ટકા છે, તે જ ઈન્સ્ટોલ થયું છે.

# પંચમહાલમાં મુંબઈ-દિલ્હી હાઈવે પર ગોઝારો અકસ્માત, એક જ પરિવારનાં ત્રણ સભ્યનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જીવલેણ અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. લગભગ રોજિંદા બનેલા ગોઝારા અકસ્માતોમાં નિર્દોષ લોકોનાં મોત થઈ રહ્યાં છે. ગોધરા નજીક થયેલી વાહન દુર્ઘટનામાં એક જ પરિવારનાં ત્રણ સભ્યએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૧૪ વર્ષની કિશોરીનો આબાદ બચાવ થયો હતો.

આ ગમખ્વાર અકસ્માત અંગે મળતી માહિતી મુજબ પંચમહાલ જિલ્લામાંથી પસાર થતા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર કાલોલના ભાટપુરા પાસે એક કાર અને અજાણ્યા વાહન વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના મુડાવડેખ ગામના બ્રાહ્મણ પરિવારના ત્રણ સભ્યએ જીવ ગુમાવ્યા હતા. આ બ્રાહ્મણ પરિવાર સુરતથી કાર દ્વારા પોતાના વતન પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન તેમની કાર કોઈ અજાણ્યા વાહન સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ કરૂણ ઘટનામાં ૪૩ વર્ષીય હેમંતકુમાર નટવરલાલ પંડ્યા, તેમના પત્ની કિંજલબેન પંડ્યા (૩૮ વર્ષ) અને ૧૭ વર્ષીય પુત્ર આયુષ પંડ્યાને ગંભીર ઈજાઓ પહોંચતા કરૂણ મોત નીપજ્યાં હતાં. જ્યારે પરિવારની ૧૪ વર્ષીય પુત્રી જૈનીશાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક ગોધરા સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ વેજલપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. એક પરિવારના ત્રણ સભ્યના અકાળે અવસાનથી મુડાવડેખ ગામ અને બ્રાહ્મણ સમાજમાં ઘેરા શોકની લાગણી ફરી વળી હતી.

# રાજકોટ શહેરમાં ૧૨૨ બાળલગ્ન, લગ્ન નોંધણીની અરજીઓએ કર્યો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લગ્ન માટે યુવતીની ઉંમર ૧૮ને બદલે ૨૧ કરવાની ભલામણો અને વિચારણા વચ્ચે એક ચોંકાવનારી માહિતી રાજકોટ શહેરમાંથી મળી છે. અહીં લગભગ ૧૨૨ જેટલા લગ્નમાં પતિ અથવા પત્ની અથવા બન્ને સગીરવયના હોવાની માહિતી બહાર આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને મળતી લગ્ન નોંધણી માટેની સેંકડો અરજીની ચોક્કસાઈપૂર્વક તપાસ કરતા આ મામલો પ્રકાશમાં આવ્યો હતો.

આ ઘટનાની બહાર આવેલી માહિતી અનુસાર વર્ષ ૨૦૨૫થી એપ્રિલ ૨૦૨૬ સુધીમાં રાજકોટ મનપાના આરોગ્ય વિભાગને લગ્ન નોંધણી માટે સેંકડો ઑનલાઈન અરજીઓ આવી હતી. આ અરજીઓની ચકાસણી કર્યા બાદ તેની નોંધણી થતી હોય છે. નોંધણીની ચકાસણી સમયે અધિકારીઓના ધ્યાનમાં આવ્યું હતું કે યુગલો દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોમાં તેમની ઉંમર અનુક્રમે ૧૮ અને ૨૧થી ઓછી છે. અમુક કિસ્સાઓમાં પતિ-પત્ની બન્ને સગીરવયના છે તો અમુક કિસ્સાઓમાં યુવક અથવા યુવતી સગીરવયના હોવાની માહિતી બહાર આવી હતી. પુખ્તવય મર્યાદાની જોગવાઈનો ભંગ કરી આ લગ્નો થયા હોવાથી તેમના લગ્ન પ્રમાણપત્રો નામંજૂર કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

જોકે ચોંકાવનારી વિગતો એવી પણ બહાર આવી છે કે આ યુગલોમાંથી અમુક આ તપાસમાં સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે, આ ૧૨૨ સગીર યુગલો પૈકીના અનેક કિસ્સાઓમાં તો યુગલોને બાળકો પણ થઈ ગયા છે. હવે જ્યારે બાળકોના જન્મના દાખલા કે અન્ય સરકારી કામકાજ માટે મેરેજ સર્ટિફિકેટની જરૂર પડી ત્યારે તેઓએ નોંધણી કરાવવા અરજી કરી હતી. જોકે, ઉંમર ઓછી હોવાને કારણે હવે આ યુગલો માટે કાયદાકીય મુશ્કેલીઓ વધવાના એંધાણ છે

રાજકોટ મનપાના આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે કાયદા મુજબ નિર્ધારિત ઉંમર વગર થયેલા લગ્નોની નોંધણી થઈ શકે નહીં. આ ઘટસ્ફોટ બાદ હવે સામાજિક સંસ્થાઓ અને આરોગ્ય વિભાગ બાળલગ્ન અટકાવવા માટે વધુ કડક પગલાં ભરે તેવી શક્યતા છે.

# અમદાવાદ સબ રજિસ્ટ્રાર કચેરીના ત્રણ કર્મચારી ₹૨.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભ્રષ્ટ સરકારી કર્મચારીઓને ઝડપી પાડવા અને તંત્રમાં ઘર ગઈ ગયેલા ભ્રષ્ટાચારને ઝેર કરવા માટે એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી) સક્રિય બન્યું છે. આ દરમિયાન શહેરના નરોડા વિસ્તારમાં આવેલી અસારવા સબ રજિસ્ટ્રાર નરોડા-૬ કચેરીમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ખાસ છટકું ગોઠવીને ₹૨.૫૦ લાખની લાંચ લેતા ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

૪ મે, ૨૦૨૬ના રોજ એક જાગૃત નાગરિકની ફરિયાદના આધારે સબ રજિસ્ટ્રાર કચેરી પાસે છટકું ગોઠવવામાં આવ્યુ હતું. જેમાં આ કેસના ફરિયાદીએ પોતાના રહેણાક મકાનના દસ્તાવેજની પ્રક્રિયા માટે કચેરીની જરૂરી પ્રક્રિયા અનુસરી ત્યારે સબ રજિસ્ટ્રાર આકાશ અમૃતભાઈ દેસાઈએ દસ્તાવેજમાં ક્ષતિ બતાવી હતી. બાદમાં કચેરીમાં સીક્કા ઓપરેટર તરીકે કાર્યરત જય બળદેવભાઈ આદિવાસીએ ફરિયાદીને વોટ્સએપ કોલ કરી જણાવ્યું હતું કે તેમનું કામ સરળતાથી થઈ જશે અને કલેક્ટર કચેરીમાંથી કલમ ૭૩(એએ)નું સર્ટિફિકેટ લાવવાની જરૂર રહેશે નહીં.

ત્યારબાદ જય આદિવાસી અને સર્ચ ઓપરેટર રાહીલ શૈખે ફરિયાદીને મળી ટોકન અનલોક કરવા માટે પ્રથમ તબક્કામાં રૂ.૩૫,૦૦૦ ઓનલાઇન ક્યુઆર કોડ મારફતે વસૂલ્યા હતા. ત્યારબાદ મુખ્ય આરોપી સબ રજિસ્ટ્રારના આકાશ અમૃતભાઈ દેસાઈના કહેવાથી આરોપી જય આદિવાસી અને સર્ચ ઓપરેટર રાહીલ દ્વારા કુલ ₹૨.૫૦ લાખની લાંચની માગણી કરવામાં આવી હતી.

ફરિયાદી લાંચ આપવા ઇચ્છતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીએ ટ્રેપ ગોઠવ્યો હતો. ટ્રેપ દરમિયાન જય આદિવાસીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી હતી અને સબ રજિસ્ટ્રાર વતી રકમ સ્વીકારવાની વ્યવસ્થા કરી હતી. આ દરમ્યાન જય આદિવાસી અને નરેન્દ્ર ઉર્ફે સોનુ રામકરણ બોહરાએ મળીને સ્થળ પર ₹૨.૫૦ લાખની લાંચ સ્વીકારી હતી.

એસીબીની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી સ્થળ પરથી ₹૨.૫૦ લાખની રકમ કબ્જે કરી અને સબ રજિસ્ટ્રાર આકાશ દેસાઈ, જય આદિવાસી તથા નરેન્દ્ર બોહરાને ઝડપી પાડ્યા હતા. જ્યારે રાહીલ શૈખની ભૂમિકા અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## સ્પોર્ટ્સ

# ચેન્નઈનો આઠ વિકેટથી વિજય

નવી દિલ્હીઃ ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬માં ૪૮મી મેચ દિલ્હી કેપિટલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ હતી. ચેન્નઈ સુપર કિંગ્સે ૮ વિકેટથી જીત મેળવી હતી. આ મેચ અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. દિલ્હીએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. દિલ્હીએ ૭ વિકેટ ગુમાવીને ૧૫૫ રન કર્યા હતા. જેના જવાબમાં ચેન્નઈએ બે વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. ચેન્નઈની જીતને હીરો સંજૂ રહ્યો હતો જેણે અણનમ ૮૭ રન ફટકાર્યા હતા. કાર્તિક શર્માએ અણનમ ૪૧ રન કર્યા હતા.

અગાઉ ઈન્ડિયન પ્રિમીયર લીગ ૨૦૨૬માં દિલ્હી કેપિટલ્સે ચેન્નઈ સુપરકિંગ્સને જીતવા માટે ૧૫૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. દિલ્હીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને ઇમ્પેક્ટ પ્લેયર સમીર રિઝવીની શાનદાર ઇનિંગની મદદથી તેઓએ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૫ રન કર્યા હતા.

# 'રાધે-રાધે, ગુરુ દેવની કૃપા... જયશ્રી રામ'

## પ્રથમ વિકેટ લીધા બાદ મુંબઈના બોલરે દુનિયાને બતાવી ઈમોશનલ નોટ

મુંબઈઃ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં લખનઊ સુપરજાયન્ટ્સ સામેની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા લેગ-સ્પિનર રઘુ શર્માએ પોતાની પ્રથમ આઈપીએલ વિકેટ ઝડપી હતી. રઘુ શર્માએ ચેન્નઈ સુપર કિંગ્સ સામેની છેલ્લી મેચમાં આઈપીએલમાં ડેબ્યૂ કર્યું હતું.

પોતાની પહેલી વિકેટ લીધા પછી રઘુએ પોતાના ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો જેના પર એક નોટ લખી હતી. હવે આ નોટની વ્યાપક ચર્ચા થઈ રહી છે. રઘુએ લખનઉ સામે ચાર ઓવરમાં ૩૬ રન આપ્યા અને એક વિકેટ લીધી હતી. ચેન્નઈ સામે તેણે ચાર ઓવરમાં ૨૪ રન આપ્યા પરંતુ એક પણ વિકેટ મળી નહોતી.

રઘુએ લખનઉના અક્ષત રઘુવંશીને પોતાનો પહેલો શિકાર બનાવ્યો હતો. અક્ષત પણ પોતાની પહેલી આઈપીએલ મેચ રમી રહ્યો હતો. આ મેચમાં રઘુએ ૧૩મી ઓવરના પહેલા બોલે અક્ષતને આઉટ કરી પોતાની પ્રથમ આઈપીએલ વિકેટ લીધી હતી. વિકેટ લીધા પછી રઘુએ ખિસ્સામાંથી કાગળની એક સ્લિપ કાઢીને ઉજવણી કરી જેના પર એક નોટ લખેલી હતી. નોટના અંતે લખ્યું હતું, ''જય શ્રી રામ.''

રઘુએ કાગળમાં લખ્યું હતું, ''રાધે-રાધે. ગુરુદેવની કૃપાથી ૧૫ વર્ષની પીડાદાયક સફર આજે સમાપ્ત થઈ ગઈ છે. આ તક આપવા બદલ આભાર, મુંબઈ ઈન્ડિયન્સ. જય શ્રી રામ.'' નોંધનીય છે કે મુંબઈએ લખનઉને છ વિકેટે હાર આપી હતી.

# આઈસીસી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં ભારતનો દબદબો યથાવત્

દુબઈ : ભારતે મંગળવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ટી-૨૦ આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. ભારતે માર્ચમાં ટી-૨૦ વર્લ્ડ કપના ટાઇટલનો સફળતાપૂર્વક બચાવ કરનારી પ્રથમ ટીમ બનીને ઇતિહાસ રચ્યો હતો. તેઓએ રેકોર્ડ ત્રીજી વખત ટાઇટલ પણ જીત્યું હતું. ભારતે શ્રીલંકા સાથે મળીને આ ટૂર્નામેન્ટનું આયોજન કર્યું હતું. આઈસીસીએ તેની વેબસાઇટ પર જણાવ્યું હતું કે, ''તાજેતરના રેન્કિંગમાં મે, ૨૦૨૫ પછી રમાયેલી બધી મેચોને ૧૦૦ ટકા વેટ અને છેલ્લા બે વર્ષથી રમાયેલી મેચોને ૫૦ ટકા વેટ આપવામાં આવે છે.'' આઈસીસીએ કહ્યું હતું કે, ''૨૭૫ પોઈન્ટ સાથે ટોચ પર રહેલા ભારતની ઈંગ્લેન્ડ (૨૬૨ પોઈન્ટ) પરની લીડ એક પોઈન્ટ ઘટી છે જ્યારે ૨૫૮ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહેલ ઓસ્ટ્રેલિયા ઈંગ્લેન્ડની નજીક પહોંચી ગયું છે.''

# સતત બે હાર બાદ હૈદરાબાદ સામે ટકરાશે પંજાબ, બેટિંગમાં કરવું પડશે શાનદાર પ્રદર્શન

હૈદરાબાદઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે. મેચ ભારતીય સમયાનુસાર સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. પંજાબ કિંગ્સને ખરાબ બેટિંગના કારણે છેલ્લી બે મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. સતત છ મેચ જીતી ચૂકેલી પંજાબ કિંગ્સને છેલ્લી બે મેચમાં હાર મળી છે. આ હારથી છતી થયેલી નબળાઈઓને વહેલી તકે દૂર કરવાની જરૂર પડશે.

જોકે પંજાબ કિંગ્સ નવ મેચમાંથી ૧૩ પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે કારણ કે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી), સનરાઇઝર્સ હૈદરાબાદ, રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ બધા તેમનાથી માત્ર એક પોઈન્ટ પાછળ છે. પંજાબ કિંગ્સની બેટિંગ નિષ્ફળતાઓને કારણે તેમની છેલ્લી કેટલીક મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. છેલ્લી મેચોમાં તેમના બેટ્સમેનોએ તેમના આક્રમક અભિગમનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. બેટિંગના સારા પ્રદર્શને આ મેચોમાં તેમની બોલિંગ ખામીઓને મોટાભાગે છૂપાવી દીધી છે. પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ અને કૂપર કોનોલીની આક્રમક રણનીતિ છેલ્લી બે મેચમાં નિષ્ફળ રહી છે. આના કારણે શરૂઆતમાં જ નિષ્ફળતાઓ મળી છે, જેના કારણે મિડલ ઓર્ડરને ઇનિંગ્સને સ્થિર કરવાની જવાબદારી પોતાના માથે લેવી પડી હતી. ટોચના બેટ્સમેનોની નિષ્ફળતા પછી પંજાબ કિંગ્સનો મિડલ ઓર્ડર પણ અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયો, જ્યારે તેમની બોલિંગ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન નબળી રહી છે.

# રાજસ્થાન રોયલ્સ ડીલ પર સોમાની ગ્રૂપે તોડ્યું મૌન, લગાવ્યા ગંભીર આરોપ

નવી દિલ્હીઃ મિત્તલ પરિવાર અને અદાર પૂનાવાલાએ આઈપીએલ ફ્રેન્ચાઇઝી રાજસ્થાન રોયલ્સની ખરીદી કરી હોવાના થોડા દિવસ બાદ અમેરિકાના કાલ સોમાની ગ્રૂપે કહ્યું છે કે તેણે રાજસ્થાન રોયલ્સ પર લગાવેલી પોતાની બોલી પરત લીધી નથી. તેમને વેચાણની પ્રક્રિયામાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. માર્ચમાં કાલ સોમાનીએ રાજસ્થાન રોયલ્સને રેકોર્ડ ૧.૬૩ બિલ્યન અમેરિકન ડૉલરમાં ખરીદવા પર સહમત થયા હતા. આ ડીલ આઈપીએલ ૨૦૨૬ પછી પૂર્ણ થવાની સંભાવના હતી.

કાલ સોમાનીના નેતૃત્વ હેઠળના જૂથે ઉદ્યોગપતિ લક્ષ્મી એન મિત્તલના નેતૃત્વ હેઠળના જૂથ સામે રાજસ્થાન રોયલ્સને ખરીદવાની ડીલ હારી જવા પર નિરાશા વ્યક્ત કરી હતી અને એ વાતનો ઈનકાર કર્યો હતો કે તેઓ હરાજીની પ્રક્રિયામાંથી હટી ગયા નહોતા અને કહ્યું કે અંતિમ પરિણામ ''નિષ્પક્ષ સ્પર્ધા''ને દર્શાવતા નથી.

રાજસ્થાન રોયલ્સ ફ્રેન્ચાઇઝી અનુસાર, લક્ષ્મી મિત્તલ અને તેમના પુત્ર આદિત્ય મિત્તલે, વેક્સિન નિર્માતા અદાર પૂનાવાલા સાથે મળીને રાજસ્થાન રોયલ્સમાં ૧.૬૫ બિલિયન અમેરિકન ડોલર (લગભગ ૧૫,૬૦૦ કરોડ)માં મોટી હિસ્સેદારી હાંસલ કરી હતી. કારણ કે સોમાની (ટેકનોલોજી ઉદ્યોગસાહસિક), રોબ વાલ્ટન (વોલમાર્ટ ગ્રૂપ) અને શીલા ફોર્ડ હેમ્પ (ફોર્ડ ગ્રૂપ) ના જૂથે પોતાનું નામ પરત લઈ લીધું હતું.

સોમાનીના નેતૃત્વ હેઠળના જૂથે એક નિવેદનમાં કહ્યું હતું કે ''છ મહિનાની લાંબી પ્રક્રિયા દરમિયાન અમે શરૂઆતથી અંત સુધી અગ્રણી બોલી લગાવનારા હતા અને એવામાં રાજસ્થાન રોયલ્સની માલિકીનો હિસ્સો નહીં બનવા પર અત્યંત નિરાશ છીએ. અમારા જૂથને સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું અને માલિકી હસ્તગત કરવા માટે તૈયાર હતા. અમારું જૂથ ચોક્કસપણે સોદો પૂર્ણ કરવા માટે તૈયાર હતું. અમે ક્યારેય અમારી બોલી પાછી ખેંચી નથી.''

જૂથે કહ્યું કે તેમની પાસે બધા દસ્તાવેજો છે અને તેમને જાણ કરવામાં આવી હતી કે ફ્રેન્ચાઇઝની બોર્ડ મીટિંગ શનિવારે તેની બોલીને મંજૂરી આપવા માટે સુનિશ્ચિત કરવામાં આવી હતી. પરંતુ આખરે તે બન્યું નહીં.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 106 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 May 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૬ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતને અબજો રૂપિયાના પ્રોજેક્ટ્સની કેન્દ્રની ભેટ

OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE + ₹250 PER GRAM EXTRA ON EXCHANGE OF OLD GOLD
TODAY'S GOLD RATE
₹ 13,635/-
PER 1 GRAM OF 22KT
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
*T&C Apply

## સુરત, ધોલેરામાં બે સૅમિકન્ડક્ટર યુનિટ, વાડીનારમાં જહાજ રિપેર ફેસિલિટી શરૂ કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્રે ગુજરાતમાં રૂપિયા ૩,૯૩૬ કરોડના રોકાણ સાથે સુરત અને ધોલેરામાં બે નવા સૅમિકન્ડક્ટર યુનિટ શરૂ કરવા તેમ જ રૂપિયા ૧,૫૭૦ કરોડના ખર્ચે જહાજોના સમારકામની સુવિધા શરૂ કરવા મંગળવારે મંજૂરી આપી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે કેન્દ્રના પ્રધાન મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

ગુજરાતમાં કુલ રૂપિયા ૩,૯૩૬ કરોડના રોકાણ સાથે નવા સૅમિકન્ડક્ટર યુનિટ શરૂ કરવામાં આવશે જેને કારણે ૨,૨૩૦ કુશળ વ્યાવસાયિકો માટે રોજગારની નવી તક ઊભી થશે.

ક્રિસ્ટલ મેટ્રીક્સ લિ. (સીએમએલ) મીની-માઈક્રો એલઈડી ડિસ્પ્લે મૉડ્યુલ્સના ઉત્પાદન માટે ધોલેરામાં એટીએમપી અને કમ્પાઉન્ડ સૅમિકન્ડક્ટર ફેબ્રિકેશન માટે ઈન્ટિગ્રેટેડ ફેસિલિટ ઊભી કરશે. સૂચિ સેમિકોન પ્રા. લિ. (એસએસપીએલ)

(જુઓ પાનું ૨) ▸▸

## ઍરલાઈન્સ, લઘુ ઉદ્યોગ માટે ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગૅરન્ટી સ્કીમ જાહેર

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિને કારણે ઊભા થયેલા પડકારો વચ્ચે કંપનીઓની વર્કિંગ કેપિટલની જરૂરિયાત પૂરી કરવામાં મદદરૂપ થવા સરકારે મંગળવારે ઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગૅરન્ટી સ્કીમ (ઈસીએલજીએસ), એમએસએમઈ, ઍરલાઈન્સ, માટે રૂ. ૧૮,૧૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી. આ સ્કીમ પ્રધાનમંડળ દ્વારા મંગળવારે મંજૂર કરવામાં આવેલા રૂ. ૫,૦૦૦ કરોડ સહિત રૂ. ૨.૫૫ લાખ કરોડનો એડિશનલ ક્રેડિટ ફ્લો વધારવામાં મદદરૂપ થશે એવી ધારણા છે.

## ગુજરાતમાં અનેક ઠેકાણે ભારે પવન સાથે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં કચ્છ, અમરેલી, ગીર, દાહોદ, અરવલ્લી અને મહીસાગરમાં મંગળવારે ભારે પવન સાથે વરસાદ પડયો હતો. ગુજરાતનાં મોટાભાગના શહેરો ૩૮થી ૪૨ ડિગ્રી મહત્તમ તાપમાનમાં તપી રહ્યા છે ત્યારે સોમવાર મોડી રાતથી રાજ્યના વાતાવરણમાં પલટો નોંધાયો હતો. સોમવારે સુરેન્દ્રનગર જિલ્લાના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. ત્યારબાદ મંગળવારે રાજ્યમાં અનેક તાલુકામાં વરસાદ પડ્યો હતો. સવારના પહોરમાં જ ૧ ઇંચ સુધી વરસાદ ખાબક્યો હતો. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, સવારે ૬ થી ૮ કલાક દરમિયાન દાહોદના ફતેપુરામાં ૦.૭૯ ઇંચ, સુખસરમાં ૦.૪૭ ઇંચ તથા સંતરામપુરમાં ૦.૩૯ ઇંચ વરસાદ પડ્યો હતો. મંગળવારે સવારે છથી સાંજે છ વાગ્યા દરમિયાન અમરેલીના ધારીમાં ૦.૧૬ ઇંચ અને રાજકોટના જામકંડોરણામાં ૦.૦૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. મોડી સાંજથી અમુક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદના અહેવાલો મળ્યા હતા. કચ્છના ભચાઉમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. આ સાથે ગીર-ગઢડા અને ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ વરસ્યો હતો.

મહેસાણાના ખેરાલુ અને અરવલ્લીના મેઘરજ અને માલપુર સહિત શામળાજીના વાતાવરણમાં પલટો આવ્યો હતો. ખેરાલુ અને સતલાસણા પંથકમાં વહેલી સવારે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયાં હતાં. આકાશમાં વાદળો ઘેરાતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. દાહોદ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. દાહોદ, ઝાલોદ, લીમડી,મીરાખેડી, વરોડ અને ડુંગરી સહિતના વિસ્તારોમાં ભારે પવન અને વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યાના અહેવાલ છે. દાહોદના લીમડીયા ગામમાં વહેલી સવારે વાવાઝોડા જેવો પવન

(જુઓ પાનું ૨) ▸▸

**આંતરધર્મીય લગ્ન અંગે મહત્ત્વનો ચુકાદો**

## પારસી મહિલાઓનો સામાજિક બહિષ્કાર ગેરકાયદેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ આંતરધર્મીય લગ્ન અંગે મહત્ત્વનો ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે આંતરધર્મીય લગ્ન કરનાર પારસી મહિલાઓનો સામાજિક બહિષ્કાર ગેરકાયદે અને પ્રથમદર્શી રીતે ભેદભાવયુક્ત છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તના વડપણ હેઠળની નવ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૫ (૧) વ્યક્તિને જન્મથી જ પોતાના અંતરાત્મા, નૈતિક મૂલ્યો અને માન્યતાઓ મુજબ વિચારવાની તેમ જ નિર્ણય લેવાની સ્વતંત્રતાનો અધિકાર આપે છે અને લગ્નને કારણે તે અધિકાર પાછો છીનવી નથી શકાતો.

હિન્દુ પુરુષ સાથે પરણેલી અને સામાજિક બહિષ્કારનો સામનો કરી રહેલી પારસી મહિલા વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ દારાયસ

(જુઓ પાનું ૨) ▸▸

## કચ્છમાં ભૂકંપ

### ભચાઉ અને રાપરમાં એક સપ્તાહમાં ત્રણ કંપન નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૂકંપ ઝોન-૬માં સમાવાયેલા કચ્છ જિલ્લામાં લાંબા સમયની શાંતિ બાદ ફરી એકવાર ધરા ધ્રૂજતા લોકોમાં ચિંતા પ્રસરી હતી. વીતેલા એક સપ્તાહ દરમિયાન જિલ્લામાં ૨ થી લઈને ૩.૧ની તીવ્રતાના કુલ ત્રણ ભૂકંપના આંચકા સિસ્મોગ્રાફી મશીન પર અંકિત થયા છે, જેમાં ગત મધરાત્રે ભચાઉ પંથકમાં અનુભવાયેલો ૩.૧ની તીવ્રતાનો આંચકો મુખ્ય રહ્યો હતો.

ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટરના જણાવ્યા અનુસાર, સોમવારે મધરાત્રે બરાબર ૩:૦૦ વાગ્યે ભચાઉથી ઉત્તર-પૂર્વ દિશામાં ૬ કિમી દૂર વોંધ

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં કરોડો રૂપિયાનું સાયબર ફ્રોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે તેમણે ૫૩ કરોડ રૂપિયાથી વધુના સાયબર ફ્રોડ રેકેટના સંબંધમાં ગુજરાતના ૧૦ જણની ધરપકડ કરી હતી. ગાંધીનગર સ્થિતિ સાયબર સેન્ટર ઑફ એક્સેલન્સની ટીમે આ રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

ધરપકડ કરાયેલા એક આણંદના રહેવાસી આરોપી સાહિલમિયા શબ્બીરમિયા મલેકે, પેટલાદ શહેરના સલમાન વોહરાનું કર્ણાટક બૅંક ખાતાની વિગતો પૂરી પાડી હતી. સલમાન વોહરા મુંબઈના એનસીપી નેતા બાબા સિદ્દીકીના હત્યાનો આરોપી હોવાનું પણ જાણવા મળ્યું છે. ટેક્નિકલ દેખરેખના આધારે, ટીમે ૧૦ મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી જેઓ સાયબર ગુનાઓ દ્વારા મેળવેલા નાણાંનું મેનેજમેન્ટ કરીને કમિશન પર કામ કરતા હતા. તપાસ દરમિયાન એવું જાણવા

(જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં મતની લૂંટ ચલાવાઈ હતીઃ મમતા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં વિદાય લઈ રહેલાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મતની લૂંટ ચલાવાઈ હતી. વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જનાદેશ નહીં, પરંતુ એક કાવતરું હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

બંગાળની ચૂંટણીનાં પરિણામોએ ઈતિહાસમાં એક કાળું પ્રકરણ ઉમેર્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ ખલનાયક બની ગયા હતા. પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે હું શા માટે રાજીનામું આપું? અમે હાર્યા નથી, મતની લૂંટ ચલાવાઈ છે તો પછી રાજીનામું આપવાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે. જનાદેશથી નહીં,

(જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ ૧૯૯૩ના ધડાકા કેસમાં ૧૨ને દોષી ઠેરવતી કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૧૯૯૩ના મુંબઈ બૉમ્બ બ્લાસ્ટ કેસમાં જામનગર ટાડા કોર્ટે ૧૨ને દોષિત ઠેરવ્યા હતા. બાબરી ધ્વંસનો બદલો લેવા માટે ભારતમાં આતંક મચાવવાના ઈરાદે પાકિસ્તાનથી ઘડાયેલા ગોસાબારા આર.ડી.એક્સ. અને હથિયાર લેન્ડિંગ કેસમાં જામનગરની સ્પેશિયલ ટાડા કોર્ટે ૧૨ને દોષિત જાહેર કર્યા હતા. વર્ષ ૧૯૯૩માં પોરબંદરના દરિયાકાંઠે મોટાપાયે વિસ્ફોટકો અને ઘાતક હથિયારો ઉતારી દેશના વિવિધ ભાગોમાં મોકલવાના આ મસમોટા કાવતરામાં સંડોવાયેલા સ્થાનિક અને આંતરરાજ્ય શખ્સો સામેનો ગુનો સાબિત થયો હતો. આ ચુકાદા સાથે આતંકવાદી પ્રવૃત્તિઓ વિરુદ્ધ ગુજરાત સરકારને મોટી સફળતા મળી હોવાનું માનવામાં આવે છે.

૩૩ વર્ષ જૂના આ કેસમાં જામનગરની સ્પેશિયલ ડેઝિગ્નેટેડ (ટાડા) અદાલતના ન્યાયાધીશ આર. પી. મોગેરાએ ૧૨ આરોપીઓને સજા ફટકારી હતી. ૧૦ આરોપીઓને ૫ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૫,૦૦૦નો દંડ જ્યારે ૨ આરોપીઓને ૭ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૮,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતા. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમ, તેના ભાઇ અનિશ અને ટાઇગર મેમણ સહિતનાં ૧૫ આરોપીઓને ટાડા કોર્ટ દ્વારા ભાગેડુ જાહેર કરાયા હતા.

ગોસાબારા લેન્ડિંગ કેસ તરીકે ઓળખાતા આ કેસમાં કુલ ૪૬માંથી ૧૧ આરોપીઓ કેસ ચાલવા દરમિયાન મૃત્યુ પામ્યાં હતાં. ૬ આરોપીઓને સુપ્રીમ કોર્ટના હુકમથી ડિસ્ચાર્જ કરાયા હતા. બાકીના ૨૯ આરોપીઓ સામે જામનગરની સ્પેશિયલ ટાડા કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવી હતી.

પ્રોસીક્યુશન પક્ષ તે સાબિત કરવામાં સફળ રહ્યો હતો કે દુબઈમાં દાઉદ ઈબ્રાહીમના ઘરે આ કાવતરું ઘડાયું હતું અને પાકિસ્તાનની મદદથી તેને અંજામ આપવામાં આવ્યો હતો. તપાસની વિગતો મુજબ, ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી ધ્વંસ બાદ દેશમાં અરાજકતા ફેલાવવા માટે દાઉદ ઈબ્રાહીમ અને મુસ્તુફા ડોસાએ જામનગર અને કચ્છના શખ્સોની મદદથી દરિયાઈ માર્ગે હથિયારો ઘુસાડ્યાં હતાં. 'સદા અલ બહાર' નામની બોટ મારફતે કરાચી નજીક પાકિસ્તાની મરીન સિક્યુરિટીની બોટમાંથી આરડીએક્સ, ૧૫૦ હથિયારો અને હેન્ડ ગ્રેનેડનો જથ્થો મેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ આ જથ્થો પોરબંદરના ગોસાબારા

(જુઓ પાનું ૨) ▸▸

# અખાતમાં ફરી લડાઈ

### ▸ યુએઈના પેટ્રોલિયમ ઝોન પર હુમલોઃ ત્રણ ભારતીય ઘાયલ
### ▸ લેબેનોન પર ઈઝરાયલનો હુમલો, ૧૭નાં મોત

દુબઈઃ ઈરાને સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)ના ફુજૈરાહ પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝ ઝોન પર મિસાઈલ અને ડ્રોનથી કરેલા હુમલામાં ત્રણ ભારતીય ઘાયલ થયા હતા, જ્યારે બહેરીનમાં દુશ્મનોના હુમલાની ચેતવણી આપતી સાઈરન મંગળવારે અનેક વખત વગાડાઈ હતી. તહેરાને આક્ષેપ કર્યો હતો કે અમેરિકાના નૌકાદળે સામાન લઈ જતી બે વેપારી નૌકા પર કરેલા હુમલામાં પાંચ જણ માર્યા ગયા હતા. દરમિયાન ઈઝરાયલે લેબેનોન પર નવેસરથી કરેલા હુમલામાં ૧૭ જણ માર્યા ગયાં હતાં.

દક્ષિણ ઈરાનના 'ડેયર' બંદર પર અનેક વેપારી જહાજમાં આગ લાગી ગઈ હતી જેને બુઝાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે તો લેબેનોન પર ઈઝરાયલે કરેલા હુમલામાં ૧૭ જણનાં મોત થયાં બાદ તણાવ વધી ગયો છે.

ઈરાનની સંસદના સ્પીકર અને મુખ્ય પ્રવક્તા મોહમ્મદ બાઘેર ગાલિબાફનું કહેવું છે કે હોર્મુઝ સામુદ્રધુનીમાં એક નવું સમીકરણ બની રહ્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે હવે જહાજોની

(જુઓ પાનું ૨) ▸▸

# રશિયા-યુક્રેનનો યુદ્ધવિરામ

## મોસ્કો અને કિવે લડાઈ રોકવા અલગ તારીખો જાહેર કરી

મોસ્કોઃ રશિયા અને યુક્રેને મોસ્કોના વિજયદિનની ઉજવણી પહેલાં બે અલગ તારીખે યુદ્ધવિરામ જાહેર કર્યા છે. આ વિરામ એકમેક સાથે સંકલન કર્યા વિના જાહેર કરવામાં આવ્યા છે. જે યુદ્ધ દરમિયાનની પેટર્ન રહી છે. બન્નેની જાહેરાતમાં ટેક્નિકલ ફરક ઉપરાંત ઘણાં વિરોધાભાસ છે. આ જાહેરાતો એકમેકમાં હેતુ, સમય અને બજાવણી અંગે રહેલો અવિશ્વાસ દર્શાવે છે.

સૌથી પહેલા રશિયાના સંરક્ષણ ખાતાએ બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીના નાઝી પરના વિજયની ૮૧મી જયંતીની ઉજવણી માટે શુક્રવારે અને શનિવારે એકપક્ષી યુદ્ધવિરામ જાહેર કર્યો હતો. જોકે રશિયાએ આ સાથે એવી ચેતવણી આપી હતી કે જો કિવ વિજયદિનની ઉજવણીમાં વિક્ષેપની કોશીશ કરશે તો રશિયા કિવના મધ્યમાં મોટો મિસાઈલ હુમલો કરશે. બીજી બાજુ આના જવાબમાં યુક્રેનના પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે મારો દેશ બુધવારના બપોરના બાર વાગ્યાથી યુદ્ધવિરામનું પાલન કરશે.

રશિયા મોસ્કોના રેડ સ્કવેરમાં પરંપરાગત લશ્કરી પરેડ વડે તેની સૌથી મહત્ત્વની સેક્યુલર રજાની ઉજવણી કરશે. રશિયાને ઉજવણી દરમિયાન યુક્રેનના ડ્રોન હુમલાનો ડર હોવાથી આ દેશે બે દિવસનો યુદ્ધવિરામ જાહેર કર્યો છે.

ઈસ્ટર વખતે પણ આવા યુદ્ધવિરામ થાય છે.

ઝેલેન્સ્કીએ આનો પ્રતિસાદ પડતાં કહ્યું હતું કે અમને બુધવાર રાત સુધી યુદ્ધવિરામની કોઈ વિનંતી મળી નથી. યુદ્ધવિરામની ઉજવણી થશે

(જુઓ પાનું ૨) ▸▸

## ચીનમાં ફટાકડાના કારખાનામાં ધડાકા સાથે આગઃ ૨૬ મોત, ૬૧ ઘાયલ

લિયુયાંગ (ચીન): ચીનના હુનાન પ્રાંતના લિયુયાંગ શહેરમાં ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ થતા ઓછામાં ઓછા ૨૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે ૬૧ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

મળતી માહિતી મુજબ, આ અકસ્માત લિયુયાંગમાં આવેલી 'હુઆશેંગ ફટાકડા મેન્યુફેક્ચરિંગ એન્ડ ડિસ્પ્લે કંપની'ના એક વર્કશોપમાં થયો હતો. આ વિસ્તાર ફટાકડાના મોટા પાયે ઉત્પાદન માટે જાણીતો છે. વિસ્ફોટ સમયે ફેક્ટરીમાં અનેક મજૂરો કામ કરી રહ્યા હતા.

ચીનના પ્રમુખ શી જિનપિંગે આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી તેજ કરવા નિર્દેશ આપ્યા છે. તેમણે લાપતા લોકોની શોધખોળ કરવા અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર મળે તે સુનિશ્ચિત કરવા સત્તાવાળાઓને આહવાન કર્યું છે. ચીનમાં ફટાકડા ફેક્ટરીઓમાં સુરક્ષાના ધારાધોરણોના અભાવે અવારનવાર આવા અકસ્માતો સર્જાતા હોય છે, જેને લઈને હવે વહીવટીતંત્ર સામે સવાલો ઊઠી રહ્યા છે.

વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ કિલોમીટરો સુધી

(જુઓ પાનું ૨) ▸▸

## કોલકાતાના ડીસીપી સામે લુક આઉટ નોટિસ

કોલકાતા : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર શાંતનુ સિંહા બિશ્વાસ સામે લુકઆઉટ નોટિસ જારી કરી છે, એમ એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. બિશ્વાસ દ્વારા ઇડીએ જારી કરેલા અનેક સમન્સને ટાળ્યા બાદ આ લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે બિશ્વાસ દ્વારા ભારત છોડવાના કોઈપણ સંભવિત પ્રયાસને રોકવા માટે એરપોર્ટ, રેલવે સ્ટેશન અને અન્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ પર નોટિસ મોકલવામાં આવી છે.

''તેમને પાંચ વખત એજન્સી સમક્ષ હાજર થવા માટે નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તેઓ એક પણ વખત હાજર થયા ન હતા. તેમના સતત અસહકારને કારણે, અમને શંકા છે કે તેઓ વિદેશ જઈને તપાસથી

(જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં ભાજપની બેઠકો વધીને ૨૦૭ થઈ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક જનાદેશ પછી મંગળવારે ભાજપની ૨૯૪ સભ્યની વિધાનસભામાં બેઠક ૨૦૬થી વધીને ૨૦૭ થઈ હતી. રાજરહાટ-ન્યૂ ટાઉન બેઠકમાં ભાજપે ભારે રસાકસી બાદ વિજય મેળવ્યો હતો.

ભાજપના પીયુષ કનોડિયાએ તૃણમૂલ કૉંગ્રેસના બે વખતના વિજેતા તાપશ ચેટરજીને ૩૦૯ મતની પાતળી સરસાઈથી હરાવ્યા હતા. આને લીધે પક્ષની બેઠક ૨૦૭ થઈ હતી. ગણતરીના ૧૮ રાઉન્ડ બાદ કનોડિયાને ૧,૦૬,૫૬૪ અને ચેટરજીને ૧,૦૬,૨૫૫ મત મળ્યા હતા.

ચૂંટણી પંચનાં સૂત્રોએ કહ્યું હતું કે ભાજપના ઉમેદવારને ટૂંક સમયમાં વિજેતા જાહેર કરવામાં આવશે. સોમવારે ભાજપે બે તૃતીયાંશ બહુમતી

(જુઓ પાનું ૨) ▸▸

## બ્રાઝિલનું વિમાન ઈમારત સાથે અથડાયું

બેલો હોરિઝોન્ટે : બ્રાઝિલના બેલો હોરિઝોન્ટે શહેરમાં સોમવારે એક દુઃખદ અકસ્માત થયો હતો, જે અમેરિકામાં થયેલા ૯/૧૧ હુમલાની જેમ એક નાનું વિમાન અચાનક એક રહેણાક ઇમારત સાથે અથડાયું હતું, જેમાં ત્રણ જણના મોત થયાં હતાં અને અનેક ઘાયલ થયાં હોવાનું જાણવા મળ્યું હતું.

વિમાન અચાનક એક રહેણાક ઇમારત સાથે અથડાયા બાદ થોડી જ ક્ષણોમાં - ધુમાડો, આગ અને ચીસોથી સમગ્ર વિસ્તાર હચમચી ગયો હતો.

સૂત્રો અનુસાર ઓછામાં ઓછા ત્રણ જણે જીવ ગુમાવ્યા હતા અને ઘણા ઘાયલ થયા છે.

જો વિમાન થોડી અલગ દિશામાં પડયું હોત,

(જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં બાવીસ પ્રધાન હાર્યા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસને મળેલો કારમો પરાજય બતાડે છે કે રાજ્યમાં શાસકપક્ષવિરોધી અલોકપ્રિયતાનું મોજું હતું. ૩૫ પ્રધાનમાંથી મુખ્ય પ્રધાન મમતા બેનર્જી સહિત બાવીસ પ્રધાન ચૂંટણી હારી ગયાં હતાં.

પ્રધાનમંડળના ૬૩ ટકા પ્રધાનો તેમની બેઠક જીતી શક્યા નહોતા. અને આ પૂર્વના રાજ્યમાં શાસન કરનાર નેતૃત્વની અસ્વીકૃતિ બતાડે છે.

ચૂંટણીનાં પરિણામોનું વિશ્લેષણ કરતાં નિષ્ણાતોએ કહ્યું હતું કે મહત્ત્વના ખાતા ધરાવનારા પ્રધાનો ધૂળ ચાટતા થયા હતા. મતદાતાઓએ મહિલા અને શિશુ વિકાસ, ઉદ્યોગ, આવાસ, ઊર્જા, શિક્ષણ, પરિવહન

(જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપને ૧૦ રૂપિયાની ઝાલમુરીએ જીતાડ્યો કે ૧૦ વર્ષનાં બલિદાનોએ?

**પશ્ચિમ** બંગાળમાં મમતા બેનરજીને ઉખાડી ફેંકી ભાજપે સત્તા કબજે કરી તેનો ઓચ્છવ ચાલુ છે. ભાજપ ઓચ્છવ મનાવે તેમાં કશું ખોટું નથી કેમ કે બંગાળમાં ભાજપ મમતાને હરાવીને સત્તા કબજે કરે એ અશક્ય જ મનાતું હતું પણ ભાજપે આ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. ભાજપે આ સિદ્ધિ કઈ રીતે મેળવી તેની ચોવટ પૂરજોશમાં ચાલી રહી છે ને મીડિયામાં બેઠેલા પત્રકારો તથા કહેવાતી વિશ્લેષકો પોતપોતાની મતિ પ્રમાણે અલગ અલગ કારણો રજૂ કરી રહ્યા છે. કોઈ અમિત શાહની સ્ટ્રેટેજીને જશ આપી રહ્યું છે તો કોઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જબરદસ્ત મહેનત કરી તેમાં ભાજપ જીત્યો એવા દાવા કરી રહ્યું છે.

ઈવીએમમાં ગરબડ અને સરકારી તંત્રના દુરુપયોગના જોરે ભાજપ જીત્યો છે એવી વાતો કરનારા પણ પડ્યા છે ત્યારે મોદી સમર્થકોનો એક વર્ગ જુદું જ વાજું વગાડી રહ્યો છે. તેમનું કહેવું છે કે, આપણા વડ પ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારમુરીને જોરે તૃણમૂલ કૉંગ્રેસને હરાવી દીધી. અમિત શાહની મહેનત કે સ્ટ્રેટેજી નહીં કે સંઘની મહેનત પણ નહીં પણ ઝારમુરી ભાજપની જીતનું કારણ છે. મોદીએ બંગાળમાં ૧૦ રૂપિયાની ઝારમુરી ખરીદીને માસ્ટરસ્ટ્રોક ફટકાર્યો તેમાં મમતાની ૧૫ વર્ષથી જામેલી પાર્ટી ધૂળચાટતી થઈ ગઈ છે. બંગાળમાં ચૂંટણી પ્રચાર વખતે મોદીએ બજારમાંથી એક સામાન્ય દુકાનદાર પાસેથી ૧૦ રૂપિયાની ઝારમુરી (સેવ મમરાની ભેળ) ખરીદી તેની બંગાળીઓના માનસ પર જોરદાર અસર થઈ ને ભાજપને જીતાડી દીધો એવો તેમનો દાવો છે.

આ દાવો હાસ્યાસ્પદ તો છે જ પણ ભાજપના કાર્યકરોના અપમાન સમાન છે. આપણે ત્યાં જીતનો જશ હંમેશાં નેતા લઈ જાય છે ને કાર્યકરો અનસંગ હીરો રહી જાય છે. અત્યારે પણ એવું જ થઈ રહ્યું છે કેમ કે બંગાળમાં ભાજપ ૧૦ રૂપિયાની ઝાલમુરીના કારણે નહીં પણ ૧૦ વર્ષની મહેનત પછી જીત્યો છે. આ ૧૦ વર્ષમાં ભાજપના સેંકડો કાર્યકરોએ જીવ ગુમાવ્યા છે અને મમતા બેનરજી સરકારના અત્યાચારો સહન કર્યા છે. માલમતાના નુકસાનની તો કોઈ ગણતરી જ નથી.

મમતા બેનરજી પોતે ડાબેરીઓની ગુંડાગીરી સામે ગુંડાગીરી કરીને સત્તા પર આવ્યાં હતાં તેથી પોતાની સામેના વિરોધને દબાવી દેવા માટે ગુંડાગીરી કરતાં જ તેમને આવડતું હતું. ભાજપે મોરચો માંડ્યો પછી મમતાએ ભાજપને દબાવવા માટે પોતાના ગુંડાઓને છૂટા મૂકી દીધેલા. ભાજપના મોટા નેતા તો દિલ્હીમાં એસી કેબિનોમાં બેઠા હોય તેથી આ ગુંડાગીરીનો ભોગ ભાજપના કાર્યકરો જ બન્યા પણ આ કાર્યકરોએ મમતાની ગુંડાગીરી સામે ઘૂંટણ ટેકવવાના બદલે લડવાનું પસંદ કર્યું તેની આ જીત છે. ભાજપના કાર્યકરોએ આપેલી લડત, બલિદાનો અને ખુવારીને ૧૦ રૂપિયાની ઝાલમુરી સામે ભૂલાવી દેવા એ નગુણાપણુ કહેવાય.

આ લડાઈમાં અમિત શાહે ભાજપ કાર્યકરોની આગેવાની લીધેલી એ પણ સ્વીકારવું પડે. અમિત શાહે ૨૦૧૬ની ચૂંટણીથી શરૂ કરીને સતત ત્રણ ચૂંટણી સુધી મમતા સામે જંગ ખેલ્યો છે. ભાજપના કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો છે. ભાજપને મમતાને હરાવવામાં મદદરૂપ થઈ શકે એવા શુભેન્દુ અધિકારી સહિતના નેતાઓને તોડીને ભાજપમાં લઈ આવવાની સ્ટ્રેટેજી પણ બનાવી. છેલ્લી ચૂંટણીમાં આ સ્ટ્રેટેજી નહોતી ફળી પણ આ નેતાઓ સાથે આવેલા કાર્યકરોને શાહે સાચવી રાખ્યા ને ભાજપની તાકાત વધારતા ગયા તેમાં ભાજપ જીત્યો છે.

ભાજપની જીતમાં બે દાયકા પહેલાં થયેલી મહેનતને પણ ભુલાવી દેવાઈ છે. ભાજપે બંગાળમાં પગપેસારો કરવા માટે અટલ બિહારી વાજપેયીના સમયમાં પણ બહુ મથામણ કરેલી પણ ફાવ્યો નહોતો. અલબત્ત એ વખતે સંગઠન બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ. તપનિ સિકદાર અને એક્ટર વિક્ટર બેનરજી સહિતના નેતાઓએ સાવ શૂન્ય પર ઉભેલા ભાજપને બંગાળમાં ઘુસાડ્યું ને તેના પર અમિત શાહ સહિતના નેતાઓએ મજબૂત સંગઠનની ઈમારત ઊભી કરી છે. એ વખતે બંગાળમાં ડાબેરીઓના એકચક્રી શાસનના દિવસો હતા. ટ્રેડ યુનિયનો અને નકસલવાદી ચળવળના જોરે ગ્રામીણ ખેતમજૂરો પર ભૂરકી છાંટીને મજબૂત મતબેંક ઊભી કરનારા ડાબેરીઓને કોઈ હરાવી શકે એવી કલ્પના પણ નહોતી થઈ શકતી. કૉંગ્રેસ ત્યારે બંગાળમાં મુખ્ય વિરોધ પક્ષ હતો પણ કૉંગ્રેસના ઘરડા ને ડાબેરીઓના દલાલ જેવા નેતાઓને ડાબેરીઓને હરાવવા કરતાં વધારે રસ પોતાની પાર્ટીના બીજા નેતા મોટા ના થઈ જાય તેમાં હતો. તેના કારણે કૉંગ્રેસમાં ભારે ટાંટિયાખેંચ ચાલતી ને સાવધ ના રહે તો ધોતિયું સુધ્ધાં ઊતરી જાય એવા દાવપેચ થતા.

મમતા બેનરજીએ આ બધાથી કંટાળીને જ કૉંગ્રેસ છોડેલી ને ૧૯૯૬માં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કૉંગ્રેસની રચના કરેલી પણ બે દાયકાથી જામેલા ડાબેરીઓને હરાવવા નાનીમાના ખેલ નહોતા. મમતાની લડાયકતા વિશે બેમત નથી ને મમતાના ડાબેરીઓને ભોંયભેગા કરવાના ઈરાદા વિશે પણ શંકા નહોતી તેથી ભાજપે મમતા સાથે હાથ મિલાવેલા. ૧૯૯૮ની લોકસભા ચૂંટણીમાં ભાજપ અને મમતાની તૃણમૂલ કોંગ્રેસ સાથે મળીને લડેલાં. ભાજપ ૧૪ બેઠક પર લડ્યો તેમાંથી ૨ બેઠક જીતેલો જ્યારે તૃણમૂલ ૨૮ બેઠકમાંથી ૭ બેઠક જીતેલી. ૧૯૯૯માં તૃણમૂલ ૨૮ બેઠકમાંથી આઠ જીતેલી જ્યારે ભાજપ ૧૩માંથી ૨ બેઠક જીતેલો. ભાજપે પોતાના ક્વોટાની એક બેઠક અપક્ષ ઉમેદવાર નટવર બાગડીને આપી દીધેલી પણ એ હારી ગયેલા.

મમતાએ ૨૦૦૧ની વિધાનસભા ચૂંટણીમાં પલટી મારીને કૉંગ્રેસ સાથે હાથ મિલાવેલા પણ આ સંઘ કાશીએ નહોતો પહોંચ્યો. મમતાની પાર્ટી ૬૦ બેઠક જીતીને મુખ્ય વિરોધ પક્ષ બની પછી મમતા પાછાં ભાજપ તક ઢળી ગયેલાં પણ મમતા સાથે મળીને ભાજપે બંગાળમાં જે ટેમ્પો જમાવેલો એ ટેમ્પો ફરી ના જ જામ્યો તેથી ૨૦૧૪ સુધીમાં તો ભાજપ બંગાળમાં નામશેષ જ થઈ ગયેલો. અમિત શાહ સહિતના નેતાઓએ ૨૦૧૫થી હાથ ધરેલા મિશનના કારણે ભાજપ જીત્યો છે.

લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપે ભવ્ય જીત મેળવી ત્યારથી જ ભાજપે પશ્ચિમ બંગાળમાંથી મમતાને ઉખાડી ફેંકવાનો ટાર્ગેટ નક્કી કરી નાખેલો. ભાજપે અંગ, બંગ અને કલિંગ કબજે કરવા માટે એ વખતથી જ મહેનત શરૂ કરી દીધેલી. અંગ પ્રદેશ એટલે બિહાર, બંગ એટલે બંગાળ અને કલિંગ એટલે ઓડિશા. બિહારમાં નીતીશ કુમાર ૧૦ વર્ષથી જામેલા હતા ને ત્યારે ભાજપના વિરોધી હતા. ઓડિશામાં નવિન પટનાઈક તો છેક ૨૦૦૦થી જામેલા હતા. એક સમયે ભાજપના સાથી નવિન પણ પછીથી ભાજપથી નોખા થઈ ગયેલા. મમતા ૨૦૧૧માં જ મુખ્ય પ્રધાન બનેલાં તેથી સૌથી જુનિયર હતાં પણ ભાજપના મિશનમાં આ ત્રણેય રાજ્યો હતાં જ. બિહાર ભાજપે ધીરે ધીરે પોતાની તાકાત વધારીને નીતીશને ઘરે બેસવાની ફરજ પાડીને કબજે કર્યું જ્યારે ઓડિશામાં નવિનને ૨૦૨૪માં હરાવી દીધેલા. હવે મમતાનો વારો આવી ગયો તેથી અંગ, બંગ અને કલિંગ ત્રણેય ભાજપના કબજામાં છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, બુધવાર, તા. ૬–૫–૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૬, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ –૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ–૪
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧૧મો જિલ્કાદ,સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ બપોરે ક. ૧૫–૫૩ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૭, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતી : સાંજે ક. ૦૪–૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૧૮ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૭–૪૦, રાત્રે ક. ૨૦–૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – ચતુર્થી. શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ (રિક્તાતિથિ છતાંય લગ્નમુહૂર્ત હોય દિનશુદ્ધિ સામાન્ય દર્શાવે છે.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુ, લગ્ન, ખાતમુહૂર્ત, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ–કેતુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા, ઔષધ ઉપચાર, બી વાવવું, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા, ચંદ્ર–બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, ચંદ્ર–શનિ ચતુષ્કોણ મતલબી સ્વભાવ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત, ચંદ્ર–શુક્ર ત્રિકોણ લોકોમાં માનીતા, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારમાં મુશ્કેલી પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર–બુધ ત્રિકોણ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–મીન, માર્ગી બુધ–મેષ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, માર્ગી શનિ–મીન રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતને કેન્દ્રની

સેમિકન્ડક્ટરના ઉત્પાદન માટે સુરતમાં આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી ઍન્ડ ટેસ્ટ (ઓએસએટી) ફેસિલિટી ઊભી કરશે.

સરકારે ગુજરાતના વાડીનારમાં રૂપિયા ૧,૫૭૦ કરોડના ખર્ચે જહાજોના સમારકામની સુવિધા શરૂ કરવા મંગળવારે મંજૂરી આપી હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ અંતર્ગત ૬૫૦ મીટર લાંબી જેટ્ટી, પ્લોટિંગ ડ્રાય ડૉક્સ, વર્કશૉપ અને તેની સાથે સંકળાયેલી મરિન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી બ્રાઉનફિલ્ડ ફેસિલિટી તૈયાર કરવામાં આવશે.

વાડીનારની પ્રકૃતિની જાળવણી, મહત્વના શિપિંગ રૂટ સાથે મુન્દ્રા, કંડલા સહિતનાં મુખ્ય બંદરોની કનેક્ટિવિટી, મરામતની કામગીરી માટે શ્રેષ્ઠ સ્થાન (ખાસ કરીને મોટા કમર્શિયલ વિદેશી વેપારી જહાજો) જેવી બાબતો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

વર્તમાનમાં ભારત સ્થાનિક સ્તરે ૨૩૦ મીટર કરતાં વધુ લંબાઈ ધરાવતાં જહાજોના સમારકામ માટેની પૂરતી ક્ષમતા ન ધરાવતું હોવાને કારણે વાડીનાર ખાતે ઊભી કરવામાં આવનારી સુવિધા ભારતની જહાજોના સમારકામ માટે જરૂરી માળખાની સમસ્યાનો ઉકેલ લાવશે.

આ યોજના નોકરીની ૨૯૦ સીધી અને ૧,૧૦૦ આડકતરી તક ઊભી કરશે તેમ જ દરિયાઈ માર્ગે થતા વેપારની યંત્રણાને વધુ વ્યાપક બનાવશે અને તેને વેગ આપશે.

દરમિયાન પ્રધાનમંડળની બેઠકમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત જજની સંખ્યા ૩૪થી વધારીને ૩૮ કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી હોવાનું કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું. (એજન્સી)

### ગુજરાતમાં અનેક ઠેકાણે

ફૂંકાયો હતો. આ તોફાની પવનને કારણે એક મકાનનો ભાગ ધરાશાયી થવાની ઘટના બની હતી. જોકે જાનહાનિ થઈ ન હતી. વૃક્ષો અને વીજપોલ પણ જમીનદોસ્ત થઈ ગયા હતા.

પાંચ મેના રોજ જાહેર કરાયેલા મિડ-ડે બુલેટિન મુજબ, ગુજરાત પ્રદેશના અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર અને છોટા ઉદેપુર સહિતના જિલ્લાઓ, સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદમાં આજે સવારે પણ વરસાદી ઝાપટાંની સંભાવના છે. છૂટાછવાયા સ્થળોએ વીજળી સાથે વાવાઝોડા અને ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે, તેવી શક્યતા પણ વર્તાવવામાં આવી હતી.

જોકે, આઈએમડીએ ૬ મે થી ૧૨ મે દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ, દમણ અને દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુખ્યત્વે સુકા હવામાનની આગાહી કરી છે. એક તરફ વરસાદી વાતાવરણ બની રહ્યું છે ત્યારે બીજી બાજુ ગરમીનો પારો પણ ઉંચકાવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસોમાં રાજ્યના અલગ અલગ ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦ સે. થી ઉપર રહેવાની સંભાવના છે. દરમિયાન, રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી નોંધાયું હતું.

દરમિયાન હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, મે મહિના દરમિયાન એક પછી એક પશ્ચિમી વિક્ષેપ સર્જાતા રહેશે. ખાસ કરીને ૧૫ મેની આસપાસ રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની શક્યતા છે.

### પારસી મહિલાઓનો

ખંભાતાએ આ પ્રથાને કાયદાની દૃષ્ટિએ અયોગ્ય લેખાવી હતી અને કહ્યું હતું કે હું શ્રદ્ધાળુ છું, મારા ધર્મનું યોગ્ય રીતે પાલન કરું છું અને તેમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવું છું. આંતરધર્મીય લગ્ન કરવો ગુનો નથી. પ્રગતિશીલ સમાજ અને મહાન ધર્મ પર આ બાબત પુરુષો દ્વારા લાદવામાં આવેલી છે.

ન્યાયાધીશ બી. વી. નાગરત્ન, એમ. એમ. સુંદરેશ, અહસાનુદ્દીન અમાનુલ્લા, અરવિંદકુમાર, ઑગસ્ટિન જ્યૉર્જ મસિહ, પ્રસન્ના. બી. વરાલે, આર. માધવન અને જોયમાલ્યા બાગચીનો પણ સમાવેશ કરતી ખંડપીઠ કેરળના સબરીમાલા સહિત ધાર્મિકસ્થળો તેમ જ વિવિધ ધર્મમાં ધાર્મિક સ્વતંત્રતાને મામલે મહિલાઓ સાથે રાખવામાં આવતા ભેદભાવ સંબંધિત અરજીની સુનાવણી કરી રહી હતી.

સમુદાયના સભ્યને ધર્મમાંથી હાંકી કાઢવાની સમુદાયના ધાર્મિક વડાની સત્તા અને બંધારણની કલમ ૨૫ (૧) વ્યક્તિને જન્મથી જ પોતાના અંતરાત્મા, નૈતિક મૂલ્યો અને માન્યતાઓ મુજબ વિચારવાની તેમ જ નિર્ણય લેવાની સ્વતંત્રતાનો અધિકાર બંને સહઅસ્તિત્વ ધરાવી શકે કે નહીં તેની પણ ખંડપીઠ ચકાસણી કરી રહી છે. (એજન્સી)

### કચ્છમાં ભૂકંપ

પાસે કેન્દ્રબિંદુ ધરાવતો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૧ નોંધાઈ હતી. આ પૂર્વે ૨૮ એપ્રિલના રોજ રાપર પાસે અને ૧લી મેના રોજ ભચાઉ નજીક ૨.૯ની તીવ્રતાના હળવા આંચકા નોંધાયા હતા.

છેલ્લા ઘણા સમયથી કચ્છમાં ભૂસ્તરીય હલચલ શાંત હતી, પરંતુ અચાનક આંચકાની સંખ્યામાં વધારો થતા તંત્ર પણ સતર્ક થયું છે. ભૂસ્તરશાસ્ત્રીઓ અને જાણકારો આ સળવળાટ પાછળ વાતાવરણમાં થઈ રહેલા ફેરફારો અને ફોલ્ટ લાઈનમાં થતી આંતરિક હિલચાલને કારણભૂત માની રહ્યા છે. જોકે, આ હળવા આંચકા હોવાથી જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ સતત ધ્રૂજતી ધરાએ સરહદી જિલ્લાના રહેવાસીઓમાં ફફડાટ જરૂર ફેલાવ્યો છે.

### ગુજરાતમાં કરોડો

મળ્યું હતું કે ફ્રોડમાં લગભગ ૨૦ રાજ્યના ૫૩.૫૫ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં ૧૩૨ સાયબર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

પોલીસે ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી ૧૧ મોબાઇલ ફોન, ચેક બુક, પાસબુક અને ડેબિટ કાર્ડ જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા મોબાઇલ ફોનને ચેક કરતા ૧૯૭ બૅંક ખાતાઓની વિગતો મળી આવી હતી, જેમાંથી ૬૦ સીધા ૧૩૨ સાયબર ક્રાઇમ કેસ સાથે જોડાયેલા હતા, પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આ ગુનો ઓછામાં ઓછા ૨૦ રાજ્યમાં ફેલાયેલા છે, જેમાં સૌથી વધુ કેસ ગુજરાતમાં (૨૨) નોંધાયા છે, ત્યારબાદ કર્ણાટક (૧૪), મહારાષ્ટ્ર (૧૩), ઉત્તર પ્રદેશ અને કેરળ (૧૦-૧૦) છે, પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

### બંગાળમાં મતની

પરંતુ કાવતરાંથી અમારો પરાજય થયો છે.

આ લડાઈને અમે રસ્તાઓ પર લઈ જઈશું અને વિપક્ષ ઈન્ડિયા બ્લૉકને વધુ મજબૂત બનાવીશું, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ટીએમસીની લડાઈ ભાજપ સામે નહીં, પરંતુ ભાજપ માટે કામ કરનાર ચૂંટણી પંચ સામે હતી.

મતગણતરીમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાનો તેમણે દાવો કર્યો હતો અને કહ્યું હતું કે ૧૦૦ જેટલી બેઠક રીતસરની લૂંટી લેવામાં આવી હતી અને પક્ષનો નૈતિક જુસ્સો તોડવા પ્રક્રિયા જાણીજોઈને ધીમી પાડી દેવામાં આવી હતી. (એજન્સી)

### મુંબઈ ૧૯૯૩ના

બંદર પર ઉતારી લેવાયો હતો. એ પછી તેને ટ્રકો મારફતે સુરત, વલસાડ અને ઉત્તર પ્રદેશ મોકલવામાં આવ્યો હતો. આ મામલે જામનગર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. આ કેસમાં ૧૫ આરોપીઓને ભાગેડુ જાહેર કરાયા હતા, જેમાં દાઉદ ઈબ્રાહીમ, ટાઈગર મેમણ, અનીશ ઈબ્રાહીમ અને છોટા શકીલનો સમાવેશ થતો હતો. કોર્ટે જે ૧૨ શખસો દોષિત ઠેરવ્યા તેમાં ઓસમાણ ઉમર કોરેજા, મામદ અલીમામદ, હારૂન સંધાર, એહમદ ઈસ્માઈલ ઓલીયા, આરીફ લંબુ મેમણ, ઈફતેખાર અંસારી, મહંમદ અયુબ ઉર્ફે અયુબ ટકલો, લખમણ હરદાસ આહીર, સલીમ કુત્તા, મમુમીયા પંજુમીયા, ઈસ્તીયાક અંસારી અને કદીર અહેમદ શેખનો સમાવેશ થાય છે.

વર્ષ ૧૯૯૩થી શરૂ થયેલી આ તપાસ ૨૦૧૮ સુધી ચાલી હતી. ૩૩ વર્ષ બાદ નોંધાયેલા પુરાવાઓ અને ૬૩ સાહેદોની તપાસ બાદ તમામ સાહેદોએ પ્રોસીક્યુશનના કેસને સમર્થન આપ્યું હતું. સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ અને વિસ્તૃત દલીલોના આધારે કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

### અખાતમાં ફરી

સુરક્ષાની જવાબદારી ઈરાન અને તેનાં સહયોગીઓએ સંભાળી લીધી છે.

તેમણે ચેતવણી આપતાં કહ્યું હતું કે અમેરિકા જો યુદ્ધવિરામનો ભંગ કરશે અને નાકાબંધી ચાલુ રાખશે તો સુરક્ષા સામે જોખમ ઊભું થશે અને તે નબળી પડી જશે.

વર્તમાન સંજોગોમાં અમેરિકા માટે આ અસહનીય છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઈરાને હજુ સુધી કાર્યવાહી પૂરી રીતે શરૂ પણ નથી કરી જે તણાવ હજુ વધી શકે છે એ વાતનો સંકેત આપે છે. ઈરાનના ડ્રોન હુમલા બાદ યુએઈમાં ફુજૈરાહ પેટ્રોલિયમ ઇન્ડસ્ટ્રીઝ ઝોન (એફઓઆઈઝેડ) માં સોમવારે આગ લાગવાથી ત્રણ ભારતીય નાગરિક ઘાયલ થયા હતા. ભારતે મંગળવારે ફુજૈરાહ પર થયેલા હુમલાની નિંદા કરી, તેને ''અસ્વીકાર્ય'' ગણાવ્યું હતું અને તાત્કાલિક યુદ્ધ બંધ કરવાની વિનંતી કરી હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ''ફુજૈરાહ પર હુમલો, જેમાં ત્રણ ભારતીય નાગરિકો ઘાયલ થયા હતા, તે અસ્વીકાર્ય છે. અમે આ દુશ્મનાવટને તાત્કાલિક બંધ કરવા અને નાગરિક માળખાગત સુવિધાઓ અને નિર્દોષ નાગરિકોને નિશાન ન બનાવવા માટે હાકલ કરીએ છીએ. ભારત પરિસ્થિતિનો સામનો કરવા માટે વાતચીત અને રાજદ્વારી બનવાનું ચાલુ રાખે છે, જેથી સમગ્ર પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત થઈ શકે.''

ભારતે યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટમાં મુક્ત નેવિગેશન માટે પણ હાકલ કરી હતી. એમઈએએ જણાવ્યું હતું કે ''અમે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મુક્ત અને અવરોધ વિના નેવિગેશન અને વાણિજ્ય માટે પણ હાકલ કરીએ છીએ. ભારત મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલ માટેના તમામ પ્રયાસોને સમર્થન આપવા તૈયાર છે.'' .

એક્સ પરની એક પોસ્ટમાં, યુએઈમાં ભારતીય દૂતાવાસે પુષ્ટિ કરી છે કે ફુજૈરાહમાં થયેલા હુમલામાં ત્રણ ભારતીય ઘાયલ થયા છે.

''અમે અસરગ્રસ્ત ભારતીય નાગરિકોની પૂરતી તબીબી સંભાળ અને કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છીએ,'' એવું તેમણે વધુમાં જણાવ્યું હતું. ખલીજ ટાઇમ્સે અહેવાલ આપ્યો છે કે, ''તેલ સુવિધામાં આગ લાગવાથી તેમને સામાન્ય ઇજાઓ થઈ હતી.''

એક્સ પરની એક પોસ્ટમાં, યુએઈના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાને દેશના વિવિધ વિસ્તારો તરફ ચાર મિસાઇલો છોડ્યા હતા.

ત્રણ મિસાઇલો દેશના પ્રાદેશિક પાણીમાં સફળતાપૂર્વક તોડવામાં આવી હતી, જ્યારે એક સમુદ્રમાં પડી હતી,'' એવું તે જણાવે છે.

યુએઈના વિદેશ મંત્રાલયે મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ કરીને ''ઇરાન દ્વારા ઉશ્કેરણી વિનાના આક્રમણને ફરીથી શરૂ કરવા''ની કડક નિંદા કરી હતી. એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે આ ''હુમલા એક ખતરનાક ઉન્નતિ, આક્રમકતાનું અસ્વીકાર્ય કૃત્ય અને યુએઈની સુરક્ષા, સ્થિરતા અને પ્રાદેશિક અખંડિતતા માટે સીધો ખતરો છે, જે આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતો અને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરનું ઉલ્લંઘન છે.''

યુએઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે કોઈપણ સંજોગોમાં તેની સુરક્ષા અને સાર્વભૌમત્વ માટે કોઈપણ ખતરાને સહન કરશે નહીં.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) પર થયેલા હુમલાઓની આકરા શબ્દોમાં ટીકા કરી હતી. આ હુમલામાં ૩ ભારતીય નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા બાદ વડા પ્રધાને નાગરિકો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓને અસ્વીકાર્ય ગણાવ્યા છે. મોદીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ભારત આ મુશ્કેલ સમયમાં યુએઈ સાથે મક્કમતાથી ઊભું છે. વડા પ્રધાને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે મંત્રણા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે હું યુએઈ પર થયેલા હુમલાની સખત ટીકા કરું છું, તેમાં ત્રણ ભારતીય નાગરિકો ઘાયલ થયા છે. નાગરિકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવું અસ્વીકાર્ય છે. ભારત યુએઈ સાથે મક્કમતાથી ઊભું છે અને સંવાદ દ્વારા તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપે છે. પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે હોર્મુઝની ખાડી દ્વારા સુરક્ષિત અને અવરોધ વિનાનું નેવિગેશન સુનિશ્ચિત કરવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

### ચીનમાં ફટાકડાના

સંભળાયો હતો અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. સ્થાનિક વહીવટીતંત્ર અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી ચાલુ કરી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે. અધિકારીઓએ વિસ્ફોટના ચોક્કસ કારણની તપાસ કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી.

### રશિયા-યુક્રેનનો

એમ માનવું વાસ્તવિક હશે. તેમણે કહ્યું હતું કે રશિયાનું સંરક્ષણ મંત્રાલય માનતું હોય કે મોસ્કોની વીજય કૂચ યુક્રેનની સદ્‌ભાવના વગર શક્ય નથી તો ક્રેમલિને યુદ્ધ અટકાવવાનાં સાચાં પગલાં લેવા જોઈએ. અમે માનવતા માટે યુદ્ધવિરામ જાહેર કર્યો છે.

વર્ષોથી ક્રેમલિન આ દિવસનો તેની લશ્કરી તાકાત અને વૈશ્વિક વગ બતાડવા ઉપયોગ કરે છે. જોકે આ વખતે પરેડમાં ટેન્ક, મિસાઈલ અને બીજા લશ્કરી ઉપકણો સામેલ નહીં થાય.

ઝેલેન્સ્કીએ કહ્યું હતુંકે રશિયાને ડર છે કે નવ મેએ યુક્રેનના ડ્રોન ત્રાટકશે. આથી આપણે તેમના પરના અંકુશો ચાલુ રાખવા જોઈએ. પુતિને આ યુદ્ધવિરામની જાણ અમેરિકના પ્રમુખ ટ્રમ્પને ફોન પર કરી હતી. (એજન્સી)

#### યુદ્ધવિરામ પહેલાં હુમલો : પાંચનાં મોત

રશિયાએ સોમવારે રાત્રે ડ્રોન અને મિસાઈલ વડે યુક્રેનની પાવર ગ્રીડ પર હુમલો કરતા પાંચ જણનાં મોત થયાં હતાં અને બીજા ૩૯ જણ ઘાયલ થયા હતા.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ કહ્યું હુતં કે રશિયાએ આ અઠવાડિયા માટે બે દિવસનો યુદ્ધવિરામ જાહેર કર્યો છે અને બીજી બાજુ તે હુમલો કરે છે આ તેનો નિરાશાવાદ બતાડે છે. રશિયા મનમાં આવે ત્યારે યુદ્ધવિરામ જાહેર કરે છે.

### કોલકાતાના ડીસીપી

બચવાનો પ્રયાસ કરી શકે છે,'' તેવું એક અધિકારીએ જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે બિશ્વાસ તેની તપાસ દરમિયાન તેમને જારી કરાયેલા અનેક સમન્સનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આકસ્મિક રીતે, કેન્દ્રીય એજન્સીએ રાજ્યમાં તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન બિસ્વાસના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા.

'સોના પપ્પુ' નામની વ્યક્તિ સાથે સંકળાયેલા કથિત જમીન કબજે કરવા અને ખંડણી ઉઘરાવવાના કેસના સંદર્ભમાં ઈડીના અધિકારીઓએ કોલકાતામાં તેમના ફર્ન રોડ નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. દરોડાના એક દિવસ પછી, બિસ્વાસના બે પુત્ર, સાયંતન અને મનીષને એજન્સીના સીજીઓ કોમ્પ્લેક્સ કાર્યાલયમાં સમન્સ મોકલવામાં આવ્યા હતા, પરંતુ તેઓ પણ હાજર થયા ન હતા, એવો સૂત્રોએ દાવો કર્યો હતો.

ત્યારબાદ, બિસ્વાસને રેતી દાણચોરીના એક કેસમાં પણ સમન્સ મોકલવામાં આવ્યા હતા જેમાં તેમની સામે નાણાકીય ગેરરીતિઓના આરોપો સામે આવ્યા હતા.

જોકે, રૂબરૂ હાજર થવાને બદલે, તેમના વકીલે અગાઉની વ્યસ્તતાઓને ટાંકીને એજન્સી સમક્ષ તેમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. લેખિત સંદેશાવ્યવહારમાં, બિસ્વાસે ઇડીને જાણ કરી હતી કે તેઓ સત્તાવાર પ્રતિબદ્ધતાઓને કારણે હાજર રહી શક્યા નથી. વારંવાર સમન્સ મોકલવા છતાં, અધિકારી અત્યાર સુધી તપાસકર્તાઓ સમક્ષ હાજર થયા નથી.

''લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે જેમાં તેમના વિરુદ્ધના આરોપોની વિગતવાર માહિતી આપવામાં આવી છે અને ખાતરી કરવામાં આવી છે કે તેઓ પૂછપરછ માટે ઉપલબ્ધ રહે,'' તેવું અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું.

### બંગાળમાં ભાજપની

મેળવી હતી અને તૃણમૂલ કૉંગ્રેસના ૧૫ વર્ષના શાસનનો અંત આણ્યો હતો. ભાજપ પહેલી વાર આ રાજ્યમાં સત્તા પર આવ્યો છે. મુખ્ય પ્રધાન મમતા બેનર્જી પણ ભવાનીપુરની સીટ હારી ગયાં હતાં. (એજન્સી)

### બ્રાઝિલનું વિમાન

તો નુકસાન આથી વધુ થયું હોત. એએફપીના અહેવાલ મુજબ, મિનાસ ગેરાઈસ રાજ્યના ફાયર ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે પાઇલટ અને કો-પાઇલટનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. વિમાનમાં સવાર અન્ય ત્રણ લોકોને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક હૉસ્પિટલ ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર, ઘાયલોમાંથી એકનું પછીથી મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બેની હાલત સ્થિર છે.

અગ્નિશામકોએ જણાવ્યું હતું કે વિમાન સીધું ઇમારત સાથે અથડાયું હતું, પરંતુ અંદર કોઈને ઇજા થઈ નથી અને તૂટી પડવાનો કોઈ ''દેખીતો ભય'' નથી.

ટીવી ગ્લોબોના હેલિકોપ્ટરે ઘટનાનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. તેમાં વિમાન ધીમે ધીમે નીચે ઊતરતું, પછી ઊંચી ઇમારતોથી બચવા માટે ડાબી બાજુ વળતું અને અંતે ત્રણ માળની ઇમારત સાથે અથડાયા પછી પાર્કિંગમાં ક્રેશ થતું દેખાયું હતું.

એમના જણાવ્યા મુજબ વિમાન ઇમારતના દાદરા સાથે અથડાયું હતું, જેનાથી વધુ જાનહાનિ થતી બચી હતી. જો વિમાન ઇમારતની બાજુમાં અથડાયું હોત, તો તે ફ્લેટની અંદરના લોકો હતાહ્ત થયા હોત. ફાયર વિભાગ દ્વારા જાહેર કરાયેલા ફોટામાં બચાવ કાર્યકરો લોકોને ઇમારત ખાલી કરવામાં મદદ કરતા જોવા મળ્યા હતા.

### બંગાળમાં બાવીસ

અને પછાત જાતિ જેવા મહત્ત્વના ખાતાના પ્રધાનોનો નકાર્યા હતા. બંગાળના લોકોએ તૃણમૂલ કૉંગ્રેસની સરકારનો સંપૂર્ણ સફાયો કર્યો છે.

વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જંગી જીત બાદ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની ઓફિસોમાં ફ્લેક્સ બોર્ડ, પાર્ટી બેનરો અને ફેસ્ટૂન કથિત રીતે ક્ષતિગ્રસ્ત કરાયા અને નુકસાન પહોંચાડવામાં આવ્યા હતા, જ્યારે ભગવા પક્ષે આ ઘટનાઓમાં કોઈ ભૂમિકા હોવાનો ઇનકાર કર્યો હતો, તેવું અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. (એજન્સી)

**પુણેમાં પાપ**

# પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ ગૂંગળામણઃ પોલીસ

પુણેઃ પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં ૬૫ વર્ષના નરાધમે ચાર વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરી હોવાની ચકચારી ઘટના ગયા સપ્તાહે બની હતી અને હવે પોસ્ટમોર્ટમ રિપાર્ટમાં બાળકીના મૃત્યુનું કારણ ગૂંગળામણ (એસ્ફિક્સિયા) દર્શાવવામાં આવ્યું હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીએ બાળકીના મોઢામાં કપડાંનો ડૂચો ખોસી દીધો હતો અને તેનું ગળું દબાવ્યું હતું, જેને કારણે ગૂંગળામણથી તેનું મૃત્યુ થયું હતું, પોર્સ્ટમોટમ રિપોર્ટમાં બાળકીના શરીર પર ઇજાઓ પણ દર્શાવવામાં આવી છે.

મજૂરીકામ કરનારો આરોપી ભીમરાવ કાંબળે ગુનાહિત ભૂતકાળ ધરાવે છે. તેની વિરુદ્ધ ૧૯૯૮ અને ૨૦૧૫માં આવા ગુના નોંધાયેલા છે અને બાદમાં તેને બંને કેસમાં છોડી દેવાયો હતો.

બાળકીને ખાવાનું આપવાને બહાને આરોપી તેને ઢોરના તબેલામાં લઇ ગયો હતો, જ્યાં બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરવામાં આવી હતી અને મૃતદેહ છાણના ઢગલામાં છુપાવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં આરોપી બાળકીને લઇ જતો નજરે પડ્યો હતો અને પોલીસે બાદમાં તેની ધરપકડ કરી હતી. આરોપી કાંબળે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રોન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

નસરાપુરમાં પહેલી મેના રોજ બનેલી આ ઘટના બાદ લોકોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો અને તેમણે પોલીસ ચોકી બહાર મોટી સંખ્યામાં એકઠા થઇને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આરોપી સામે કડક કાર્યવાહીની માગણી કરી હતી. લોકોએ મુંબઈ-બેંગલુરુ હાઇવે પર રસ્તા રોકો કર્યું હતું.

દરમિયાન આ કેસની તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની રચના કરવામાં આવી હતી. આરોપીના પરિવારજનોએ પણ તેને આકરી સજા આપવામાં આવે, એવી માગણી કરી હતી. (પીટીઆઈ)■

## પીડિત પરિવારને શિંદે મળ્યા

મુંબઈઃ ચાર વર્ષની બાળકી પર કથિત રીતે બળાત્કાર કરી તેની હત્યા કરનારા નરાધમને ફાંસીની સજા નહીં થાય ત્યાં સુધી રાજ્ય સરકાર જંપીને નહીં બેસે એવી હૈયાધારણ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પુણેના નરસાપુર ગામના રહેવાસીઓને આપી છે. નરસાપુર ગામમાં ગયા અઠવાડિયે ચાર વર્ષની બાળકી પર કથિત રીતે બળત્કાર કરી હત્યા કરવામાં આવી હતી. સોમવારે પુણે જિલ્લાના નરસાપુરની મુલાકાત દરમિયાન શિંદેએ રહેવાસીઓને જણાવ્યું હતું કે પોલીસને આરોપીસાથે કડક વલણ અપનાવી કેસ બનાવવાનું કહેવામાં આવ્યું છે.

રહેવાસીઓએ શિંદેને આપેલા આવેદનપત્રમાં આ કેસની આરોપી ૬૫ વર્ષીય વ્યક્તિને મૃત્યુદંડની સજાની માંગ કરવામાં આવી હતી. આરોપીએ ભૂતકાળમાં બે વાર આવો જ ગુનો કર્યો હોવાનું રહેવાસીઓએ નાયબ મુખ્ય પ્રધાનને જણાવ્યું હતું.

પહેલી મેએ પુણે જિલ્લાના ભોર તાલુકાના નરસાપુરમાં આરોપીએ કથિત સ્વરૂપે બાળકી પર બળાત્કાર કરી તેની હત્યા કરતા ભારે આક્રોશ અને વિરોધ પ્રદર્શનો થયા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે ખાતરી આપી હતી કે સરકાર આરોપીઓને મૃત્યુદંડની સજા માટે આગ્રહ રાખશે અને રાજ્ય ન્યાય વહેલી તકે મળે એની કોશિશ કરશે એમ પણ જણાવ્યું હતું.

આ કેસમાં વહેલી તકે આરોપનામું દાખલ કરવા અને આવા કેસ ચલાવવામાં કુશળ હોય તેવા સરકારી વકીલની નિમણૂક કરવા માટે નિર્દેશો આપવામાં આવ્યા હોવાનું જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે અદાલતને દૈનિક ધોરણે સુનાવણી હાથ ધરવા માટે પણ વિનંતી કરવામાં આવશે. (પીટીઆઈ)■

# હું ન્યૂ ઝીલૅન્ડમાં છું અને મારી નિમણૂક મહિલા પંચમાં કરાઇ નથીઃ મીરા બોરવણકરની સ્પષ્ટતા

નાંદેડઃ રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે મારી નિયુક્તી કરવામાં આવી છે એ કેવળ અફવા છે અને હું હાલમાં ઉનાળાના વેકેશનમાં ન્યુઝીલેન્ડમાં છું એવી ચોખવટ ડો. મીરા બોરવણકરે કરી છે.

રાજ્ય સરકારે તેમને ઉપરોક્ત પદની જવાબદારી સ્વીકારવા માટે નથી કહ્યું એવી સ્પષ્ટતા પણ તેમણે કરી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (અજિત પવાર)નાં વિવાદાસ્પદ નેતા રૂપાલી ચાકણકરે ગયા મહિને મહિલા આયોગના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

આ ખાલી પદ પર કોની નિમણૂક થશે તે અંગે વિવિધ નામોની ચર્ચા થઈ રહી હતી ત્યારે સોશિયલ મીડિયા પર એવી વાત વહેતી થઈ હતી કે મહારાષ્ટ્ર પોલીસ દળમાં વિસ્ફોટક કાર્યશૈલી માટે જાણીતા નિવૃત્ત આઇપીએસ અધિકારી ડો. બોરવણકરને ઉપરોક્ત પદ પર નિયુક્ત કરવામાં આવ્યાં છે.

સોમવારે બપોરે પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં ચૂંટણી પરિણામો બહાર આવી રહ્યા હતા ત્યારે બોરવણકરની કથિત નિમણૂક વિશેની માહિતી મહારાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં સોશિયલ મીડિયા દ્વારા ફેલાઈ ગઈ હતી.

આ સંદર્ભમાં અનેક લોકોએ બોરવણકરનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

જોકે, મહિલા આયોગની વાત કેવળ અફવા છે અને ફરવા માટે ન્યુઝીલેન્ડ આવ્યાં હોવાનું જણાવી અફવાઓનું ખંડન કર્યું હતું. ■




# થાણેમાં છ વર્ષના બાળકને કરંટ લાગતા મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં વાગલે એસ્ટેટમાં ઘરની બહાર રહેલા ઈલેક્ટ્રિસિટીના જીવંત વાયર સંપર્કમાં આવી જતા છ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓએ પોલીસ સ્ટેશનની બહાર ધરણા કર્યા હતા,

થાણેના શ્રીનગર પોલીસ સ્ટેશનની હદમાં સોમવારે મોડી રાતના ૧૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો, જેમાં વાગલે એસ્ટેટમાં આવેલા ઈન્દિરા નગરમાં છ વર્ષનો બાળક તેના ઘરની બહાર નીકળ્યો હતો, ત્યારે ઘરની બહાર તે વીજળીના જીવંત વાયરના સંપર્ક આવી જતા તેનો જોરદાર વીજળીનો કરંટ લાગ્યો હતો, તેને તરત હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેને ડૉક્ટરે મૃત જાહેર કર્યો હોવાનું શ્રીનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર ગુલઝારીલાલ ફડતરેએ જણાવ્યું હતું. ■

# જિલ્લા પરિષદની શાળાઓમાં રાહતઃ ૯મા અને ૧૦માના ક્લાસ ચાલુ જ રહેશે

પાલઘરઃ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં નવમા ધોરણના વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા અને આઠમા ધોરણમાંથી પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા વચ્ચે ૬૪૦૦નો તફાવત છે. આ વાતને ધ્યાનમાં રાખીને જિલ્લા પરિષદ કરાર શિક્ષકોની મદદથી વર્ગો ચાલુ રાખવા માટે ભંડોળ મેળવવા અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવશે અને જો જરૂરી હોય તો સામાજિક અને સખાવતી સંસ્થાઓમાંથી કોન્ટ્રેક્ટ પર શિક્ષકો મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. જિલ્લા પરિષદે જિલ્લા પરિષદની શાળાઓમાં નવમા અને દસમા ધોરણના વર્ગો ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે અને આ વર્ગો હંગામી ધોરણે બંધ કરવાનો નિર્ણય જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી મનોજ રાનડે દ્વારા રદ કરવામાં આવતા સાડા છ હજાર વિદ્યાર્થીઓની શિક્ષણ સમસ્યા હાલ પૂરતી હલ થઈ ગઈ છે. દહાણુ, તલાસરી, વિક્રમગઢ, જવાહર અને અન્ય તાલુકાઓમાં ખાનગી અને સહાયિત શાળાઓ અને આશ્રમ શાળાઓમાં નવમા ધોરણના વિદ્યાર્થીઓ મંજૂર સંખ્યા કરતા વધુ આઠમા ધોરણમાં પાસ થઈ રહ્યા હોવાથી ઘણા વિદ્યાર્થીઓ શાળા છોડી રહ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. પરિણામે તત્કાલીન પાલક પ્રધાન સ્વ. વિષ્ણુ સવરાએ આદિજાતિ વિકાસ વિભાગની નાણાકીય સહાયથી ૨૦૧૭ થી આ બંને ધોરણો માટે વર્ગો શરૂ કર્યા હતા. જોકે, આદિજાતિ વિકાસ વિભાગ અને શિક્ષણ વિભાગે આ કાર્યરત કરાર આધારિત શિક્ષકોના પગાર માટે ભંડોળ મંજૂર ન કર્યું હોવાથી, જિલ્લા પરિષદે સેસ ફંડમાંથી જોગવાઈ કરી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં આઠમા ધોરણમાં ૬૭ હજાર ૪૬૨ વિદ્યાર્થીઓ હતા. તેમાંથી ૭૫૦૮ આદિવાસી આશ્રમ શાળાઓમાં, ૫૩ હજાર ૩૮૫ ખાનગી શાળાઓમાં અને ૧૮૮ અન્ય શાળાઓમાં હતા. કુલ ૬૧ હજાર ૮૧ વિદ્યાર્થીઓએ નવમા ધોરણમાં પ્રવેશ મેળવ્યો. આમ, આઠમા ધોરણમાં પાસ થયેલા ૬૩૮૧ વિદ્યાર્થીઓના પ્રવેશનો પ્રશ્ન ઉભો થયો. ■

# ફ્લાઈટ દરમિયાન જમવાનું લેવું કે નહીં તે મુસાફરો નક્કી કરશેઃ એર ઈન્ડિયાનો નિર્ણય

મુંબઈ : અમેરિકા, ઇઝરાયલ - ઈરાન વચ્ચેના તણાવને કારણે હવાઈ મુસાફરી પર અસર પડી છે. વધતા ખર્ચમાં ઘટાડો કરવા માટે એર ઇન્ડિયા મુસાફરોને મોટી રાહત આપવાની તૈયારી કરી રહ્યું છે. મુસાફરોને સસ્તી ટિકિટ આપવા માટે એર ઇન્ડિયાએ સ્થાનિક અને ટૂંકા અંતરની (બે-કલાક) આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સમાં ભોજન આપવાનું મરજિયાત બનાવ્યું છે. તેથી, મુસાફરો ભોજન વિના ટિકિટ બુક કરાવી શકે છે. આ નિર્ણયથી મુસાફરો પહેલા કરતા ઓછા ભાવે ટિકિટ બુક કરી શકશે.

એર ઇન્ડિયા ‘અનબંડલિંગ’ (સુવિધાઓને અલગ કરવી ) પ્રક્રિયા અમલમાં મૂકવા જઈ રહી છે. આનાથી મુસાફરોને વિવિધ પ્રકારની સુવિધાઓ મળશે. એર ઇન્ડિયા ફક્ત ઇકોનોમી ક્લાસ માટે જ નહીં પરંતુ બિઝનેસ ક્લાસના મુસાફરો માટે પણ બચત વિકલ્પો પ્રદાન કરવાનો પ્રયાસ કરશે. એર ઇન્ડિયા એરલાઇન લાઉન્જ એક્સેસને પણ ટિકિટથી અલગ કરવાનું વિચારી રહી છે. મેટ્રો એરપોર્ટ પર, લાઉન્જ ઓપરેટરો પ્રતિ મુસાફર સરેરાશ રૂ. ૧,૧૦૦ થી રૂ. ૧૪૦૦ વસૂલ કરે છે. ઘણા વ્યવસાયિક પ્રવાસીઓ તેમની ફ્લાઇટના સમયે જ સીધા એરપોર્ટ પર પહોંચે છે. તેથી તેઓ લાઉન્જનો ઉપયોગ કરી શકતા નથી. તેથી તેઓ લાઉન્જ સુવિધાઓ વિના સસ્તી ટિકિટ ખરીદવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. આ સુવિધા આગામી ૧-૨ મહિનામાં લાગુ થવાની સંભાવના છે. એર ઇન્ડિયા ‘લાઇટ’ ભાડા શ્રેણી શરૂ કરવાનું પણ વિચારી રહી છે.

નુકસાન ઘટાડવા માટે એર ઇન્ડિયાએ મે મહિનામાં લગભગ ૧૫૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ઘટાડી છે. જેમાં દિલ્હી, મુંબઈ અને અમદાવાદ સહિત અન્ય એરપોર્ટથી અમેરિકા અને યુરોપની ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. ■

# એસએસસી અને એચએસસી પરીક્ષા ફીમાં વધારો ઝીંકાશે

મુંબઇ : મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષાઓનું આયોજન કરે છે. બોર્ડ આ પરીક્ષાના નિયમો તેમજ પરીક્ષા અને અન્ય ફી પણ નક્કી કરે છે. હવે પરીક્ષા ફી અંગે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૬ માં યોજાનારી ધોરણ ૧૦ (એસએસસી) અને ધોરણ ૧૨(એચએસસી) ની પૂરક પરીક્ષાઓની ફીમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેનો સત્તાવાર પરિપત્ર રાજ્ય બોર્ડના સચિવ ડો. દીપક માળી દ્વારા જારી કરવામાં આવ્યો છે અને સુધારેલી ફી આગામી પૂરક પરીક્ષાથી જ લાગુ કરવામાં આવશે. સરકારી આદેશ અને બોર્ડની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણયને કારણે, ફરીથી પરીક્ષા આપનારાઓ, અપગ્રેડેશન યોજના હેઠળના વિદ્યાર્થીઓ અને ખાનગી વિદ્યાર્થીઓએ હવે વધારેલી પરીક્ષા ફી ચૂકવવી પડશે.

ધોરણ ૧૦ ના નિયમિત, ટેકનિકલ અને ખાનગી વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી ૫૭૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. વહીવટી, માર્કશીટ અને પ્રમાણપત્ર ફી ૨૦ રૂપિયા રહેશે. વિજ્ઞાન વિષયો માટે પ્રેક્ટિકલ પરીક્ષા ફી ૧૦ રૂપિયા અને ટેકનિકલ વિષયો માટે ૧૦૦ રૂપિયા પ્રતિ વિષય રહેશે. ખાનગી વિદ્યાર્થીઓ પાસેથી ૧,૧૧૦ રૂપિયા નોંધણી ફી અને ૧૦૦ રૂપિયા પ્રોસેસિંગ ફી લેવામાં આવશે.

ધોરણ બારમા વિજ્ઞાન, કલા, વાણિજ્ય, એમસીવીસી અને દ્વિલક્ષી શાખાઓના નિયમિત અને ખાનગી વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂ. ૫૯૦ રહેશે. અન્ય ફીની વિગતો નીચે મુજબ છે. વહીવટી, માર્કશીટ અને પ્રમાણપત્ર ફી દરેક રૂ. ૨૦ છે. સામાન્ય વિષયો માટે પ્રેક્ટિકલ પરીક્ષા ફી રૂ. ૧૫ છે, જ્યારે એમસીવીસી વિષયો માટે વિષય દીઠ રૂ. ૩૦ લેવામાં આવશે. માહિતી ટેક્નોલોજી (આઇટી) માટે ફી રૂ. ૨૦૦ પ્રતિ વિષય નક્કી કરવામાં આવી છે. ૧૨મા ધોરણની અપગ્રેડેશન યોજના માટે રૂ. ૧,૧૮૦ ની પરીક્ષા ફી ચૂકવવાની રહેશે. ■

# ટ્રેનની છત પર ચઢેલા માનસિક વિકલાંગ વ્યક્તિને કલ્યાણ સ્ટેશન પર બચાવાયો

મુંબઈ : મંગળવારે બપોરે મધ્ય રેલ્વેના કલ્યાણ સ્ટેશન પર છત પર મુસાફરી કરી રહેલા માનસિક રીતે વિકલાંગ વ્યક્તિને બચાવવા માટે લોકલ ટ્રેન રોકી દેવામાં આવી હતી.

પચીસ વર્ષીય યુવક બપોરે બે વાગ્યે બદલાપુર-દાદર એસી લોકલની ઉપર સવારી કરતો જોવા મળ્યો હતો. રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે, કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૭ પર ટ્રેનને રોકવામાં આવી હતી અને વીજળીનો શોક લાગવાના જોખમને ટાળવા માટે ઓવરહેડ ઇક્વિપમેન્ટ (ઓએચઈ) પાવર સપ્લાય બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રેલવે સ્ટાફ અને ગવર્મેન્ટ રેલ્વે પોલીસ (જીઆરપી) ના કર્મચારીઓએ તે યુવકને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યો હતો. સંપૂર્ણ સલામતી તપાસ પછી ઓએચઈ સપ્લાય ફરી શરૂ કરવામાં આવ્યો અને ટ્રેન સ્ટેશન પરથી રવાના કરવામાં આવી હતી . અધિકારીએ જણાવ્યું કે સમગ્ર કામગીરી ૧૨ મિનિટમાં પૂર્ણ થઈ ગઈ હતી. ■




‘જીવન ફક્ત એક જ વાર મળે છે. અમે પુનર્જન્મમાં નથી માનતા’

# ફસાયેલા પચાસ ખલાસીઓને મુક્તિઃ બદતર વર્તન બદલ હાઈ કોર્ટની ફટકાર

મુંબઈઃ મુંબઈના દરિયાકાંઠે ત્રણ જહાજના અટવાઈ ગયેલા પચાસ ખલાસીઓને મુક્ત કરવાનો આદેશ બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે આપી અનેક મહિનાઓ સુધી ક્રૂ મેમ્બરોને નજીવો ખોરાક અને પાણી આપીને તેમની સાથે પાળેલા પ્રાણીઓ કરતા પણ બદતર વર્તાવ કરવા બદલ ટીકા કરી હતી.


‘જીવન ફક્ત એક જ વાર મળે છે. અમે પુનર્જન્મમાં નથી માનતા નથી’ એવું જણાવી અદાલતે જહાજ માલિકો પર માનવ જીવનની ઉપેક્ષા કરવાનો અને ક્રૂના સ્વાસ્થ્ય કરતાં તેમની વ્યાપાર હિતને પ્રાથમિકતા આપવાનો આરોપ મૂક્યો હતો.

ખલાસીઓએ હાઇકોર્ટમાં કરેલી અરજીમાં દાવો કર્યો હતો કે શહેરથી લગભગ ૧૧ નોટિકલ માઇલ દૂર દરિયામાં ગેરકાયદેસર ઇંધણ અને બિટ્યુમેન ટ્રાન્સફર માટે ધરપકડ થયા બાદ જહાજ માલિકો દ્વારા નોધારા છોડી દેવામાં આવતા જહાજ પર મામૂલી ખોરાક અને પાણી પુરવઠા વચ્ચે ફસાઈ ગયા હતા.

એમટી એસ્ફાલ્ટ સ્ટાર, એમટી સ્ટેલર રૂબી અને એમટી અલ જાફઝિયા જહાજમાં પચાસ ખલાસીઓ અટવાયા હતા અને તેમાંથી સાત લોકોએ હેબિયસ કોર્પસ (વ્યક્તિ રજૂ કરવા) સાથે હાઇ કોર્ટમાં અરજી કરી હતી.

બધા ખલાસીઓને ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ હિતેન વેણેગાંવકરની ખંડપીઠ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

તેમનામાંથી એક પણ ખલાસી જહાજમાં પાછો નથી જવા માગતો કારણ કે તેમને ખોટી રીતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■
















# પોલીસે નકલી બર્થ સર્ટિફિકેટના કેસોની તપાસ માટે એસઆઈટીની રચના કરી

મુંબઈઃ શહેરમાં બનાવટી દસ્તાવેજોને આધારે મેળવાયેલા નકલી બર્થ સર્ટિફિકેટ્સ સાથે સંકળાયેલા કેસોની તપાસ માટે મુંબઈ પોલીસ દ્વારા સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની રચના કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મહાનગરપાલિકાના અધિકારીઓએ શોધી કાઢ્યું હતું કે ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન સત્તાવાર રેકોર્ડ્સ સાથે ચેડાં કરીને ૮૭,૦૦૦થી વધુ નકલી બર્થ સર્ટિફિકેટ્સ જારી કરાયા હતા.

સમાન બોગસ નોંધણી સૂચવતી સંખ્યાબંધ ફરિયાદો મળ્યા બાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીએ ગુનાઓ અને પ્રાપ્ત ફરિયાદોની સઘન તપાસ કરવા માટે એસઆઇટીની રચના કરવાનો આદેશ આપ્યો હતો.

એસઆઇટીનું નેતૃત્વ જોઇન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) કરશે અને તેમાં ક્રાઇમ બ્રાન્ચ, સ્પેશિયલ બ્રાન્ચ અને ડિટેક્શન યુનિટ્સના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ હશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપના નેતા કિરીટ સોમૈયાએ આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ગેરકાયદે બાંગ્લાદેશીઓ તેમ જ રોહિંગ્યાઓને આ કૌભાંડ હેઠળ નકલી બર્થ સર્ટિફિકેટ્સ જારી કરવામાં આવી રહ્યા છે. (પીટીઆઇ)■



## સંસ્થા સમાચાર

### મુંબઈના સંગીતરસિકો માટે એક અનોખી સાંજનું આયોજન

'આશાતાઇ- ધ ટાઇમલેસ વંડર' સંગીતની એ અમર અવાજને શ્રદ્ધાંજલિ, જેને પેઢીઓ સુધી દિલ જીતી લીધાં છે. ૯ મે ૨૦૨૬, સાંજે ૭ વાગ્યે, બિરલા માતુશ્રી સભાગૃહ, મુંબઈ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં આશા ભોંસલેના અમર ગીતો ફરી એકવાર જીવંત બનશે. આ વિશેષ ટ્રિબ્યુટમાં ગાયકો બેલા સુલાખે, રૈના લાહિરી, સર્વેશ મિશ્રા, તુષાર દિક્ષિત અને વિરેન બિલિસિયા તેમના સુરીલા અવાજમાં આ ગોલ્ડન ઇરા ને ફરી જીવંત બનાવશે. સંગીતનું સંકલન નિતિન જાધવ દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે કાર્યક્રમનું સંચાલન ભીમ સિંહ કરશે.

# મરાઠવાડાના ચાર જિલ્લાઓના ૯૨ ગામોને હવે પાણી માટે ટૅન્કર પર આધાર

છત્રપતિ સંભાજીનગરઃ ઉનાળાની ગરમીમાં વધારો થતાં મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રના ત્રણ જિલ્લાઓના ૯૨ ગામો હવે પાણી પુરવઠા માટે ટૅન્કર પર આધાર રાખે છે, એમ એક અહેવાલમાં જણાવાયું છે.

મંગળવાર સુધીમાં છત્રપતિ સંભાજીનગર, જાલના, લાતુર અને હિંગોલી જિલ્લાઓના ૯૨ ગામો અને ૩૬ વસાહતોને ૧૫૬ ટૅન્કર પાણી પહોંચાડી રહ્યા છે, એમ ડિવિઝનલ કમિશનર ઓફિસના અહેવાલમાં જણાવાયું છે.

છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સૌથી વધુ ૭૧ ગામો અને ૧૪ વસાહતો છે, જ્યાં ટૅન્કર દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. વિડંબના એ છે કે, જિલ્લામાં જાયકવાડી ડેમ છે, જે પૈઠણમાં ગોદાવરી નદી પર બાંધવામાં આવેલા દેશના સૌથી મોટા માટીના બંધોમાંનો એક છે.

અહેવાલમાં જણાવાયું છે કે પાડોશી જાલના જિલ્લાના ૧૯ ગામો અને ૨૦ વસાહતોને ૩૮ ટૅન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે, જ્યારે લાતુરના બે ગામો અને હિંગોલી જિલ્લાની એક વસાહતને ટૅન્કર દ્વારા પાણી મળી રહ્યું છે.

વહીવટીતંત્રે પાણી પૂરું પાડવા માટે મરાઠવાડાના સાત જિલ્લાઓમાં ઘણા ખાનગી કુવાઓ પણ સંપાદિત કર્યા છે.

અહેવાલમાં જણાવાયું છે કે છત્રપતિ સંભાજીનગર (૮૭), જાલના (૩૩), પરભણી (૪), હિંગોલી (૨૪), નાંદેડ (૫૮), બીડ (૩૭) અને લાતુર (૨૫) જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૨૬૮ કુવાઓ સંપાદિત કરવામાં આવ્યા છે.

# બેસ્ટના રિટાયર્ડ કર્મચારીઓને મફત પ્રવાસની સુવિધા હવે નહીં મળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના રિટાયર્ડ કર્મચારીઓને મફતમાં બસપ્રવાસની સુવિધા આપવી શક્ય ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવી છે. નગરસેવકોની માગઈ બાદ બેસ્ટની આર્થિક સ્થિતિ ખખડી ગઈ હોવાથી આ સુવિધા આપી શકાય નહીં એવો જવાબ બેસ્ટ ઉપક્રમે મંગળવારે યોજાયેલી બેસ્ટ સમિતિની મિટીંગમાં આપ્યો હતો. શિવસેના (ઉદ્ધવ)ના ભૂતપૂર્વ નગરસેવક અનંત નરે ૨૦૧૮માં બેસ્ટ ઉપક્રમના કર્મચારીઓને રિટાયર્ડ થયા બાદ પણ બેસ્ટની બસમાં પ્રવાસ કરવા માટેનો પાસ આપવાની માગણી કરી હતી. આ માગણી પણ છેક આઠ વર્ષે બેસ્ટ ઉપક્રમે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. બેસ્ટ ઉપક્રમ ખોટમાં હોવાથી આવી સગવડ આપવી શક્ય ન હોવાનું ઉપક્રમે કહ્યું હતું. બેસ્ટ ઉપક્રમ મારફત નગરસેવક, શારિરીક રીતે અક્ષમ, પોલીસ, સ્વાતંત્ર્યસૈનિક, મહાનગરપાલિકાની સ્કૂલના વિદ્યાર્થીઓને મફત બસ પ્રવાસની સગવડ આપવામાં આવી છે. પત્રકાર, જયેષ્ઠ નાગરિક, ખાનગી સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓને પણ પાસમાં રાહત આપવામાં આવે છે. તો બેસ્ટના કર્મચારી રિટાયર્ડ થાય એ બાદ તેમને પણ પાસ આપવો જોઈએ એવી માગણી કરવામાં આવી હતી પણ બેસ્ટ ખોટમાં હોવાથી તે શક્ય ન હોવાનો જવાબ છેક આઠ વર્ષે બેસ્ટ ઉપક્રમે આપ્યો હતો. એ સાથે જ આ માગણી પર પૂર્ણવિરામ લાગી ગયો હતો.

# રો-રો ફેરીનાં ભાડામાં વધારો થવાની શક્યતા

મુંબઈઃ અખાતી દેશોમાં વધી રહેલા તણાવની સીધી અસર હવે આપણા રોજિંદા વ્યવહાર પર જોવા મળી રહી છે. ઇંધણના વધતા ભાવને કારણે મુંબઈમાં દરિયાઈ પરિવહન મોંઘું થવાની આરે છે, જેની અસર મુંબઈ-માંડવા રો-રો ફેરી સર્વિસ અને પરંપરાગત ફેરી બોટ સેવાઓ પર પડી રહી છે. મુંબઈથી માંડવા જતી રો-રો ફેરી સામાન્ય મુસાફરો માટે એક સસ્તો અને ઉપયોગી વિકલ્પ છે. પરંતુ ડીઝલના ભાવમાં સતત વધારો થવાને કારણે આ સેવાઓનો ખર્ચ વધી ગયો છે. આ કારણે હવે કંપનીઓ ટિકિટના દરમાં વધારો કરવાનું વિચારી રહી છે. મુંબઈમાં હાલમાં ૧૫૦ થી વધુ ફેરી સેવાઓ છે. એક સામાન્ય ફેરીને એક સફર માટે અંદાજે ૩૦ થી ૫૦ લિટર ડીઝલની જરૂર પડે છે. મોટી રો-રો બોટને એક ફેરીમાં અંદાજે ૨૦૦૦ લિટર ઇંધણનો ખર્ચ થાય છે. ઇંધણના ભાવમાં વધારાને કારણે અન્ય ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કંપનીઓ પાસે ભાડા વધારવાનો એકમાત્ર વિકલ્પ બચ્યો છે, તેથી આગામી દિવસોમાં વાહન ટિકિટના ભાવમાં વધારો થવાની સંભાવના છે. જો ભાડામાં વધારો થશે તો તેની અસર રોજિંદા મુસાફરો પર પડશે.

# બે દિવસમાં અઢી લાખ મરઘાંનો ખાતમો

### નંદુરબારમાં બર્ડ ફ્લૂનો ભય

મુંબઈઃ નંદુરબાર જિલ્લો ફરી એકવાર બર્ડ ફ્લૂની ઝપેટમાં આવ્યો છે. જિલ્લાના નવાપુર તાલુકામાં બર્ડ ફ્લૂના કારણે મરઘાં ઉદ્યોગ સંકટમાં મુકાયો છે. રાજ્યના અન્ય ભાગોમાં બર્ડ ફ્લૂ ફેલાતો અટકાવવા માટે વહીવટીતંત્રે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. છેલ્લા બે દિવસમાં અઢી લાખ મરઘાંઓને મારી નાખવામાં આવ્યા છે. ઉપરાંત આઠ લાખ ઈંડાનો નાશ કરવામાં આવ્યો છે.

નવાપુર તાલુકામાં કુલ ૩૮ પોલ્ટ્રી ફાર્મ છે,તેમાંથી ૨૭ કાર્યરત છે. આમાં લાખો મરઘાં છે. વહીવટીતંત્રે જે પોલ્ટ્રી ફાર્મમાં બર્ડ ફ્લૂ ફેલાયો છે તેના એક કિલોમીટરની ત્રિજ્યામાં પક્ષીઓને મારી નાખવાનો આદેશ આપ્યો છે. શનિવારે એક જ દિવસમાં ૩૩,૦૦૦ મરઘાં મારવામાં આવ્યા હતા.

નિયમો મુજબ પોલ્ટ્રી ફાર્મ સંબંધિત મરઘાં, ઇંડા, ખોરાકનો સ્ટોક, પીંછા વગેરેનો નાશ કરવામાં આવી રહ્યો છે. બર્ડ ફ્લૂનો ફેલાવો અટકાવવા માટે વૈજ્ઞાનિક રીતે મરઘીઓનો નાશ કરવામાં આવી રહ્યો છે. આ ઝુંબેશ હાથ ધરવા માટે પશુપાલન વિભાગે ૧૦૦થી વધુ અધિકારીઓ, કર્મચારીઓ, પશુચિકિત્સકો અને સહાયક સ્ટાફની નિમણૂક કરી છે. નાશિકથી નિષ્ણાતોની એક ટીમ પણ નવાપુર આવી છે. ઉપરાંત નવાપુરમાં સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. જંતુ નાશકક્રિયા, નિરીક્ષણ, સર્વેક્ષણ અને વિનિમય પર કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારના એક કિલોમીટરની અંદર મરઘીઓને મારવાનું કામ ચાલી રહ્યું છે. જ્યારે ૧૦ કિલોમીટરના વિસ્તારમાં સર્વેક્ષણનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

નવાપુર મ્યુનિસિપલ કાઉન્સિલ વહીવટીતંત્રે તાલુકામાં ઈંડા, ચિકન અને બિરયાનીના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. આની સીધી અસર હોટલ, ચિકન સેન્ટર, ઈંડા વેચનારાઓ અને છૂટક વેપારીઓ પર પડી છે. બર્ડ ફ્લૂએ મરઘાંની સાથે ફૂડચેનને પણ આર્થિક રીતે અસર કરી છે.

ઉત્તર મહારાષ્ટ્રમાં નવાપુર તાલુકો મરઘાં ઉછેર માટે એક મુખ્ય પટ્ટો માનવામાં આવે છે. છેલ્લા ૧૯ વર્ષમાં નવાપુરમાં ત્રીજી વખત બર્ડ ફ્લૂ ફેલાયો છે. આનાથી મરઘાં ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે.

# કલિંગરની માગ ઘટતા ખેડૂતો મુશ્કેલીમાં

વાડાઃ મુંબઈના નળબજાર વિસ્તારમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોતના બનાવ બાદ તરબૂચ ખાવાથી મૃત્યુ એવો એક બિન-પ્રમાણિત નિષ્કર્ષ સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાયો હતો અને ગણતરીના કલાકોમાં જ રાજ્યભરમાં ડરનો માહોલ સર્જાયો હતો. તરબૂચ ખાવાથી જીવનું જોખમ છે તેવી લોકભાવના પ્રબળ બનતા મુંબઈ, થાણે અને પાલઘર જિલ્લાના બજારોમાં તરબૂચનું વેચાણ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે.

ગ્રાહકોના મનમાં ઉભા થયેલા ડરને કારણે વિક્રેતાઓએ તરબૂચનું વેચાણ બંધ કરી દીધું છે. કેટલાક વેપારીઓના મતે, જો તરબૂચ દુકાનમાં રાખવામાં આવે તો અન્ય ફળોના વેચાણમાં પણ ઘટાડો થઈ રહ્યો છે, તેથી નુકસાન ટાળવા માટે વિક્રેતાઓએ વેચાણ બંધ કરવાનો નિર્ણય લેવો પડી રહ્યો છે. પરિણામે આખી સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે અને તેની સૌથી મોટી અસર ખેડૂતો પર પડી રહી છે.

પાલઘર જિલ્લાના વાડા, વિક્રમગઢ, પાલઘર અને વસઈ પટ્ટામાં તરબૂચ એ મુખ્ય રોકડિયો પાક માનવામાં આવે છે.

આ વર્ષે સીઝનની શરૂઆતમાં કેટલાક ખેડૂતોને પ્રતિ ટન રૂ. ૨૦ થી ૨૩ હજાર સુધીનો ભાવ મળ્યો હતો. જોકે, ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે સર્જાયેલી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને લીધે નિકાસ ઠપ્પ થઈ ગઈ હતી. પરિણામે વેપારીઓએ ખરીદી ઘટાડી દીધી અને ભાવ સીધા ગગડીને અડધા થઈ ગયા. બીજી તરફ, કાળઝાળ ગરમીને કારણે તૈયાર માલ બગડી જવાનો ડર હોવાથી ખેડૂતોએ જે ભાવ મળ્યો તે ભાવે વેચાણ કરી દીધું છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### જાતીય સતામણીના

થી ૯૦ ટકા આરોપીઓ એવા છે જેમની અગાઉ એવા જ ગુનાઓ માટે ધરપકડ કરવામાં આવી હતી અને પેરોલ પર મુક્ત કરવામાં આવ્યા હતા. પેરોલ પર છૂટ્યા પછી તેઓ ફરીથી એવા જ અપરાધ કરતા હોય છે. વારંવાર થતા ગુનાઓને રોકવા માટે કડક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકી સીએમએ કહ્યું છે કે જાતીય ગુનાના આરોપીઓ માટે પેરોલ પર પ્રતિબંધ મૂકતો કાયદો પાછો લાવવો જોઈએ.

### ભિવંડીમાં

નજીકથી જોયા પછી ખ્યાલ આવ્યો કે તે સીતાફળ છે. હવે, આંબાના ઝાડ પર સીતાફળ જોઈને આખું ગામ તેને જોવા માટે એકઠું થઈ ગયું . કુદરતના આ ચમત્કારને જોવા માટે લોકો ભેગા થયા.

આ કઇ રીતે શક્ય બને એનું બધાને આશ્ચર્ય છે. આ ઝાડ પર દર વર્ષે પુષ્કળ પ્રમાણમાં કેરીઓ આવે છે. બીજી મેના રોજ આ ઝાડ નીચે રમતા બાળકોએ પહેલી વાર આ સીતાફળ જોયું. તે પછી તે આખા ગામમાં ચર્ચાનો વિષય બની ગયું છે. આનો વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ ચમત્કાર જોવા માટે લોકો દૂર-દૂરથી આવી રહ્યા છે.

### નિષ્ક્રિય પ્રધાનોની

માટે નવી સંગઠનાત્મક જવાબદારીઓ આપીને આ પ્રધાનોને પ્રધાનમંડળમાંથી દૂર કરશે એમ કહેવાઈ રહ્યું છે. આ ફેરબદલની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે ઘણા નવા અને આક્રમક ચહેરાઓને તક આપવામાં આવશે. એવા સંકેતો મળી રહ્યા છે કે હાલમાં રાજ્ય પ્રધાન તરીકે કાર્યરત કેટલાક અનુભવી પ્રધાનોને કેબિનેટ પ્રધાન તરીકે બઢતી આપવામાં આવશે. એવી પણ માહિતી મળી રહી છે કે જે વિધાનસભ્યોએ પોતાના મતવિસ્તાર અને જિલ્લાઓમાં પક્ષ પર મજબૂત પકડ જાળવી રાખી છે તેમને પણ પહેલીવાર પ્રધાન બનવાની તક મળી શકે છે.

### પુણેમાં

લોકો અસ્વસ્થતા અનુભવવા લાગ્યા હતા. ઘટનાની માહિતી મળતા જ પરિંચે, બેલસર અને ગરાડેની આરોગ્ય ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ગરાડે સબ-સેન્ટરમાં લગભગ ૩૧ દર્દીઓને આઈવી દ્વારા સારવાર આપવામાં આવી હતી. ગંભીર હાલતમાં હોય તેવા દર્દીઓને સાસવડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કુલ ૬૨ અસરગ્રસ્તોમાંથી ૩૮ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે, જ્યારે બાકીના ૨૪ દર્દીઓ હાલમાં સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ સ્થિર છે, એમ આરોગ્ય અધિકારી ડૉ. વિક્રમ કાલેએ માહિતી આપી હતી. આરોગ્ય વિભાગે સોમરડી અને સુપે ગામોમાં ઘરે ઘરે જઈને સર્વે કર્યો છે અને ઝેરનું ચોક્કસ કારણ જાણવા માટે ખોરાકના નમૂના પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. હાલમાં આ કેસમાં કેટરિંગ વ્યવસ્થા અને આયોજકોની તપાસ ચાલી રહી છે.

### ઓપરેશન ટાઇગર

હતી. થોડા દિવસો પહેલા સંજય દિના પાટીલની પત્નીનો અકસ્માત થયો હતો અને તેઓ મુંબઈની ફોર્ટિસ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તેમની પત્નીના આરોગ્યની પૂછપરછ કરવા ગયા હતા. એકનાથ શિંદે ગયા ત્યારે સંજય દિના પાટીલ તેમની કારમાં બેઠા હતા. આને પગલે રાજકીય ચર્ચાઓ શરૂ થઈ છે.

એકનાથ શિંદે અને સંજય દિના પાટીલ જૂના સાથીદારો છે, જૂના સાથીદાર અને મિત્ર તરીકે તેઓ તેમની ખબર પૂછવા માટે હોસ્પિટલ ગયા ત્યાં સુધી તેઓ ઠીક હતા. જોકે, સંજય દિના પાટિલ એકનાથ શિંદે સાથે તેમની કારમાં મુસાફરી કરી ત્યારથી, ઓપરેશન ટાઈગરની ચર્ચા ફરી તેજ થઈ ગઈ છે. કારણ કે થોડા દિવસો પહેલા, એવું બહાર આવ્યું હતું કે ઠાકરે જૂથના કેટલાક સાંસદો શિંદેના સંપર્કમાં હતા. જ્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાંથી બહાર આવી રહ્યા હતા, ત્યારે એક અપંગ મહિલાએ એકનાથ શિંદે પાસે તેમના પુત્રના કામ અંગે મદદ માગી હતી. તે સમયે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમની કાર રોકી અને મહિલા સાથે વાત કરી હતી. મહિલાની વાત સમજ્યા પછી તેમણે તાત્કાલિક કંપનીને ફોન કર્યો અને મહિલાના પુત્રને કામ આપવા સૂચના આપી હતી. આ પછી મહિલાએ એકનાથ શિંદેનો આભાર પણ માન્યો હતો.

### ઑનલાઈન સટ્ટામાં

ગેમ અને સટ્ટાની લત લાગતાં વિવાદ શરૂ થયો હતો. કહેવાય છે કે સટ્ટો અને જુગારમાં દેવું થતાં મહેશે પાંચ એકર જમીન ગુમાવી હતી. બાકીની જમીન પોતાના નામ પર કરવા માટે પત્નીને પિયરથી રૂપિયા લઈ આવવા મહેશ સતત ત્રાસ આપતો હતો. વારંવાર મહેશ દ્વારા કરાતી મારપીટથી કંટાળી પત્ની ચાર અને પાંચ વર્ષની બે દીકરીને લઈ પિયર જતી રહી હતી.

પત્નીને ઘરે પાછી આવવા માટે મહેશ વારંવાર તેને ફોન કરતો હતો, પરંતુ સમાજના મોવડીઓની મધ્યસ્થી વિના સાસરે આવવાનો અશ્વિનીએ ઇનકાર કર્યો હતો. આ વાતે રોષે ભરાયેલો મહેશ બીજી મેની સાંજે પાંચ વાગ્યાની આસપાસ અશ્વિનીના ઘેર ગયો હતો. બાઈકમાંથી ડીઝલ એક બૉટલમાં ભરીને આરોપી ગયો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું. કહેવાય છે કે દંપતી વચ્ચે બોલાચાલી થતાં આરોપીએ તેની બન્ને દીકરી પર ડીઝલ રેડ્યું હતું. પછી દીવાસળી ચાંપવા જતો હતો ત્યારે સ્થાનિક રહેવાસીઓ દોડી આવ્યા હતા અને બન્ને બાળકીને બચાવી લીધી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### માર્કશીટમાં

હાલમાં જ પરીક્ષાનું રિઝલ્ટ આવ્યું હતું. બાળકીએ ભાઈના રિઝલ્ટમાં છેકછાક કરી હતી, જે જોઈને પિતા શાંતારામનું મગજ છટક્યું હતું. કહેવાય છે કે દારૂના નશામાં ચૂર શાંતારામે પહેલાં બાળકીને લાકડાથી ફટકારી હતી. પછી ઝાડ કાપવાના કટરથી તેના પર ઘા ઝીંક્યા હતા. આ હુમલામાં બાળકીનું મૃત્યુ થયું હતું. ગુનાને છુપાવવા આરોપીએ બાળકીના મૃતદેહને સાડીમાં વીંટાળી હતી અને પછી ઘરને આગ લગાડી હતી. બનાવની જાણ થતાં દોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

### થાણે અને મીરા-ભાયંદર

પણ ૭ મે, ગુરુવારના પાણીપુરવઠો બંધ રહેશે. 'અલ નિનો'ના પ્રભાવ હેઠળ આ વર્ષે ચોમાસું લંબાઈ જવાની શક્યતા છે. તેથી જળસિંચાઈ વિભાગે પાણીનું નિયોજન કરવા માટે પાણીકાપ લાગુ કર્યો છે. તે મુજબ એમઆઈડીસી તરફથી શહેરમાં થનારો પાણીપુરવઠો મહિનામાં બે વખત બંધ રહેશે. ૭ મે અને ૨૧ મેના શહેરમાં પાણીપુરવઠો ૨૪ કલાક માટે બંધ રહેશે, જેમાં સાત મેના ગુરુવારે બપોરના ૧૨થી ૮ મે, શુક્રવારના બપોરના ૧૨ વાગ્યા સુધી શહેરનો પાણીપુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. તો ૨૧ મે, ગુરુવારના બપોરના ૧૨ વાગ્યાથી ૨૨મે, શુક્રવારના બપોરના ૧૨ વાગ્યા સુધી પાણીપુરવઠો બંધ રહેશે.

### મુંબઈ-થાણે

હોવાથી મુંબઈગરા પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. આગામી દિવસમાં પારો હજી ઊંચે જવાનો અને ગરમીનું પ્રમાણ વધવાની શક્યતા છે. તો આઠ મે સુધી મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં વીજળીના ચમકારા અને તીવ્ર પવન સાથે હળવો વરસાદ પડવાની પણ શક્યતા છે. હવામાન વિભાગે આજથી શનિવાર સુધી ચાર દિવસ માટે મુંબઈ, થાણે, રાયગડ, પાલઘર, રત્નાગિરી માટે યલો અલર્ટ આપ્યું છે. આ ચાર દિવસ તાપમાન હજી ઊંચું જઈ શકે છે અને પારો ૪૦ ડિગ્રી સુધી જવાની શક્યતા છે. તેથી નાગરિકોને સંભાળીને રહેવાની ચેતવણી આપવામાં આવી છે.

### પૂર્વ - પશ્ચિમ એક્સપ્રેસ-વે

એક્સપ્રેસ-વેની કુલ લંબાઈ ૧૯ કિલો મીટર અને પહોળાઈ ૬૦ મીટર છે. વેસ્ટર્ન એક્સપ્રેસવે ૨૬ કિલોમીટર લાંબો છે અને તેની સરેરાશ પહોળાઈ ૪૨ મીટર છે. આ બંને હાઇવે મુંબઈ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને લાખો મુસાફરો દરરોજ તેના પર મુસાફરી કરે છે. ૨૦૨૨માં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા પૂર્વીય અને પશ્ચિમ એક્સપ્રેસવેને જાળવણી અને સુધારણા માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ માર્ગ પર વાહનોની આવનજાવન મોટી માત્રામાં રહે છે. જોકે સતત ટ્રાફિકને કારણે ઘણી જગ્યાએ રસ્તા પર ખાડા પડી ગયા છે.

## પારસી મરણ

પેરીન પરવેઝ તમપાલ તે મરહુમ પરવેઝના ધનયાની. તે મરહુમો ફેની બરજોરજી દારૂવાલાના દીકરી. તે મરહુમો શીરીનમાય હોરમઝજી તમપાલના વહુ. તે ફિરોઝ ને દિનાઝ મોજીયાના માતાજી. તે ફરોખ મોજીયાના સાસુજી. તે મીનુ, ઝરીર ને મરહુમો ડાલીને ખરશેદના બહેન. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૭એ/૪, તાતા કોલોની, સર રતન તાતા રોડ, તુલસીવાડી, મુંબઇઃ૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

ફ્રેની રતનશા બુહારીવાલા તે મરહુમ રતનશાના ધનીયાની. તે મરહુમો મેહરબઇ મંચેરજી મિસ્ત્રીના દીકરી. તે યઝદી, રોહીનતન, હુતોકશીના માતાજી. તે નરગીશ, પરવીન ને જમશેદના સાસુજી. તે પરવીન તથા મરહુમો હોમી, ડાલી, ફિરોઝ, ધન, બાનુ ને કેતીના બહેન. તે હનોઝ ને નતાશાના બપઇજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૧૦ ગુલ મહલ, એ-૧૧, નોશીર ભરૂચા માર્ગ, ગ્રાન્ટ રોડ પોસ્ટ ઓફિસ, સ્લેટર રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૬-૫-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, મીથઇવાલા અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ દેવધા હાલ બીલીમોરાના ચિમનભાઈ છબીલદાસ પટેલ (૭૧) તા.૧-૫-૨૬ ના રોજ દેવલોક પામ્યા છે. તે મંજુલાબેનના પતિ, સ્વ.રાકેશ,મનીષના પિતા, ગં.સ્વ.આશાના સસરા, હિતના દાદા, ચંપાબેન, જયંતિભાઈના ભાઈ, ઈલાબેનના જેઠ. એમનું બેસણું ગુરુવાર તા.૭-૫-૨૬ સવારે ૧૦ થી ૧, બારમું (પુચ્છ પાણી) મંગળવાર તા.૧૨-૫-૨૬ બપોરે ૨ થી ૪, તેરમું બુધવાર તા.૧૩-૫-૨૬ ના રોજ નિવાસ સ્થાને રાખેલ છે.ઠે. ૩૨-શ્રોફ કોમ્પ્લેક્ષ, ગુપ્તા હોસ્પિટલની બાજુમાં, બીલીમોરા વેસ્ટ સ્ટેશન પાસે (લૌકિક વ્યવહાર બંધ છે).

**હાલાઈ લોહાણા**

ગામ ચોરવાડ હાલ ગોરેગામ, ગં.સ્વ. સવિતાબેન ઈશ્વરલાલ કાપડીયા (કાનાબાર) (ઉં. વ. ૯૨) તા. ૧.૫.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ઈશ્વરલાલના ધર્મપત્ની, સ્વ. ઉદયભાઈ, વિપિનભાઈ તથા જયશ્રીબેન દીપકકુમાર સુખાનીના માતુશ્રી. રૂપાબેન અને નીલમના સાસુ. શીતલબેન, કૃણાલભાઈ, રાજીવભાઈ તથા જીયા કૃણાલ સુખાણીના નાનીમા. હેમલ, કૌશલ અને ધાર્મિકના દાદીમા. ધારી નિવાસી સ્વ. ચંપાબેન રવજીભાઈ ઉનડકટના દીકરી. લૌકિક રિવાજ બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

શ્રીમતી શારદા નાનાલાલ સાગર (ઉં.વ. ૮૪) કટક ઊડીસા મુકામે તા.૨ મે શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેઓ સ્વ. નાનાલાલ વિઠલદાસ સાગર (મહુવાવાળા)ના ધર્મપત્ની, કમલેશભાઈ, કિશોરભાઈ, નીલાબેન કનુભાઈ રાઠોડના માતુશ્રી, અભિનેત્રી ભક્તિ રાઠોડ અને ચિત્રલેખાના નાની, અ.સૌ.મૌસમ અને અ.સૌ. નૂતનના સાસુ, મોહિની અંકિત સતીકુંવર, કરણ, હેમાંગીની અને દેવરાજના દાદી. સર્વ લૌકિક પ્રથા કટક મુકામે રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મરોલી નિવાસી હાલ પૂના, સ્વ. ઉદયકાંત રમાશંકર જોષી, તે તરૂણ તથા હર્ષલના પિતાશ્રી. અ.સૌ. હેતલ અને અ.સૌ. ઈશાના સસરા. દિયા, ચિ. ભૂમિ, મિહિત, વેદા તથા સિયાના દાદા. આશિષ તથા અ.સૌ. લીનાના કાકા. સોમવાર તા. ૦૪.૦૫.૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવારે તા. ૦૯.૦૫.૨૬ના સાંજે ૫.૦૦ થી ૮.૦૦. કોમ્યુનિટી હોલ, સ્વસ્તિક રેસીડેન્શી, ફેઝ ૨, સરસ્વતી વિદ્યાલયની પાસે, કવેસર, આનંદ નગર, થાણે વેસ્ટ.

**વૈષ્ણવ વાણિકા જ્ઞાતિ**

મૂળ અમદાવાદ હાલ મુંબઈ, સુશ્રી કૃતિ જગદીશચંદ્ર મહેતા (ઉં. વ. ૬૪) તે સ્વ. જગદીશચંદ્ર મહેતા, સ્વ. કોકિલાબેન મહેતાનાં દીકરી તા. ૧/૫/૨૬નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના તા. ૭/૫/૨૦૨૬નાં ગુરૂવારે સાંજે ૫ થી ૭. તેમના નિવાસસ્થાનેઃ ૨૦૧/ અનુરાગ બિલ્ડીંગ, ટાગોર રોડ, સરલા હોસ્પિટલ પાસે, સાંતાક્રુઝ વેસ્ટ.

**કચ્છી લોહાણા**

અ.સૌ. મીના અને કેકીન રસિક ગણાત્રાના સુપુત્ર સ્વ. હર્ષ (ઉં. વ. ૨૮) ગામ મંજલ મંગવાણા હાલે મુલુંડ, તે સ્વ. ચંદ્રાબેન રસિકભાઈ ગણાત્રાના પૌત્ર. હેમના મોટાભાઈ, સ્વ. કલાવતીબેન જગદીશભાઈ ભગદે (ઠક્કર)ના દોહિત્ર. સૌ. વર્ષાબેન કેતન ગણાત્રા, સચિન, સમીર, હિરેન, નિખિલના ભત્રીજા, અ.સૌ. ભાવના રૂપેશ, સૌ. નિશા જતીન ભગદે, (ઠક્કર) ના ભાણેજ. તા. ૪/૫/૨૬ને સોમવારે શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬/૫/૨૬ને બુધવારે ૫ થી ૭. પરમેશ્વરી સેન્ટર, મદન મોહન માલવિયા રોડ, અચીજા હોટલની બાજુમાં, આશાનગર, મુલુંડ વેસ્ટ. બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સાવરકુંડલા નિવાસી હાલ સાંતાક્રુઝ કમલેશભાઇ મનસુખલાલ પારેખના ધર્મપત્ની અ.સૌ.છાયાબેન (ઉં. વ. ૬૩) તે શ્રીજી શુભાંકર ભટ્ટાચાર્ય અને શ્રેણુજના માતુશ્રી. કરદેજ નિવાસી સ્વ. હરિલાલ રેવાશંકર યાજ્ઞિકની દીકરી. મધુબેન, જયશ્રીબેન, સ્વ. આશાબેન, કિરણબેન, હરીશભાઇના ભાભી. સ્વ. રાજેન્દ્રભાઇ અને સ્વ.હર્ષદભાઇના નાના બહેન તા. ૩-૫-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭-૫-૨૬ ગુરુવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. બિલાવર ભવન, ત્રીજે માળે, ગુરુનારાયણ માર્ગ, આનંદનગર, સાંતાક્રુઝ (પૂર્વ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વિંઝાણ હાલ માટુંગા ચંદાબેન જગદીશભાઇ કેસરીયા (ઉં. વ. ૬૯) સ્વ. ભાગીરથીબેન હંસરાજ કેસરીયાના પુત્રવધૂ. જગદીશ કેસરીયાના પત્ની. સ્વ. હીરાબેન જમનાદાસભાઇ સોમૈયા (ગુંદાળા-કચ્છ)ના પુત્રી. સૌરભ, પારસના માતા. દર્શના, મનીષાના સાસુ. હૃષા, પશ્વી, આધ્યાના દાદી તા. ૪-૫-૨૬ સોમવારના અવસાન પામેલ છે.બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૫-૨૬ બુધવારના સાંજે ૫થી ૭. ઠે. શ્રી લખમશી નપુ હોલ, તેલંગ રોડ, માટુંગા, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

હેમરાજ ચતુર્ભુજ આશર (ઉં. વ. ૯૨) તે સ્વ.ગોમતીબાઇ ચતુર્ભુજ ગોરધનદાસ (ધનાણી)ના સુપુત્ર. સ્વ. ખટાઉ, સ્વ. પદમાબેન, સ્વ. હરિદાસ, સ્વ. મધુરીબેન, સ્વ. ચંદ્રકાન્ત અને નલિનના ભાઇ. તા. ૪-૫-૨૬ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૬-૫-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. કે. સી. કોલેજ હોલ, ૧૨૪, દિનશાહ વાચ્છા રોડ, ચર્ચગેટ, મુંબઇ-૨૦.

**કચ્છી વૈષ્ણવ ભાટીયા**

હર્ષા આશર તા. ૪-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.દિનેશ હંસરાજ આશરના પત્ની અને ચિરંજીવી ખ્યાતિ આશરના માતા. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**સોરઠ વિશાશ્રીમાળી દેરાવાસી જૈન,**

એડિસ અબાબા નિવાસી હાલ મુંબઈ, ચંપકલાલ જેઠાલાલ શેઠ (ઉં. વ. ૯૦) તા. ૫ મે ૨૦૨૬ના અરિહંત શરણ પામેલા છે. તે સ્વ.જ્યોત્સનાબેનના પતિ. ભારતી, મયુરી, ચેતના અને નૈનેશના પિતા. સ્વ. અશોક, પંકજ, સ્વ. ભરત તથા જાગૃતિના સસરા. જીનય,યશના દાદા, જેનીલ, માનસી, હર્ષિલ, હેતવી, વિશાલ, રિયાના નાના. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની ખાખરના બા.બ્ર. નાગજી લખમશી દેઢીયા (ઉં. વ. ૮૮) શ્રી રામદેવપીરના સેવક તા. ૩/૫/૨૬ના અવસાન પામેલ છે. ફરાદ્રીના સ્વ. હરીરામ ખેરાજ સોનીના શિષ્ય સ્વ. માતુશ્રી કુંવરબાઇ કુંવરજી સારંગના પૌત્ર. સ્વ. માતુશ્રી વેલબાઇ લખમશીના પુત્ર. બીદડાના સ્વ. ખેતશી ગોપા ગડાના દોહિત્ર. સ્વ. મોરારજી, સ્વ. કલ્યાણજી સ્વ. કેશવજી સ્વ. રતનબેન, સ્વ. વેજબાઇ, સ્વ. જવેરબેનના ભાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. નાગજી દેઢિયા, રૂમ નં. ૧ ફાતીમાબાઇ ચાલ, ડી.એન. દુબે રોડ, આંબાવાડી, દહીંસર (ઇ.), મું. ૬૮.

શેરડીના દિલીપ હરિયા (ઉં. વ. ૬૨) તા. ૪-૫-૨૦૨૬ ના અવસાન પામેલ છે. માતૃશ્રી મકાંબાઈ કાનજી ધરમશીના પુત્ર. જયશ્રીના પતિ. દિપેન અને પીયૂષના પિતાશ્રી. શાંતિલાલ, દિનેશ, દેવપુરના ભાનુ રમેશ, ભોજાયના ગુલાબ લક્ષ્મીચંદ, કોટડા રોહાનાં લતા ખુશાલ, તથા માપરના આરતી અતુલના ભાઈ. ભોજાયના ઝવેરબેન પોપટલાલ ભાણજી નાગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. સરનામુંઃ દિલીપ હરિયા, સેક્ટર ૮, સી-૩૨, ૨૦૧, શાંતીનગર, મીરા રોડ ઈસ્ટ, થાણે ૪૦૧૧૦૭.

વડાલાના લલિત સવરાજ ગાલા (સોઢા) (ઉં. વ. ૬૮) ૩૦/૪ના કચ્છ વડાલા મધે અરિહંત શરણ પામેલ છે. સોનબાઇ / સાકરબાઇ સવરાજના પુત્ર. દમયંતીના પતિ. સ્વ. માવજી, સ્વ. શાંતીલાલ, નેમજી, અરવિંદ, ધીરેન મેંગ્લોરના સ્વ. હેમકુંવર પુરષોતમ નાયક ગુંદાલા ગુણવંતી મહેન્દ્ર રાંભિયા વડાલા માયા મણીલાલ નીસરના. તુંબડી જ્યોતી કિશોર સાવલા વડાલા બહેનતુલ્ય સવિતા ટોકરસીના ભાઇ. બારોઇ હાંસબાઇ (કસ્તુરબેન) કુંવરજી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સાકરબાઇ સવરાજ ગાલા તરા ફળિયો ચક્કીની સામે, કચ્છ-વડાલા ૩૭૦૪૧૦.

મોટા આસંબીયાના હિરાબેન નાગજી છેડા (ઉં. વ. ૮૬) તા. ૪-૫-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી કાનબાઈ નાનજી દેવશી છેડાના પુત્રવધૂ. નાગજીના પત્ની. સ્વ. ભરત, રાજેશ, કલ્પનાના માતા. મોટા આસંબીયાના માતુશ્રી લાછબાઇ આશારીયા કુરપારના પુત્રી. કલ્યાણજી, વશનજી, વલ્લભજી, સ્વ. રસીક, કોડાયના સ્વ. લક્ષ્મીબેન પ્રેમજી ગડા, ફરાદ્રી અમૃતબેન વશનજી, રામાણીયા રેવંતી ભરત સાવલાના બેન. પ્રાર્થના રાખેલ નથી નિ. રાજેશ છેડા, એ/૯૦૩, ઝેનીથ ટોવર, પી.કે. રોડ, કેશવપાડાની સામે, મુલુંડ (વે.), મું. ૮૦.

**સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ ન્યુજર્સી (યુએસએ) ધવલ જિતેન્દ્ર (કિશોર) શાહ (ઉં. વ. ૫૧) તા. ૩-૫-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે જિતેન્દ્ર (કિશોર) શિવલાલ શાહ અને રેખાબેનના સુપુત્ર. હેતલબેનના પતિ. વીહાન, ઉદાંતના પિતાશ્રી. ધરાબેન જીજ્ઞેશભાઇ બદાનીના મોટાભાઇ. રિયા, નીકિતના મામા. જોસનાબેન પ્રદીપભાઇ દફતરીના જમાઇ. અંતિમવિધિ ન્યુજર્સીમાં કરેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ત્વચા દાન કરેલ છે.

**હરસોલ સત્તાવીશ વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

રણાસણ નિવાસી હાલ મુંબઇ સ્વ. વોરા મનહરલાલ અમૃતલાલના પત્ની ચમેલીબેન (ઉં. વ. ૭૩) તા. ૩-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અંક્તિ-માનસી, કામીનીબેન-જયેશકુમાર, મેઘનાબેન-યતિનકુમાર, ઉર્વિબેન-સ્નેહલકુમારના માતુશ્રી. સ્વ. હેમલતાબેન, સ્વ. વસંતભાઇ, પ્રેમલતાબેન, લીલાવતીબેન, સ્વ. પ્રેમીલાબેન, કુસુમબેન, દમયંતિબેન, લતાબેન, વર્ષાબેનના ભાભી. રાન્યા, ટવીશા, રીયાના, સલોની, રીતી, પાર્થ, સાગર, વૈશ્વી-મીત, હેત, ફિયોના, ફેલ્મી, દેવાંશી, ધ્યાના, હૃદય, નીલ-વૃષ્ટિ, સંયમ, આર્યા, ધ્રુમિલ, રીષી, રીયાંશી, આર્નિકના દાદી. પિયર પક્ષે : સ્વ. શારદાબેન ઉતમલાલ હકમચંદ શાહના સુપુત્રી. માતુવંદના તા. ૬-૫-૨૬ બુધવારના બપોરે ૩થી ૫. ઠે. શ્રેત્રપાલ જૈન અતિથીભુવન, ઝાવબાવાડી, ચીરાબજાર, ઠાકુરદ્વાર, મુંબઇ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયા) નિવાસી હાલ મુલુંડ સ્વ. શેઠ ચત્રભુજ બાવચંદભાઇના ધર્મપત્ની હીરાલક્ષ્મીબેન (ઉં. વ. ૧૦૨) તા. ૪-૫-૨૬ના અવસાન પામેલ છે. તે દીલીપ, પંકજ, સ્વ. અનસુયાબેન શશીકાંત શાહ (સિહોર), ઉષાબેન હસમુખરાય દોશી (મોરચુપણા) જયોત્સનાબેન અશોકકુમાર (ચિત્તલ), છાયાબેન મુકેશકુમાર શાહ (બાબરા)ના માતુશ્રી. ભાવના, તરુણાના સાસુ. મિતેષ, નીકીત, માનસી, અભિષાના દાદી. પિયરપક્ષે અમરેલીવાળા (હાલ કલકતા) ધીરજલાલ વનમાળીદાસ કોરડીયાના બેન. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી સ્થા. વિ. શ્રીમાળી જૈન**

શેખપર નિવાસી હાલ બોરીવલી જયેશ ધીરજલાલ શાહના પત્ની શીતલ (શૈલા) (ઉં. વ. ૬૦) તે મિતુલ, વિનિષા નિરવકુમાર શાહના માતા. શૈલેષ, વર્ષા રમેશકુમાર તુરખીયા, નયના (નીતા) ભરતકુમાર શાહ, બિંદુ અશોકકુમાર મોદીના ભાભી. પિયર પક્ષે (રાજસીતાપુર નિવાસી) હિતેશ પ્રવીણચંદ્ર શાહ, સંગીતા આસિતકુમાર શાહ, ફાલ્ગુની ભાવેશકુમાર ખંધારના બહેન. રચિતા મિતુલ શાહના સાસુ. ભૂપેન્દ્રભાઇ નાથાલાલ કોઠારી, પરેશભાઇ નવીનચંદ્ર શાહના વેવાણ. તા. ૪-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈન્ટરવલ



કવર સ્ટોરી_નિલેશ વાઘેલા

feedback@bombaysamachar.com

# સંરક્ષણ ક્ષેત્રે ભારતની આકાશી છલાંગ

## જાણો ફ્રાન્સ, અમેરિકા અને રશિયાના જેટને પણ ટક્કર આપે એવાં શક્તિશાળી ભારતીય ફાઈટર જેટ વિશે...

**મધ્યપૂર્વમાં** અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર કરેલા હુમલા બાદ લગભગ ત્રીજા વિશ્વયુદ્ધમાં તબદીલ થઇ ગયેલી લશ્કરી કવાયતે વિશ્વના તમામ દેશને સંદેશ આપ્યો છે કે શસ્ત્રસંરજામ ક્ષેત્રે સ્વાવલંબન અનિવાર્ય છે. આજના જમાનાના અત્યાધુનિક યુદ્ધમાં સેટેલાઇટ ઇમેજ, રડાર સિસ્ટમ, મિસાઇલ, ડ્રોણ ટેકનોલોજી, અને ઘાતક હોવા સાથે ઇન્ટેલિજેન્ટ વૉરફેર ટેકનોલોજી ધરાવતા ફાઇટર જેટની ભૂમિકા ખૂબ મહત્ત્વની રહે છે.

ભારતે બ્રહ્મોસ મિસાઇલ દ્વારા વિશ્વમાં ડંકો વગાડી દીધો છે અને ઓપરેશન સિંદૂર પછી તો આ ભારતીય મિસાઇલ માટે અનેક દેશના ઓર્ડર મળવા પણ શરૂ થઇ ગયા છે. હાલ ચાલી રહેલા યુદ્ધમાં એક બીજો પાઠ એ ભણવા મળ્યો કે આ યુદ્ધાસ્ત્રો કે વાહન માધ્યમો માટે સ્વાવલંબન પણ અનિવાર્ય છે. અખાતના દેશોને રક્ષણ આપવામાં અમેરિકન મશીનરી સંદતર નિષ્ફળ નિવડી છે.

એ જ સાથે આપણે ફ્રાન્સ પાસેથી રાફેલના આધુનિક વર્ઝન તો મેળવી રહ્યાં છીએ, પરંતુ તે આપણે સોર્સ કોડ આપવા તૈયાર નથી. એક નિવૃત્ત લશ્કરી અધિકારીએ એવો મત આપ્યો છે કે સોર્સ કોડ આપે તો પણ આ લગભગ પચાસેક વર્ષ જૂની ટેકનોલોજી ધરાવતા ફાઇટર જેટને આપણા હવાઇદળમાં સ્થાન આપવું ડહાપણ ભર્યું લાગતું નથી.

ખેર આપણે આજે ભારતીય સંરક્ષણ ક્ષેત્ર માટે વધુ એક ગર્વ લેવા જેવી બાબત તરફ નજર દોડાવવી છે. ભારતે રાફેલ અને એસયુ-૩૦ મેક કરતાં વધુ શક્તિશાળી ફાઇટર જેટ વિકસાવ્યું છે. ભારતના એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ - એમ્કા) અંગે એક મોટી અપડેટ અનુસાર ડિફેન્સ સાયન્ટિસ્ટ આ કાર્યક્રમ હેઠળ વિકસિત ફાઇટર જેટમાં એવી ટ્રેકિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તૈયારી કરી રહ્યા છે, જે તેમને રડારથી છટકી જતા લક્ષ્યોને પણ ભસ્મીભૂત કરવા સક્ષમ બનાવશે.

**સ્વદેશી પેસિવ ઇન્ફ્રારેડ સર્ચ એન્ડ ટ્રેક (આઇઆરએસટી) સિસ્ટમ**

આનાથી વિમાનની ક્ષમતા અનેકગણી વધશે. એમ્કા હેઠળ વિકસિત ફાઇટર જેટ રાફેલ અને એસયુ- ૩૦ એમકેઆઇ કરતાં અનેકગણા વધુ શક્તિશાળી હશે. આ વિમાનો અમેરિકાના એફ-૩૫ અને રશિયન એસયુ -૫૭ સાથે પણ સ્પર્ધા કરશે.

ભારતના સ્વદેશી પાંચમી પેઢીના ફાઇટર એરક્રાફ્ટ પ્રોગ્રામ એમ્કાને મોટો ટેકનોલોજીકલ વેગ મળવાની તૈયારી છે. આ વિમાનમાં એક અત્યાધુનિક, સ્વદેશી પેસિવ ઇન્ફ્રારેડ સર્ચ એન્ડ ટ્રેક (આઇઆરએસટી) સિસ્ટમનો સમાવેશ થશે, જે સ્ટીલ્થ યુદ્ધભૂમિની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિકસાવવામાં આવી છે.

આ સિસ્ટમ કોઈપણ સંકેત છોડ્યા વિના લાંબા અંતર પર ઓછી દૃશ્યતા ધરાવતા દુશ્મન લક્ષ્યોને શોધી શકશે, જેનાથી વિમાનની પોતાની સ્ટીલ્થ ક્ષમતાઓ જળવાઈ રહેશે. સરળ શબ્દોમાં કહીએ તો આ ફાઇટર જેટની નજરમાંથી કોઇપણ શત્રુ જેટ છટકી નહીં શકે.

આ અદ્યતન આઇઆરએસટી સિસ્ટમની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા તેની ડ્યુઅલ-બેન્ડ ક્ષમતા છે, જે મિડ-વેવ ઇન્ફ્રારેડ (એમડબલ્યુઆઇઆર) અને લોંગ-વેવ ઇન્ફ્રારેડ (એલડબલ્યુઆઇઆર) સ્પેક્ટ્રમ બંનેમાં કાર્યરત છે. આનાથી તે એન્જિનમાંથી ગરમ એક્ઝોસ્ટ પ્લુમ જ નહીં, પરંતુ સ્ટીલ્થ એરક્રાફ્ટના હાર્ડ-બોડી હીટ સિગ્નેચરને પણ શોધી શકે છે. આ સિસ્ટમ આપણાં ફાઇટર જેટને આધુનિક સ્ટીલ્થ ફાઇટર સામે ખૂબ અસરકારક બનાવે છે.

**અમેરિકાના એફ -૩૫ અને એફ - ૨૨ રેપ્ટરને પણ ટક્કર આપશે**

ઇન્ડિયન ડિફેન્સ ન્યૂઝના એક અહેવાલ મુજબ, આ સિસ્ટમ વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ અંતરે એફ-૩૫ લાઇટનિંગ ટુ અને એફ-૨૨ રેપ્ટર જેવા યુએસ સ્ટીલ્થ ફાઇટર જેટને ટ્રેક કરવામાં સક્ષમ હોઈ શકે છે. આ ક્ષમતા, ખાસ કરીને એવી પરિસ્થિતિમાં જ્યાં રડારનો ઉપયોગ જોખમી હોય, તેમાં ભારતીય વાયુસેના માટે એક મહત્ત્વપૂર્ણ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

આ આઇએરએસટી સંપૂર્ણપણે પેસીવ સિસ્ટમ છે. સરળ ભાષામાં કહીએ તો આ સિસ્ટમનો લાભ એ છે કે તે કોઈપણ રેડિયેશન અથવા સંકેતો ઉત્સર્જિત કરતી નથી. આ ખૂબી દુશ્મનને વિમાનનું સ્થાન શોધવાથી અટકાવે છે અને તેને અત્યાધૂનિક ઇલેક્ટ્રોનિક યુદ્ધ વાતાવરણમાં પણ અસરકારક બનાવે છે. તેને વિમાનના નોઝ સેક્શનમાં ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ ટાર્ગેટિંગ સિસ્ટમ (ઇઓટીએસ) તરીકે સંકલિત કરવામાં આવશે, જેનાથી વિમાનના રડાર ક્રોસ સેક્શન (આરસીએસ) જળવાઇ રહે.

**દુશ્મન માટે બચવું અશક્ય**

આ પ્રોજેક્ટ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન - ડીઆરડીઓ)ના નેતૃત્વ હેઠળ વિકસાવવામાં આવી રહ્યો છે અને ભારતની સંરક્ષણ ખરીદી પ્રક્રિયાની મેક -ટુ શ્રેણી હેઠળ તેને અનુસરવામાં આવી રહ્યો છે, જે સ્વદેશી તકનીકોને પ્રાથમિકતા આપે છે. તે ગેલિયમ નાઇટ્રાઇડ (જીએએન) ચિપ્સ જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવાનું પણ વિચારી રહ્યું છે, જે ઉચ્ચ તાપમાનમાં સુધારિત પ્રદર્શન અને વધુ કાર્યક્ષમતા પ્રદાન કરે છે.

વૈજ્ઞાનિકો કન્ફોર્મલ આઇઆરએસટી ડોમ પર પણ કામ કરી રહ્યા છે, જે વિમાનની સ્ટીલ્થ ક્ષમતાઓને વધુ વધારી શકે છે અને ૩૬૦-ડિગ્રી સર્વેલન્સને વધુ સક્ષમ કરી શકે છે. સિસ્ટમનું પરીક્ષણ કરવા માટે હોકર ૮૦૦ જેવા પ્લેટફોર્મ પર ફલાઇટ ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે, જે તેની માન્યતા અને શુદ્ધિકરણમાં એક મહત્વપૂર્ણ પગલું હશે.

**સ્વદેશી સંરક્ષણ કાર્યક્રમ નવી ઊંચાઈ તરફ**

સંરક્ષણ નિષ્ણાતો માને છે કે આ આઇએરએસટી સિસ્ટમ એમ્કાના એમકે-વન અને એમકે-ટુ બંને પ્રકારો માટે મહત્ત્વપૂર્ણ રહેશે. આ સિસ્ટમ ભારતીય વાયુસેનાને, ખાસ કરીને જ્યાં રડાર નિષ્ક્રિય અથવા વિક્ષેપિત થઈ શકે, એવી પરિસ્થિતિઓમાં વ્યૂહાત્મક લાભ આપશે. એકંદરે, આ ટેકનોલોજીને ભારતના સ્વદેશી સંરક્ષણ કાર્યક્રમને નવી ઊંચાઈઓ પર લઈ જવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ■

---

આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

feedback@bombaysamachar.com

પ્રફુલ શાહ

# પામોલિનની ખરીદીમાં સરકારને ચૂનો ચોપડવાનો ચીકણો કારસો

**રાજકારણીઓ** કૌભાંડ માટે કોઈ ચીજ છોડતા નથી. કરથી કફન, રોડથી પ્લેન, દવાથી દારૂ, શિક્ષણથી પોષણ ને કુપોષણ પણ...આ કૌભાંડના સાગરમાં ડૂબીને આજે જોઈએ પામોલિન તેલ કૌભાંડ.

૧૯૯૧-૧૯૯૨નો પામોલિન આયાત કૌભાંડ (પામોલિન કેસ કે પામોલિન ભ્રષ્ટાચાર કેસ) કેરળ રાજ્યના પીઢ કૉંગ્રેસી નેતા કે. કરુણાકરણના નેતૃત્વ હેઠળની સંયુક્ત લોકતાંત્રિક મોરચા (યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ-યુ. ડી. એફ.) સરકારની અણગમતી ભેટ છે. આ કૌભાંડ ભારતના કાનૂની અને રાજકીય ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. આ માત્ર આર્થિક ગોટાળાનો કિસ્સો નથી. એમાં અનેકવિધ પાસાં છે. આ પાસાં કાયદા, શાસન અને જાહેર જવાબદારીની અપવિત્ર મિલિભગતને બહાર લાવે છે. આમાં કૌભાંડનાં તથ્યો, કાનૂની દલીલો, પુરાવા અને ન્યાયિક નિર્ણયોનું વિશ્લેષણ મળી રહે છે, સાથે જ ભારતના કાનૂની અને રાજકીય પરિપ્રેક્ષ્ય માટે તેની વ્યાપક અસર અંગે માનવીય દૃષ્ટિકોણ પણ બહાર આવે છે.



કે. કરુણાકરણ

કેરળ સરકારે ટેન્ડર બોલાવ્યા વગર પાવર એન્ડ એનર્જી લિમિટેડને પ્રસ્થાપિત નિયમોને છાવરીને મનસ્વી રીતે પસંદ કરી હતી. એટલું જ નહિ કથિત રીતે વધારેલી કિંમતે અને અતિશય સર્વિસ ચાર્જ પર અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રક્રિયાનો સદંતર ભંગ કરીને આ સોદો કર્યો હતો.

થોડી વિગતો અને આંકડા જોઈએ. કેરળ સરકારે સિંગાપુર સ્થિત મલેશિયન કંપની પાવર એન્ડ એનર્જી લિમિટેડ પાસેથી ખુલ્લા બજાર કરતાં ઊંચી કિંમતે ૧૫,૦૦૦ ટન પામ તેલ આયાત કરવાનો નિર્ણય લીધો હતો. આયાતની કિંમત પ્રતિ ટન ૪૦૫ અમેરિકન ડૉલર નક્કી કરવામાં આવી હતી. જ્યારે એ સમયે આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૩૯૨.૨૫ અમેરિકન ડૉલર પ્રતિ ટન હતી. આ ૧૩ ડૉલર મોંઘા આયાત ઓર્ડર પર સહી કરી હતી કેરળના તત્કાલીન ખાદ્ય સચિવ પી. જે. થોમસે. આ ઓર્ડરથી સરકારી તિજોરીને એટલે કે જનતાને ૨.૩૨ કરોડથી વધુનું નુકસાન થયું હતું. સ્વાભાવિક છે કે આટલો મોટો ખેલ કઈ એકલા થોમસ પાડી ન શકે.

પાપ વહેલું મોડું બહાર આવ્યા વગર રહેતું નથી. પામોલિન આયાત કૌભાંડ સૌપ્રથમ સત્તાવાર રીતે બહાર આવ્યું જુલાઈ ૧૯૯૩માં. આ થયું કેરળના અકાઉન્ટન્ટ જનરલના અહેવાલ થકી. પછી ૧૯૯૪ના ફેબ્રુઆરીમાં રાજ્યના ‘કેગ’ એટલે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા એને સમર્થન મળ્યું. આ સંસ્થા ભારત સરકાર અને રાજ્ય સરકારોની આવક અને ખર્ચની તપાસ કરતી એક બંધારણીય સંસ્થા છે. કહી શકાય કે તે જાહેર નાણાંની રખેવાળ છે, જેનો ઉદ્દેશ્ય નાણાકીય પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. પછી ૧૯૯૬ના માર્ચમાં કેરળ વિધાનસભાની પબ્લિક અન્ડરટેકિંગ્સ કમિટીના અહેવાલે એમાં સૂર પુરાવ્યો. પરંતુ છતાં કોઈના પેટનું પાણી ન હલ્યું.

છેક ૧૯૯૬ના મે મહિનામાં કેરળમાં સત્તા પલટો થયો ને ડાબેરીઓની સરકાર બની. તો ય છેક ૧૯૯૭ની ૨૧ માર્ચે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કરુણાકરણ અને અન્ય છ લોકો સામે વિજિલન્સ કેસ નોંધાયો. તપાસ બાદ ૨૦૦૧ની ૨૩મી માર્ચે ત્રિવેન્દ્રમ ખાતે ઈન્કવાયરી કમિશનર અને સ્પેશિયલ જજની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

દાયકાઓ સુધી ચાલેલા આ કેસ જાહેર ખરીદી પ્રણાલીની નબળાઈઓ, ફોજદારી ન્યાયવ્યવસ્થાની જટિલતાઓ અને શાસનમાં પારદર્શિતાની સતત શોધ પર ભાર મુકતો રહ્યો. કેવી રીતે?

(ક્રમશઃ) ■

---

પ્રાસંગિક__અમુલ દવે

feedback@bombaysamachar.com

## વૈશ્વિક તેલ સંગ્રામમાં અમેરિકાનો નવો ટાર્ગેટઃ

# વેનેઝુએલા - ઈરાન પછી હવે ક્યુબા...



## ક્યુબાના તેલ ભંડાર એના માટે આશીર્વાદ અને શ્રાપ બંને સાબિત થઈ શકે છે

વૈશ્વિક રાજનીતિના ઈતિહાસમાં તેલ ક્યારેય માત્ર એક ઈંધણ રહ્યું નથી. તે હંમેશાં સત્તા- સંઘર્ષ - સામ્રાજ્યવાદનું મુખ્ય હથિયાર રહ્યું છે. છેલ્લા એક દાયકાના ઘટનાક્રમ પર નજર કરીએ તો સ્પષ્ટ જણાય છે કે અમેરિકાની વિદેશ નીતિમાં ઊર્જા સુરક્ષા અને વૈશ્વિક વર્ચસ્વ જાળવવા માટે દેશોના કુદરતી સંસાધનો પર અંકુશ મેળવવો એ પ્રાથમિકતા રહી છે. વેનેઝુએલા અને ઈરાન જેવા તેલ સમૃદ્ધ રાષ્ટ્રોને આર્થિક રીતે પાયમાલ કર્યા બાદ, હવે ભૌગોલિક રીતે અત્યંત નજીક એવા ક્યુબા તરફ અમેરિકાની નજર વળી હોય તેવું દેખાઈ રહ્યું છે. આ વિશ્લેષણમાં આપણને ખ્યાલ આવી જશે કે કેવી રીતે તેલના ભંડાર ક્યુબાને અમેરિકાનું નવું ‘ટાર્ગેટ’ બનાવી શકે છે.

અમેરિકાની વ્યૂહરચના સમજવા માટે સૌ પ્રથમ વેનેઝુએલાના ઉદાહરણને જોવું જરૂરી છે. વેનેઝુએલા વિશ્વમાં સૌથી વધુ તેલના ભંડાર ધરાવતો દેશ છે. ડોનલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન, અમેરિકાએ નિકોલસ માદુરોની સરકારને ઊથલાવવા માટે આકરા પ્રતિબંધો લાદ્યા હતા. તેનું કારણ માત્ર લોકશાહીની સ્થાપના નહોતું, પરંતુ વેનેઝુએલાના તેલ ઉદ્યોગમાં અમેરિકન કંપનીઓનો ફરીથી પ્રવેશ સુનિશ્ચિત કરવાનો હતો. ટ્રમ્પે ખુલ્લેઆમ કહ્યું હતું કે જો અમેરિકન તેલ કંપનીઓ ત્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારશે તો જ તે દેશની આર્થિક સ્થિતિ સુધરી શકશે. આ જ નીતિ ઈરાન સામે પણ અપનાવવામાં આવી છે. ઈરાનના તેલ નિકાસ પર પ્રતિબંધ મૂકીને અમેરિકાએ વૈશ્વિક બજારમાં ઈરાનના પ્રભાવને ઘટાડ્યો છે અને પોતાનાં હિતોને મજબૂત કર્યા છે.

હવે ક્યુબાની વાત પર આવીએ... ક્યુબા અમેરિકાના ફ્લોરિડા કિનારેથી માત્ર ૯૦ માઈલ દૂર છે. ૧૯૫૯ની ક્યુબન ક્રાંતિને પગલે ફિદેલ કાસ્ટ્રોએ સત્તા સંભાળી અને અમેરિકન તેલ રિફાઈનરી તથા ખેતીવાડીની જમીનનું રાષ્ટ્રીયકરણ કર્યું, ત્યારથી જ અમેરિકા અને ક્યુબા વચ્ચે દુશ્મનાવટના બીજ રોપાયા હતા. શીત યુદ્ધ દરમિયાન ક્યુબાએ સોવિયત યુનિયન સાથે હાથ મિલાવ્યા અને સોવિયત મિસાઈલોને પોતાના દેશમાં સ્થાન આપ્યું, જેના કારણે અમેરિકા ખળભળી ઊઠ્યું હતું. ત્યારથી લઈને આજ સુધી અમેરિકાએ ક્યુબા પર આર્થિક નાકાબંધી લાદી રાખી છે.

જો કે પ્રશ્ન એ થાય છે કે શું ક્યુબા પાસે એટલું તેલ છે કે અમેરિકા તેના માટે કોઈ મોટું સાહસ કરે? આંકડાઓ મુજબ, ક્યુબા પાસે હાલમાં લગભગ ૧૨૪ મિલિયન બેરલ જેટલા પ્રમાણિત તેલ ભંડાર છે, પરંતુ આ તો માત્ર શરૂઆત છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મતે, ક્યુબાના ઉત્તર કિનારે આવેલા દરિયાઈ વિસ્તારોમાં ૪.૬ અબજથી લઈને ૨૦ અબજ બેરલ જેટલું તેલ છુપાયેલું હોઈ શકે છે. જો આ અંદાજો સાચા સાબિત થાય તો ક્યુબા રાતોરાત વિશ્વના મહત્ત્વના તેલ ઉત્પાદક દેશોની યાદીમાં આવી શકે છે. હાલમાં ક્યુબા પોતાની જરૂરિયાતના મોટાભાગનું તેલ વેનેઝુએલા અને મેક્સિકોથી આયાત કરે છે, કારણ કે અમેરિકાના પ્રતિબંધોને કારણે તે પોતાની રિફાઈનરીઓ અને ડ્રિલિંગ ટેકનોલોજી વિકસાવી શક્યું નથી.

ક્યુબાની લશ્કરી તાકાતની વાત કરીએ તો તે ઈરાન કે રશિયાની જેમ અદ્યતન મિસાઈલ સિસ્ટમ કે અત્યાધુનિક ડ્રોન્સ ધરાવતું નથી. આ નબળાઈ તેને અમેરિકા માટે લશ્કરી રીતે એક ‘સરળ લક્ષ્ય’ બનાવે છે. અમેરિકામાં ફરીથી ટ્રમ્પ વહીવટીતંત્રના આગમન સાથે જ ક્યુબા પર દબાણ વધ્યું છે. ટ્રમ્પે ક્યુબાને ‘સ્ટેટ સ્પોન્સર ઓફ ટેરરિઝમ’ની યાદીમાં મૂક્યું છે અને પ્રવાસન તથા આર્થિક વ્યવહારો પર વધુ પ્રતિબંધો લાદ્યા છે. આ આર્થિક ગૂંગળામણનો મુખ્ય હેતુ ક્યુબાની સરકારને ઘૂંટણિયે લાવવાનો અને ત્યાંનાં સંસાધનોના માર્ગો ખોલવાનો છે.

ભૌગોલિક દૃષ્ટિએ પણ ક્યુબા અમેરિકા માટે ખૂબ જ મહત્ત્વનું છે. જો ક્યુબામાં અમેરિકા સમર્થિત સરકાર આવે તો મેક્સિકોની ખાડીમાં અમેરિકાનું પ્રભુત્વ સંપૂર્ણ થઈ જાય. ક્યુબામાં તેલના કૂવાઓ વિકસાવવાથી અમેરિકાને લાંબે અંતરેથી તેલ મંગાવવાની જરૂર નહીં રહે, જેનાથી પરિવહન ખર્ચમાં મોટો ઘટાડો થઈ શકે. ઉપરાંત, ક્યુબામાં ભારે ક્રૂડ ઓઈલ મળે છે, જે વીજળી ઉત્પાદન માટે અત્યંત ઉપયોગી છે.

જોકે, આ લડાઈ માત્ર આર્થિક નથી, પણ વૈચારિક પણ છે. ક્યુબા દાયકાઓથી સામ્યવાદી વિચારધારા સાથે જોડાયેલું છે અને નોન-અલાઈન્ડ મૂવમેન્ટ (અલિપ્ત આંદોલન)માં પણ સક્રિય રહ્યું છે. ક્યુબાના લોકોમાં અમેરિકા વિરોધી ભાવના ખૂબ જ પ્રબળ છે. અમેરિકા જ્યારે પણ માનવ અધિકાર કે લોકશાહીના નામે હસ્તક્ષેપ કરે છે ત્યારે ક્યુબા તેને તેની સાર્વભૌમત્વ પરના હુમલા તરીકે જુએ છે. ભૂતકાળમાં પણ અમેરિકાએ ક્યુબાના તેલ સંસાધનો અને જમીન પર કબજો કરવાના અનેક પ્રયત્નો કર્યા છે, પરંતુ રશિયા અને ચીન જેવા દેશની મદદથી ક્યુબાએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે.

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ અને મધ્ય-પૂર્વના સંઘર્ષોને કારણે તેલના ભાવોમાં અસ્થિરતા જોવા મળી રહી છે ત્યારે અમેરિકા પોતાના પાડોશમાં જ નવા ઊર્જા સ્રોતો શોધવા માટે આતુર છે. ક્યુબાની ભૌગોલિક નિકટતા અને ત્યાંના સંભવિત તેલ ભંડારો તેને વેનેઝુએલા અને ઈરાન પછીનું આગામી મોટું લક્ષ્ય બનાવે છે, પરંતુ શું આંતરરાષ્ટ્રીય સમુદાય અમેરિકાના આવા સંભવિત હસ્તક્ષેપને સ્વીકારશે? સંયુક્ત રાષ્ટ્ર (UN) માં દર વર્ષે ક્યુબા પરથી પ્રતિબંધો હટાવવા માટે ઠરાવ પસાર થાય છે, જેમાં ભારત સહિતના મોટાભાગના દેશો ક્યુબાનું સમર્થન કરે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે, તેલ એ માત્ર એક કુદરતી સંપત્તિ નથી પરંતુ તે વિનાશનું કારણ પણ બની શકે છે. ક્યુબા માટે તેના તેલ ભંડારો આશીર્વાદ અને શ્રાપ બંને સાબિત થઈ શકે છે. જો તે આ સંસાધનોનો ઉપયોગ પોતાની આર્થિક સ્વતંત્રતા માટે કરી શકે તો તે સમૃદ્ધ બની શકે, પરંતુ અમેરિકાનાં હિતો અને વ્યૂહરચનાઓ જોતા એવું લાગે છે કે આવનારા સમયમાં ક્યુબાએ પોતાની સાર્વભૌમત્વ બચાવવા માટે આકરી કસોટીમાંથી પસાર થવું પડશે. વેનેઝુએલા અને ઈરાનની જેમ ક્યુબા પણ અમેરિકાના આર્થિક અને રાજકીય યુદ્ધનું નવું મેદાન બની શકે છે, જેની અસર સમગ્ર લેટિન અમેરિકા અને વિશ્વના ઊર્જા બજાર પર પડશે. અમેરિકાની ‘ઓઈલ ડિપ્લોમસી’ ક્યુબાના ભાવિને કઈ દિશામાં લઈ જાય છે, તે જોવું રસપ્રદ રહેશે. ■

# અજબ ગજબની દુનિયા


હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## જૂનું એટલું સોનું



ઈસવીસન પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા ઈજિપ્તમાં અને ચીનમાં રસાયણશાસ્ત્ર - કેમિસ્ટ્રીની મદદથી સામાન્ય ધાતુને સોનામાં રૂપાંતર કરવાની આવડત (આલ્કેમી) અસ્તિત્વ ધરાવતી હોવાની વાયકા છે. ટેક્નિકલી વિજ્ઞાનની મદદથી કોઈ પણ ધાતુ સોનામાં પરિવર્તિત થઈ શકે. તાંબું તાંબું અને સોનું સોનું છે એમાં રહેલા પ્રોટોનની સંખ્યાને કારણે. તાંબામાં ૨૯ પ્રોટોન હોય છે જ્યારે સોનામાં ૭૯ પ્રોટોન. હવે જો વૈજ્ઞાનિક પ્રક્રિયાથી ૨૯ પ્રોટોનની સંખ્યા વધારી ૭૯ કરો તો તાંબું સોનું બની જાય. આ પ્રક્રિયા અત્યંત ખર્ચાળ તેમજ જટિલ હોવાથી વ્યવહારુ નથી. જોકે,અજબ દુનિયાના ગજબ દેશ અને એમાંય ગજબનાક ઘટનાઓથી સતત ગાજતા રહેતા ચીનમાં એક શખ્સ મોબાઈલના સિમ કાર્ડમાંથી સોનું મેળવી રહ્યો છે અને 'જૂનું એટલું સોનું' કહેવત સાર્થક કરી રહ્યો છે. આ ખબર સોશ્યલ મીડિયામાં વાઇરલ થતા લોકો સિમ કાર્ડ મેળવવા ઘેલા થયા હોવાનું જાણવા મળ્યું છે. ચાઈનીઝ ભાઈએ તો એક ક્લિપ સોશ્યલ મીડિયામાં મૂકી સિમ કાર્ડ અને કમ્પ્યુટર ચીપમાં રહેલું સોનાનું કોટિંગ છૂટું પાડી શકાય એ સમજાવવાની કોશિશ કરી છે. ભાઈને સંપૂર્ણ પ્રક્રિયા પછી ૧૯૧ ગ્રામ મળ્યું હોવાથી અનેક લોકોના મોઢામાંથી લાળ ટપકવા લાગી છે. જોકે, લોકોની ઘેલછા ગાંડપણમાં બદલાઈ શકે એવો ભય લાગતા આ સમગ્ર પ્રક્રિયા જોખમી છે અને મૂળ તો કાયદાની વિરુદ્ધ હોવાથી એમાં પડતા નહીં એવી વણમાગી સલાહ તેણે આપી દીધી છે.


## પ્રેમ કરવા ગયા તો પતી ગયા



મુંબઈથી આશરે ૨૦૦ કિલોમીટર દૂર મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં કળસુબાઈ હરિશ્ચન્દ્ર ગઢ નામનું અભયારણ્ય આવેલું છે. શહેરની લાઈટોના કૃત્રિમ ઝગમગાટથી દૂર આ વિસ્તારમાં 'ફાયરફ્લાય' તરીકે ઓળખાતા આગિયાની વસતિને કારણે રાતના નૈસર્ગિક ઝગમગાટ જોવા મળે છે. આ નાનકડા જીવની એક વાત નારીશક્તિના હિમાયતીના કોલર ટાઈટ કરે એવી છે. નર કરતાં માદા સ્વભાવે વધુ આક્રમક હોય છે. જોકે, બંનેમાં અમુક વાતે વિરોધાભાસ જોવા મળે છે. નર આગિયો ફૂલોમાં રહેલી પરાગરજથી પોતાનું પેટ ભરીને સંતોષ માણે છે, જ્યારે માદા અન્ય જીવનું ભક્ષણ કરીને ભૂખ મટાડે છે. મતલબ કે નર વેજિટેરિયન અને માદા નોન - વેજિટેરિયન! વિશ્વભરમાં આ વિશિષ્ટ જંતુની આશરે ૨૦૦૦ પ્રજાતિ ઉપલબ્ધ છે, પણ ભારતમાં માત્ર સાત કે આઠ પ્રકારના જ આગિયા જોવા મળે છે. આ જીવની એક અજાયબ વાત એ છે કે નરને આકર્ષવા અને પછી સંવનન કરવા માટે માદા એક ચોક્કસ પ્રકારે પ્રકાશ ફેંકે છે. પ્રેમના આ ઇશારાને સમજીને નર હરખઘેલો થઈને માદા પાસે પહોંચી જાય છે. કેટલીક વખત એક જાતિની માદા અન્ય જાતિની માદાની પ્રકાશ ફેંકવાની કળાની નકલ કરે છે. એ જોઈને એ જાતિનો નર ખુશખુશાલ થઈને સંવનન કરવા પહોંચી જાય છે. ટાંપીને બેઠેલી માદા અન્ય પ્રજાતિના નરનું ભક્ષણ કરીને ઓડકાર ખાય છે, બોલો...!

ચોમાસુ બેસવાની તૈયારી હોય ત્યારે આ આગિયાની વસાહતના સાગમટે દર્શન થાય છે. આ સમય સંવનનનો હોય છે અને એટલે ગેલમાં ઉડાઉડ કરતા જોવાની વધુ મજા આવે છે.

## વેડિંગનો ઈન્કાર... વેલ્ડિંગનો સાક્ષાત્કાર



એક અક્ષરનો ફરક ધરાવતા Wedding - Welding શબ્દોના અર્થની ભાવનામાં એક રીતે ગજબનું સામ્ય છે. વેડિંગ એટલે કે લગ્ન બે દિલ જોડવાની વાત અને વેલ્ડિંગ એટલે બે ચીજવસ્તુને જોડવાની વાત.

જોકે, ઉત્તર પ્રદેશમાં ભત્રીજાએ વેડિંગનું નિમંત્રણ નહીં આપતા કાકાએ વેલ્ડિંગનું શસ્ત્ર ઉગામ્યું હોવાની અણધારી ઘટના બની છે. પારિવારિક પ્રસંગમાં કાયમ નારાજ રહેવા માટે ફુઆ અને બનેવીની ખ્યાતિમાં કાકાનો આશ્ચર્યજનક ઉમેરો થયો છે.

બન્યું એવું કે એક યુવકના ઘડિયા લગ્ન લેવાયા અને ધામધૂમથી વરઘોડો નીકળ્યો જેમાં લોકો મન મૂકીને નાચ્યા. જોકે, હાજર લોકોમાં કાકાની ગેરહાજરી ઊડીને આંખે વળગી. પારિવારિક સંબંધોમાં ખટાશ કે પછી કોઈ અણબનાવને કારણે કાકાને કંકોતરી નહોતી મોકલવામાં આવી. કાકાની ગેરહાજરી સમાજમાં ચર્ચાનો વિષય બની ગઈ. કાકાને હાડોહાડ લાગી આવ્યું પછી એમણે એવું પગલું ભર્યું જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. વરરાજા આવ્યો ત્યારે જોયું તો એક ભારેખમ તાળું લટકી રહ્યું છે. કાકાએ તાળું તો માર્યું, પણ વેલ્ડિંગ મશીનના કારીગરને બોલાવી દરવાજો જડબેસલાક સીલ પણ કરાવી દીધો. નવોઢાએ ગૃહ પ્રવેશને બદલે ગૃહ પ્રતીક્ષા કરવી પડી. પોલીસ ફરિયાદ અને એક મિસ્ત્રીને બોલાવી પોતાના જ ઘરનું તાળું તોડાવ્યા પછી દુલ્હન સાસરાના ઘરમાં દાખલ થઈ શકી. ભત્રીજો સમજી ગયો કે આ નારાજ કાકાના કરતૂત છે, પણ પુરાવાના અભાવે કશું કરી નથી શક્યો.

## બ્રેકઅપ થયું છે? AI સાંત્વન આપશે



આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)ના પ્રચાર અને પ્રસાર એ હદે આગળ વધી રહ્યા છે કે માનવીય જીવનમાં એ કેવું અને કેટલું સ્થાન પચાવી પાડશે એની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

ચીનમાં હાલ જે પવન ફૂંકાઈ રહ્યો છે એ આ દલીલને સમર્થન આપે છે. 'સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ'ના અહેવાલ અનુસાર રિલેશનશિપમાં બ્રેકઅપ થયા પછી 'ઈટ્સ ઓકે' કહી બોગદાને છેડે આવતા અજવાળાની આશા રાખવાને બદલે આજના યંગસ્ટર્સ 'યાદ કિયા દિલને કહાં હો તુમ'ની ફિલોસોફી અપનાવી રહ્યા હોય એવું લાગે છે. 'ચટ મંગની પટ બ્યાહ ઔર તટ તલાક'ના આધુનિક સ્વરૂપ જેવી બ્રેકઅપ - પેચઅપ લાઈફમાં હવે બ્રેકઅપના દુઃખને હળવું કરવા ટેકનોલોજીની મદદ લેવાઈ રહી છે. ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડનો ડિજિટલ અવતાર સાંત્વન આપવા હાજર થઈ જાય છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની મદદ વડે તરછોડી ગયેલા સાથી જેવો જ અવાજ, એના જેવા શબ્દપ્રયોગો (ચિલ માર, BFF - બેસ્ટ ફ્રેન્ડ ફોરએવર કે LMIRL- લેટ્સ મીટ ઈન રિયલ લાઈફ) વાપરી શકે એવા ડિજિટલ અવતારની મદદ લેવાઈ રહી છે. એ છોડી ગઈ કે ગયો હોવા છતાં પાસે છે એ રીતે લાગણી - અહંને પંપાળવામાં આવે છે. તૂટી ગયો હોવા છતાં મૂળ સંબંધ વર્ચ્યુઅલ અવસ્થામાં જળવાઈ રહે છે. આ સગવડથી ઠેસ પહોંચેલા હૃદયને સાંત્વના મળે છે, પણ એક ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ડિજિટલ અવતાર ઊભો કરવા કેટલીક અંગત માહિતી શેર કરવી પડે છે અને આ માહિતી ગેરવલ્લે થઈ શકે છે અથવા એનો દુરુપયોગ થઈ શકે છે. જોકે હજી એ નોબત નથી આવી, પણ ચેતતો નર સદા સુખી કહેવત ભૂલવી ન જોઈએ.

## લ્યો કરો વાત

*આગ લાગી હોય તો એ બુજાવવા માટે આગબંબા પાણીનો ઉપયોગ કરે એ દૃશ્ય તમે ફિલ્મોમાં કે અન્ય ઠેકાણે જરૂર જોયા હશે. જોકે, ક્યારેક પૂરતું પાણી મેળવવાની મુશ્કેલી કે પછી એનાથી સમસ્યા વધવાની સંભાવના રહેલી છે. વૈકલ્પિક ઉપાય તરીકે કેમિકલ અથવા કાર્બન ડાયોકસાઇડનો ફુવારો પણ ઈસ્તેમાલ થતો હોય છે. જોકે, એક અમેરિકન સંશોધકે અવાજની મદદથી અગ્નિશમન કરવાની પદ્ધતિ વિકસાવી છે. આગ સર્જતા કેમિકલ રિએક્શનને તોડી આગ કાબૂમાં આવી જાય એવો દાવો કરવામાં આવ્યો છે. ઉષ્ણતા, ઈંધણ અને પ્રાણવાયુ (ઓક્સિજન)એ ત્રણ આગના સર્જનમાં નિમિત્ત બને છે. ઈન્ફ્રાસાઉન્ડ વેવની મદદથી ઓક્સિજનને ઈંધણથી અલગ પાડી આગ પર નિયંત્રણ મેળવી શકાય એવી વૈજ્ઞાનિક દલીલ કરવામાં આવી છે. આ ટેક્નોલોજીને કારણે આગને ટકી રહેવા કે વધવા જરૂરી પ્રાણવાયુ મળતો બંધ થઈ જાય છે અને સરવાળે આગ કાબૂમાં આવી જાય છે. ટૂંકમાં આગને બરાડા પાડીને કહેવાનું કે 'નીકળ અહીંથી' અને જુઓ જાદુ. આગ ગાયબ.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**બંગાળમાં મમતાદીદીએ સત્તા ગુમાવી હવે વિજેતાના રાજ્યભિષેક વખતે એ શું કરશે?**

* કજિયાભિષેક...!

**પહેલવાનને કોની સાથે લડવાનું ના ગમે?**

* પાપડતોડ પહેલવાન સાથે...

**લાગણી ભીની કેમ હોય?**

* વ્હાલનો વરસાદ વરસતો હોય એટલે...

**લગ્ન પહેલાં આકાશમાંથી તારા તોડવાનું વચન. અને લગ્ન પછી?**

* તારે જમીન પર ...લાઈનમાં ઊભા રહેવાનો ઉદ્યમ!

**સુંદરતા પામતા પહેલાં સુંદર કેમ બનવું પડે?**

* નહીં તો બ્યૂટી ટ્રીટમેન્ટનો ખર્ચ માથે પડે...

**ઝાંઝવાના નીર હોય. તો શરબત કેમ નહીં?**

* એમાં ફ્લેવરની માથાકૂટ થાય એટલે...

**ઉનાળો અને શિયાળોની જેમ ચોમાળો કેમ નહીં?**

* ચોમાસાને નકલ કરવું ન ગમ્યુ માટે..

**સૌથી ધારદાર શું?**

* પ્રવચન ...

**પ્રવચનમાં સૌથી આશાસ્પદ શું ?**

* વચન..

**સાસરિયું સોનાની ખાણ તો પિયરિયું?**

* પૈસાની ટંકશાળ.

**બે ટીચર વચ્ચે ઈલૂ ઈલૂને શું કહેવાય?**

* એક્સ્ટ્રા ક્લાસ...

**નેતાજી વિપક્ષની કાર્યકરના પ્રેમમાં પડે તો?**

* એને પ્રેમ પોલિટિક્સ કહેવાય...

**ઘોડાની તેજીલી ચાલ. તો ગધેડાની ?**

* પાછલી લાત...

**શિક્ષક હવે વિદ્યાર્થીને કેમ મારતાં નહીં હોય?**

* એમને ઉપરથી સજા ના થાય એટલે...

**રાત ઓછી ને વેશ ઝાઝાં હોય તો?**

* ઓવરટાઈમ કરવો પડે...

**ભૂલકણા હોવાનો ફાયદો શું?**

* લેણદાર યાદ રાખવા ના પડે...

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# એમાં છે પૂર્વજોના અનુભવનો નિચોડ...

કચ્છી ચોવકોમાં નીતરે છે પેઢી દર પેઢીના અનુભવનો નિચોડ. એ કહેવતો પરથી કચ્છના લોકસમૂહોની પરંપરાનો પણ અંદાજ આવે છે. ઘણું સંશોધન થયું છે. એમાં 'નવનીત' છે એટલે ચાલુ રહેશે. ૧૯૫૦માં દુલેરાય કારાણીએ કચ્છી કહેવતો પર ગ્રંથ બહાર પાડ્યો હતો. પ્રક્રિયા અટકી નથી. 'બાપાથી ઉપરવટ' હવે કાંઈ ન થાય એ અર્થમાં નહીં, પણ હજુ વલોણાની જરૂર છે, એમ માનીને ઘણા સંશોધકો અવારનવાર તેના પર પ્રકાશ પાડે છે. છેલ્લે ૨૦૧૧માં કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં રહેતા એક દરજીના દીકરા 'હરેશ દરજી'એ તનતોડ મહેનત કરીને 'કચ્છી ચોવક કોષ' બહાર પાડ્યો છે. હરેશ દરજી 'કસભી' ઉપનામથી સાહિત્ય સર્જન કરે છે.

કોઈ સંજોગથી ગયા બુધવારે વાચકો સુધી 'કચ્છી ચોવક' નહોતી પહોંચી શકી, પણ એથી પહેલાના અંકમાં છેલ્લે મૂકેલી ચોવકને માણીએ:

***'બારે બુધ, સોરેં સુધ, વીયેં, આવઈત આવઈ નીકાં વિઈ સમૂરી'***

ગુજરાતીમાં પણ આવા સંદર્ભની કહેવત છે:

***'બારે બુદ્ધિ, સોળે શાન, વીસે વાન'***

બારમાં વર્ષે બુદ્ધિ, સોળમાં વર્ષેમાં સમજણ, વીસમાં વર્ષે 'વાન' એટલે ચામડીનો રંગ, બસ આ તબક્કામાં એ બધું વિકસ્યું તો ઠીક છે, બાકી, પછી એ ત્રણેય લક્ષણ નહીં આવે. એજ રીતે ઉંમરના વિવિધ તબક્કામાં પુરુષનો વિકાસ કેવો હોવો જોઈએ તે અંગેની એક રસપ્રદ ચોવક છે:

***'બારેં બુધી, સોરેં સુધી, વીયેં નરવંકો, ત્રીયેં તતો,***
***ચારીયેં તકો, પિંજાએ પકો, ને સઠેં થકો...'***

બારમાં વર્ષે બુદ્ધિ, સોળમાં વરસે સંપૂર્ણ સમજ, વીસમાં વર્ષે સંપૂર્ણ પુરુષાતન, ત્રીસમેં તો તાંબા જેવા તેવર, ચાલીસમાં વર્ષે પુરુષાર્થી, પચાસે પહોંચે ત્યાં સુધી સંપૂર્ણપણે 'પાકો' થઈ જાય અને સાઈઠમાં વર્ષે થાકી જાય, મતલબ નિવૃત્તિના આરે આવી જાય!

એક કહેવત 'યોગાનુયોગ'ના અર્થમાં છે: 'કારી ચોડસ નેં શનિવાર કડેંક અચેં' કાળી ચૌદસ અને શનિવાર ભાગ્યે જ એક સાથે આવે.

આ તિથિઓને પણ 'ચોવક'માં વણી લેવામાં આવી છે:

***'ચોથ ચોડસ નેં ચોપાઈયો, હાંની કરે પૂનમ જો જાયો;'***

ચોથના અને ચૌદસના દિવસે 'ચાર પગ' વાળી કોઈ ચીજની ખરીદી ન થાય. સમજાવું? પશુ કે પલંગ કે ખાટલો... વગેરે. અને જે વ્યક્તિનો જન્મ પૂનમના દિવસે થયો હોય તેનો બહુ વિશ્વાસ ન કરવો. અર્થની સત્યતા કેટલી ભરોસાપાત્ર છે, તે અંગે ટિપ્પણી કરી શકાય તેમ નથી, કારણ કે, તેમાં આપણા પૂર્વજોના અનુભવનો નિચોડ છે.

કોઈ અવસર કે તહેવારનો દિવસ નજીક આવી જાય ત્યારે પણ તિથિનો પ્રયોગ ચોવકમાં કરવામાં આવ્યો છે, કહ્યું છે કે: ***'તેરસ આવઈ તેરેં ઘડીયેં.'***

તહેવારના દિવસો છે, શુભ સંકલ્પ કરવાની તક છે. કામ કરતાં રહેશું તો લક્ષ્મીજીની કૃપા રહેશે. કચ્છી ચોવકમાં એ પણ સમજાવાયું છે કે:

***'કમકે હિકડો ડીં છડ્યો***
***ત કમ આંકે ડો ડીંછડે'***

કામમાં નિરંતર રુચિ રાખવી, તમે કામ એક દિવસ પડતું મૂકશો તો કામ-ધંધામાં તમે દસ દિવસ પાછળ રહી જાશો. અગિયારસ - બારસ તો હમણાં જ ગયાં પણ તેને પણ કચ્છી ચોવકમાં વણી લેવાયાં છે.

***'અગિયારસ જે ઘરેં બારસ'***

બે જણા એકબીજાથી ચઢિયાતા હોય ત્યારે તેમના માટે ઉપરોક્ત કહેવતનો ઉપયોગ થાય છે અને આવતા બુધવાર માટે તમને એક ચોવક આપી રાખું છું, મમળાવજો.

***'કીંક ધડે ધાબાડે, કીંક છડે છાબડે,***
***કીંક ડાંઢીમેં ફેર, કીંક ઓછો આય શેર.'*** ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# આજે સંબંધ તથા સંવાદ વચ્ચે કટોકટી કેમ સર્જાય છે?

### 'લાઈક' અને 'કોમેન્ટ' પૂરતાં મર્યાદિત સંવાદ હૃદયના સાચા સંબંધોને નબળા પાડે છે




આપણા જીવનમાં સંબંધોનું મહત્ત્વ અતિ વિશિષ્ટ છે. સામાજિક પ્રાણી એવો માણસ છે એકલો રહી શકતો નથી. પરિવાર, મિત્રો, સમાજ અને કાર્યસ્થળે બનતા સંબંધો તેના જીવનને સરળ - સુખમય બનાવે છે. જોકે, આ સંબંધોની મજબૂતીનો આધાર 'સંવાદ' પર નિર્ભર છે. આધુનિક સમયમાં ટેકનોલોજી અને વ્યસ્ત જીવનશૈલીના કારણે સંબંધોમાં સંવાદની કટોકટી સર્જાઈ રહી છે, જે એક ચિંતાજનક પરિસ્થિતિ ગણાય..

સંવાદનો અર્થ માત્ર બોલવું કે સાંભળવું નથી, પરંતુ ભાવનાઓ, વિચાર અને લાગણીઓનું સચોટ વહન કરવું છે. અગાઉના સમયમાં લોકો પાસે સમય હતો. એકબીજા સાથે બેઠાં રહીને વાતો કરતાં, ખુશી અને દુઃખ વહેંચતાં. પરિવારના સભ્યો સાથે ભોજન લેવાની પરંપરા હતી, જેમાં સંવાદ થતો. આજે આ પરંપરા લગભગ લુપ્ત થઈ રહી છે. લોકો પાસે સમય હોવા છતાં તે મોબાઈલ, સોશ્યલ મીડિયા અને અન્ય ડિજિટલ સાધનોમાં વ્યસ્ત રહે છે.

ટેકનોલોજીએ માનવજીવનને સરળ બનાવ્યું છે, પરંતુ તે સાથે માનવીય સંબંધોમાં અંતર પણ વધાર્યું છે. સોશ્યલ મીડિયા દ્વારા લોકો એકબીજા સાથે જોડાયેલા છે, પરંતુ હૃદયથી દૂર થઈ રહ્યા છે. 'લાઈક' અને 'કોમેન્ટ' સુધી મર્યાદિત સંવાદ હૃદયના સાચા સંબંધોને નબળા બનાવે છે. માણસ હવે પોતાના મનની વાત વ્યક્ત કરવાનું ટાળી રહ્યો છે, જેનાથી ગેરસમજણ વધે છે.

આધુનિક જીવનશૈલીમાં વ્યસ્તતા પણ સંવાદની કટોકટીનું એક મોટું કારણ છે. લોકો પોતાના કારકિર્દી અને આર્થિક સફળતા પાછળ દોડતા રહે છે, જેના કારણે પરિવાર માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. માતા-પિતા અને બાળકો વચ્ચેનો સંવાદ ઘટી રહ્યો છે, જેનાથી પેઢી અંતર (generation gape) વધે છે. બાળકો પોતાની સમસ્યાઓ શેર કરતા ડરે છે, કારણ કે તેમને લાગણીસભર સહકાર મળતો નથી.

સંબંધોમાં સંવાદની કમીના કારણે ગેરસમજો, અવિશ્વાસ અને વિખવાદ વધે છે. ઘણીવાર નાનકડી બાબતો મોટા ઝઘડામાં પરિવર્તિત થાય છે, કારણ કે લોકો સમયસર વાતચીત નથી કરતા. પતિ-પત્ની વચ્ચેનો સંવાદ ઘટે ત્યારે સંબંધોમાં તણાવ વધે છે. મિત્રતા પણ સંવાદના અભાવે ધીમે ધીમે કમજોર બને છે.

આ સમસ્યાનું બીજું એક મહત્ત્વનું પાસું 'અહંકાર' છે. માણસ પોતાનો અહંકાર છોડવા તૈયાર નથી, જેના કારણે સંવાદ અટકી જાય છે. 'હું જ સાચો' એવી માનસિકતા સંબંધોને તોડી નાખે છે. સંવાદ માટે વિનમ્રતા, સમજ અને સહનશીલતા જરૂરી છે, જે આજના સમયમાં ઓછા થતા જાય છે.

સંવાદની કટોકટીનો પ્રભાવ માનસિક સ્વાસ્થ્ય પર પણ પડે છે. જ્યારે માણસ પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકતો નથી, ત્યારે તે અંદરથી તૂટી જાય છે. તણાવ, ડિપ્રેશન અને એકલતા જેવી સમસ્યાઓ વધે છે. આ સમસ્યાઓનું મુખ્ય કારણ સંવાદનો અભાવ છે. જો વ્યક્તિ પોતાના મનની વાત કોઈને કહી શકે, તો ઘણી સમસ્યાઓ સરળતાથી ઉકેલી શકાય.

આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે સંવાદનું મહત્ત્વ સમજવું જરૂરી છે. સૌપ્રથમ, પરિવાર સાથે સમય વિતાવવો જોઈએ. રોજ થોડો સમય એકબીજા સાથે વાતચીત માટે ફાળવવો જોઈએ. ભોજન દરમિયાન મોબાઈલનો ઉપયોગ ટાળવો જોઈએ, જેથી પરિવારના સભ્યો વચ્ચે સંવાદ વધે.

બીજું, ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. સોશ્યલ મીડિયા પર સમય વેડફવા કરતાં વ્યક્તિગત મુલાકાતો અને વાતચીતને પ્રાધાન્ય આપવું જોઈએ. મિત્રો અને સગાંઓ સાથે સીધો સંપર્ક રાખવો વધુ લાભદાયી છે.

ત્રીજું, સંવાદમાં સકારાત્મકતા લાવવી જોઈએ. એકબીજાની વાત ધ્યાનથી સાંભળવી, સમજવાનો પ્રયત્ન કરવો અને સહાનુભૂતિ રાખવી જરૂરી છે. માત્ર પોતાની વાત કહેવી નહીં, પરંતુ સામેની વ્યક્તિની લાગણીઓને પણ મહત્ત્વ આપવું જોઈએ.

ચોથું, અહંકાર છોડીને ઘણીવાર સંબંધોને બચાવવા માટે સંવાદ દ્વારા પહેલ કરવી પડે છે. 'માફી માંગવી' અને 'સમજવું' એ સંવાદના મહત્ત્વના ભાગ છે.

અંતમાં કહી શકાય કે સંબંધોમાં સંવાદ જીવનનો પ્રાણ છે. જો સંવાદ ન હોય તો સંબંધો માત્ર નામ માત્ર રહી જાય છે. આજના સમયમાં સંવાદની કટોકટી એક ગંભીર સમસ્યા બની રહી છે, જેને આપણે ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને, સમયનું સંચાલન કરીને અને માનવીય મૂલ્યોને જાળવી રાખીને સંબંધોમાં સંવાદને મજબૂત બનાવવો જોઈએ. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# મોબાઈલમાં નામ સેવ કરવાની પ્રક્રિયા... ...એ વખતે માણસના મનમાં શું ચાલતું હોય છે?



**મોબાઈલમાં** કોન્ટેક્ટ્સ (નામ અને નંબર) સેવ કરવાની પદ્ધતિ દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોય છે. નેમ સેવ કરવાના પ્રોસેસમાં સંબંધોની વ્યાખ્યા, વ્યક્તિનું પોતાનું વ્યક્તિત્વ, સંસ્કૃતિ અને મનોવૈજ્ઞાનિક કારણો સહિત અનેક પરિબળ ભાગ ભજવે છે. માટે આપણે જ્યારે કોઈનો નંબર સેવ કરીએ છીએ ત્યારે આપણા મગજમાં આવી અનેક પ્રક્રિયા ચાલતી હોય છે.

અલગ અલગ અભ્યાસો અનુસાર, એવરેજ વ્યક્તિના ફોનમાં ૧૫૦ થી ૭૦૦ જેટલા કોન્ટેક્ટ્સ હોય છે. સોશિયલ બ્રેન થિયરી અનુસાર, આપણે માત્ર ૧૫૦ જેટલા સંબંધ જ યાદ રાખી શકીએ છીએ. આ કારણે મોબાઈલમાં નામ સેવ કરવા જાતજાતના તુક્કાઓ લગાવવા પડે છે. કુછ સમજે?

દુનિયાભરમાં લોકોની મોબાઈલમાં નામ સેવ કરવાની અલગ અલગ મેથડ છે. આપણે ત્યાં મહદઅંશે અટક સાથે નામ લખીએ છીએ. આ ઉપરાંત પપ્પા- મમ્મી- ફોઈ- કાકા, જીજાજી, વગેરેના નંબર માટે સંબંધ આધારિત નામ સેવ કરીએ છીએ. ઈલેક્ટ્રિશિયન, સિક્યુરિટી, પ્લમ્બર, માળી, લોન્ડ્રીના નામ વ્યવસાય સાચવીએ છીએ. એજ રીતે કેટલાક નંબર સેવ કરવા માટે ઘર, ગામ કે વિદેશના નામોનો પણ ઉપયોગમાં કરીએ છીએ.

એક અભ્યાસ મુજબ યુરોપમાં નિકટની ગમતી વ્યક્તિનું નામ સેવ કરવામાં ઇમોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. એક અભ્યાસ મુજબ આફ્રિકાના ઘણાખરા દેશમાં પહેલીવાર જે સ્થળ પર મળ્યા હતા એ સ્થળના ઉલ્લેખ સાથે કોન્ટેક્ટ સેવ કરવામાં આવે છે. જાપાનીઓ નામ સાથે ઈમોજી વાપરવા ઉપરાંત નીક હુલામણું નામનો અથવા કોઈ ક્યૂટ નામનો ઉપયોગ કરે છે. સાઉદી અરેબિયા અને મધ્ય એશિયામાં નામ અને સંબંધ સાથે પોતાની આત્મીયતા જોડીને નામ સેવ કરવામાં આવે છે. ખાસ તો બ્રધર, સિસ્ટર કે એ સંબંધને દિલથી જોડીને નામ સેવ કરવાની કળા અભ્યાસ માંગી લે એવી છે.

ભારતમાં નામ સેવ કરવામાં ઇમોજીનો સૌથી ઓછો ઉપયોગ કરવામાં આવે છે. આપણે કદાચ જીવનસાથીના નામ પાસે દિલ મૂકતા નથી, જો કે એ માટે કોઈને નંબર આપવો હોય તો અનુકૂળતા રહે એ માટે સામાજિક બંધનોને ધ્યાનમાં લેવામાં આવે છે. બાકી તો નામ સેવ કરવાની માથાકૂટમાં દુનિયામાં કેટલીક સમસ્યાઓ કોમન છે. એકસરખા નામને અલગ કેવી રીતે પાડવા એ સમસ્યા આપણા એકલાની નથી. એનો અર્થ એ થયો કે દુનિયાભરના માણસો નામ સેવ કરતી વખતે અચેતન રીતે વિચારે છે. ઘણા લોકો નામને પૂરું લખવા સાથે ઘણા રેફરન્સ ઉમેરીને લખે છે જેથી સર્ચ કરવું સરળ બને.

નામ સેવ કર્યા પછી તે વિચારે છે કે, સમાન નામ હોય તો કેવી રીતે અલગ પડશે? નામની પાછળ એક બે ત્રણ નંબર આપીને અલગ પાડતા હોય છે. કોણે ઓળખાણ કરાવી એનું ય નામ લખીએ છીએ. ભૂલવાની બીમારી અલગ સમસ્યા છે. નામ વારંવાર ભૂલો તો બી ૧-૨ વખત ચેક કરાવતા રહેવું. વ્યવસાય અથવા એના ગામ કે વિસ્તાર ઉમેરવું કોમન છે પણ કેટલાક મહાનુભાવો માટે વ્યસનથી ય નામ લખવામાં આવતું હોય છે. ફલાણોભાઈ દારૂ કે નવરો જેવા શબ્દ ઉમેરીને કામ આસાન કરવામાં આવે છે. ખાસ કરીને ભૂતકાળના અનુભવોને આધારે ડોન્ટ આન્સર આફ્ટર 9 PM તરીકે સેવ કરે છે.

જો કે લાઈફ પાર્ટનર અથવા અંગત મિત્રો માટે વિશિષ્ઠ નિકનેમ જેમ કે ડાર્લિંગ, બેબી અથવા હની જેવા નામ સેવ કરે છે, કારણ કે તે નામ સેવ કરતી વેળાએ સંબંધની નિકટતા ગમે છે. એ સમયે મનમાં એટલો જ વિચાર ચાલતો હોય છે કે આ રીતે નામ લખવાથી ખુશી મળશે. જો કે એક અભ્યાસ એવું માને છે કે પતિ પત્ની અથવા નજીકના સંબંધમાં રોમેન્ટિક નિક નેમ વાપરવાથી સંબંધની મધુરતા વધે છે.

નામ સેવ કરવા માટે મગજ ચલાવવું પડતું હોય છે એનું સૌથી મોટું કારણ છે કે આપણને નામ ડીલીટ કરવાની આદત નથી. કોઈ વ્યક્તિનો ગમે ત્યારે ફોન આવી શકે છે અથવા જીવનમાં ક્યારે પણ જરૂર પડી શકે છે એ ડરથી આપણે નામ ડીલીટ કરતા જ નથી. આ કારણે આપણા મોબાઈલમાં અસંખ્ય બિનજરૂરી નંબર પણ હોય છે. સમસ્યા અહીંથી શરૂ થાય છે કે નવા કોન્ટેક્ટને જૂના નંબરથી અલગ કેવી રીતે પાડવા.

જે સંબંધોમાં માણસનું મન સુરક્ષિત હોવાનો અનુભવ કરતું હોય ત્યાં નામ સેવ કરવામાં ક્ષણભર રાહ જોતું નથી. આ નામમાં લખતી વેળાએ કશો ઉમેરો કરે ત્યારે ખુશીઓ ઉલ્લેખ ઉમેરે છે. એ જ વ્યક્તિને કોઈ સંબંધમાં ડર લાગતો હોય, ચિંતા રહેતી હોય ત્યારે નામ સેવ કરે છે ત્યારે તેની માનસિકતા અલગ જ હોય છે. એ રીતે કેટલાક સંબંધ ફોર્મલ હોય છે. ઓફિસમાં સાથે કામ કરતા સહકર્મી અથવા પાડોશીઓ કે પછી સોશ્યલ મીડિયાને લીધે થયેલા મિત્રોમાં મોટેભાગે સંબંધોમાં ઉષ્મા હોતી નથી. આ સંબંધમાં જ્યારે મોબાઈલમાં નામ સેવ કરવામાં આવે છે ત્યારે એ સાવ સીધી સાદી રીતે નામ અને અટક લખવામાં આવે છે.

સરવાળે મોબાઈલમાં નામ કેવી રીતે સેવ કરો છો એનો દરેક વ્યક્તિએ સ્વયં અભ્યાસ કરવો જોઈએ. આ નિરીક્ષણ બતાવશે કે તમારા દિલ અને દિમાગમાં સંબંધોને કેવી રીતે વ્યાખ્યા કેવી રીતે કરો છો. રાહ કોની જુઓ છો? કેટલા નકામા નંબર તમારા મોબાઈલમાં પડ્યા છે એ તો શોધો. ■

**ધ એન્ડ**

*બે ભૂલ કરવાથી કોઈ વાત ઠેકાણે પડતી ના હોય તો ત્રીજી ભૂલ કરવી જોઈએ. (લોરેન્સ પીટર)*

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# છે પણ ને નથી પણ...!




**લોકો** હંમેશાં નાની નાની ફરિયાદ નોંધાવતા હોય છે કે પાણીનો નળ તો છે, પણ એમાં પાણી નથી આવતું! એ લોકો બિચારા નથી જાણતા કે આ દેશમાં વસ્તુઓ હોય છે જ એટલા માટે કે એમાં એ વસ્તુ ન હોય, જેના માટે એ બની હોય છે :

નળ છે, પણ એમાં પાણી નથી આવતું. હેન્ડપંપ છે, પણ એ ચાલતા નથી. સરકારી ખાતા છે, જે કામ નથી કરતા. ફોન લગાડ્યો, પણ લાગ્યો નહીં. અધિકારી છે, પરંતુ રજા પર છે. કર્મચારી છે, પણ એને કંઈ ખબર નથી. અરજી આપી હતી, પણ એ મંજૂર ન થઈ. ફરિયાદ નોંધાવી હતી, પણ કંઈ થયું નહીં. તપાસ થઈ, પણ હજુ રિપોર્ટ નથી આવ્યો. યોજના તો મંજૂર છે, પણ બજેટ નથી. બજેટ મંજૂર છે, પણ પૈસા નથી આવ્યા. વેકેન્સી છે, પણ નોકરી નથી. કાબેલ માણસ હતો, પણ એની બદલી થઈ ગઈ. અધિકારી તો સારો છે, પણ એના હાથ નીચે કામ કરતા માણસો સારા નથી. અરે ભાઈ, અધિકારીના હાથ નીચે કામ કરવાવાળા તો કામ કરવા માગે છે, પણ ઉપરથી ઓર્ડર નથી આવતો. મશીન આવી ગયું, પણ એ બગડેલું છે. ફેક્ટરી છે, પણ એમાં વીજળી નથી આવી. વીજળી છે, પણ વીજળીના તાર ખરાબ છે. વસ્તુઓનું ઉત્પાદન થાય છે, પણ વેચાણ નથી થતું. વસ્તુઓની માગ છે, પણ એ પૂરી નથી થતી. માગ પૂરી કરી શકાય તેમ છે, પણ કોઈ એની ડિમાંડ તો કરે!

પેસેન્જર્સ ઊભા છે, પણ ટિકિટ નથી મળી રહી. ટિકિટ મળી ગઈ તો ટ્રેન મોડી છે. ટ્રેન આવી, પણ એમાં જગ્યા ન હતી. જગ્યા મળી પણ કોઈએ ત્યાં સામાન મૂક્યો હતો. પ્લેનની ટિકિટ લીધી, પણ એ વેઈટિંગ લિસ્ટમાં છે. સીટ કન્ફર્મ થઈ ગઈ, પણ ફ્લાઈટ કેન્સલ થઈ ગઈ. જેમના ઘરે જવાનું હતું, એમના ઘરે પહોંચ્યા, પણ એ મળ્યા નહીં. એ મળ્યા, પણ જલ્દીમાં હતા. મેસેજ તો મોકલ્યો હતો, પણ એ મોડો પહોંચ્યો. લેટર મોકલ્યો, પણ એનો જવાબ ન આવ્યો. આવ્યા, પણ આવતા જ બીમાર પડી ગયા. ઈન્જેકશન આપ્યું, પણ કંઈ ફરક પડ્યો નહીં. હોસ્પિટલ લઈ ગયા, પણ બેડ ખાલી ન હતા. બેડ પર સૂતા છે, પણ કોઈ પૂછવાવાળું નથી. ફરિયાદ કરીએ, પણ કોઈ સાંભળવાવાળું નથી. નેતાઓ છે, પણ એને મળી ન શકાયું. નેતાજીએ સાંભળ્યું, પણ કંઈ કર્યું નહીં. શિલાન્યાસ થયો, પણ બિલ્ડિંગ ન બન્યું. બિલ્ડિંગ જે કામ માટે બનાવ્યું છે, પણ એ બીજા કામમાં આવી રહ્યું છે. હા, કામ ચાલે છે, પણ આપણને એનાથી શું ફાયદો?

સ્કૂલ છે, પણ અમારા છોકરાઓને એડમિશન નહીં મળ્યું. છોકરાઓ ગયા હતા ભણવા, પણ બગડી ગયા. ક્રિકેટ ટીમને વિદેશ રમવા મોકલી હતી, પણ હારી ગઈ. પ્રોગ્રામ થયો હતો, પણ એમાં મજા ન આવી. કોમેડી શો હતો, પણ હસવું ન આવ્યું.

અમે કોઇકને કશુંક પૂછ્યું હતું, પણ તેઓ બોલ્યા નહીં. એક સમાચાર મળ્યા, પણ એ અફવા નીકળી. ગુનો કર્યો, પણ ધરપકડ ન થઈ. આર્ટિકલ લખીને સંપાદકને મોકલ્યો હતો, પણ છપાયો નહીં. એક કવિએ કવિતા લખી, પણ એને સાંભળવાવાળું કોઈ નથી. સ્ટેજ પર નાટક ભજવાયું, પણ ઓડિયન્સ ઓછું હતું. થિયેટરમાં પિક્ચર લાગી, પણ ન ચાલી. પુસ્તક છપાયું હતું, પણ વેચાયું નહીં.

શું કરીએ? કંઇ થતું જ નથી! ઓફિસર ખુરશી પર બેઠો છે, પણ ઊંઘી રહ્યો છે. ફાઈલો ટેબલ પર પડી છે, પણ સહી નથી થઈ રહી. ફોર્મ તો ભર્યું હતું, પણ એમાં ભૂલ થઈ ગઈ. શું કહેવું? કંઈ સમજાતું નથી. એણે અવાજ ઉઠાવ્યો, પણ કોઈએ સાંભળ્યું નહીં. નેતાજીએ વિકાસ માટે વચન આપ્યું હતું, પણ એ ભૂલી ગયા. યાદ કરાવ્યું, ત્યાં સુધીમાં તો એમનો ડિપાર્ટમેન્ટ બદલાઈ ગયો હતો.

સાહેબને ફોન કર્યો, પણ એ બાથરૂમમાં હતા. એમની ઓફિસમાં ફોન કર્યો, પણ એ મીટિંગમાં હતા. યુવાનને ડિગ્રી તો મળી ગઈ, પણ નોકરી નહીં મળી. નોકરીમાં અનુભવ મળ્યો, પણ ત્યારે રિટાયર થવાનો સમય આવી ગયો.

શું છે, શું નથી? કર્ફ્યુ હટાવવામાં આવ્યો તો પાછા રમખાણ થયા. પરિસ્થિતિ કાબૂમાં છે, પરંતુ ખતરો હજુ પણ છે. માણસ છે, પણ એનામાં માનવતા નથી રહી! માણસમાં દિલ છે, પણ એકબીજા સાથે દિલ મળતાં નથી! દેશ આપણો થયો, પણ લોકો પરાયા થઈ ગયા.

હાં, તો તમે નળમાં પાણી નથી એવું કંઈક કહી રહ્યા છો! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# એરપંપનો ઈતિહાસ છે રોચક...



**સંપ** ત્યાં જંપ અને સાઇકલ ત્યાં પંપ. આવું રમૂજી જોડકણું એક હાસ્ય પ્રચુર કાર્યમાં સાંભળવા મળતું હતું બાયસિકલ (સાઇકલ) જુનવાણી દ્વિચક્રી વાહન છે, જયારે મોટર સાઇકલ ન હતા ત્યારે લોકો હોંશે હોંશે સાઇકલ ચલાવતા. હરક્યુલીસ, હીરો, એટલસ જેવી કંપનીઓ સાઇકલ બનાવતી આજે તો સાઇકલમાં જબર ક્રાંતિ આવી છે જેની વાત જવા દો મોટા મોટા ટાયર, ગીયરવાળી સાઇકલ, અને લક્ઝુરીયસ સુવિધાવાળી બહુ કિંમતી સાઇકલ બજારમાં આવી છે, આજે મોટા પ્રમાણમાં લોકો મોટર સાઇકલ ચલાવે છે તેમ છતાં સાઇકલે પોતાનું સ્થાન ટકાવી રાખ્યું છે, પણ આજે સાઇકલમાં હવા પૂરવાનો જુનવાણી એરપંપની પદ્ધતિ કરતા સમુળગી પદ્ધતિ બદલાય ગઈ છે તેના વિશે વિસ્તૃત જાણીએ.

હવા ભરવાનાં એરપંપની વિકાસ ગાથા પણ રોચક છે. તમને નવાઈ લાગશે કે સાઇકલ, એ દ્વિચકી વાહનોમાં પ્રથમ ક્રમે આવતી હતી એટલે કે છએક દસકાઓ પહેલા આ બાઈસીકલ (સાઇકલ)માં હવા ભરવા માટે ને એરપંપ આવતા તેમાં ‘સ્ટાર’ કંપનીના એરપંપ કવોલીટીવાળા પંપ ગણાતા અને તે એરપંપનો પાઈપ પીતળનો જોવા મળતો.!. પંપની અંદર જે વોશર આવતું તે ચામડાની બનાવટનું આવતું હતું. એરપંપમાં વોશર સારું કામ કરી શકે તે માટે વોશર પર ઓઈલને બદલે ખાદ્ય તેલ લગાડવામાં આવતું. એ સમયના પંપ વજનદાર જોવા મળતા અને નાના બાળકો પંપ દ્વારા હવા ભરી શકતા નહોતા.

જો કે હવે એરપંપમાં ચાઈના દ્વારા નવી ટેકનોલોજી ઉમેરાઈ. જૂના એરપંપોમાં હવા ભરતી વેળા હવા નળી મારફતે સાઇકલનાં વાલ્વથી ટ્યુબમાં પહોંચતી. આ ચાઈના ટેકનોલોજીમાં એરપંપમાં હવા ભરતી વેળા હવા નળી મારફતે સાઇકલનાં વાલ્વથી ટ્યુબમાં પહોંચતી. જયારે અત્યારની ચાઈના ટેક્નોલોજીમાં એરપંપમાં ડબલ બેરલની સુવિધાથી હવા એક ભૂંગળા વોશરમાંથી થઈને નાની ભૂંગળીમાં પ્રવેશે છે. આ પંપનાં વોશર ચામડાના નહીં પણ પ્લાસ્ટિકના અને તેમાં એર રિટર્ન વાલની પણ સુવિધા હોવાથી હવા નાની ભૂંગળીમાં પ્રવેશ્યા બાદ પાછી ફરી શકતી નથી, જેથી હાલના એરપંપ એવા સુવિધા સભર બન્યા છે કે નાના બાળકો પણ માત્ર સાઇકલમાં જ નહીં પણ ટુ વ્હીલર કે ફોર વ્હીલર વાહનોમાં પણ આસાનીથી એ હવા ભરી શકે છે. જો કે ફોર વ્હીલર માટે તો બેટરીથી ચાલતા મિની કંપ્રેસર ટાઈપના પંપ બજારોમાં જોવા મળે છે અને પગથી હવા ભરી શકાય તેવા ફૂટપંપ પણ બજારોમાં મળે છે. જોકે આ બન્ને પ્રકારના પંપો એટલા સફળ નથી નીવડયા. એરપંપમાં નવી ટેક્નોલોજી જોકે ચાઈનાથી આવી પણ હવે ઇન્ડિયા મેડ એરપંપ એજ ટેક્નોલોજીસભરનાં અને વ્યાપક સાઈઝોમાં ઉપલબ્ધ બન્યા છે અને સસ્તા દરે મળે છે. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAFT | ડગલો |
| RAG | ક્રોધ |
| RAGE | બરછટ |
| RAGGED | ચીંથરું |
| RAGLAN | તરાપો |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ૭ |
| | ■ | ૮ | | | ■ | | ■ | ૯ | |
| | ■ | ■ | | ■ | ૧૦ | ■ | ૧૧ | | |
| ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ■ | ■ | |
| ■ | ■ | ૧૫ | | | ■ | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ | | | ■ | ■ |
| ૧૯ | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | | ■ |
| ૨૩ | ૨૪ | | ■ | | ■ | ૨૫ | ■ | ■ | ૨૬ |
| ૨૭ | | ■ | ૨૮ | ■ | ૨૯ | | ૩૦ | ■ | |
| ૩૧ | | | | ■ | ૩૨ | | | | |

### આડી ચાવી

૧. પડતી, અધોગતિ (૫)
૫. કહ્યાગરું (૪)
૮. રજોટી, રજકણ (૩)
૯. ઘ્રાણેન્દ્રિય (૨)
૧૧. ભીડ (૩)
૧૨. અનાજ (૨)
૧૪. જુદું, છેટું (૩)
૧૫. સૂક્ષ્મજંતુ (૩)
૧૬. મક્કાની જાત્રા (૨)
૧૭. ઋણ, કરજ (૨)
૧૮. આદર (૩)
૨૦. સૂર્યનો સારથિ (૩)
૨૨. સરિતા (૨)
૨૩. જુદું, નોખું (૩)
૨૭. કારમું (૨)
૨૯. પારો (૩)
૩૧. કેફિયત, કબૂલાત (૪)
૩૨. પંદર દિવસે પ્રસિદ્ધ થતું છાપું કે માસિક (૫)

### ઊભી ચાવી

૧. --- પરમો ધર્મ (૩)
૨. ચોકિયાત (૨)
૩. બઢતી, પ્રગતિ (૩)
૪. મોટી નદી (૨)
૫. પ્રારંભનું, પ્રથમનું (૨)
૬. કોર (૩)
૭. નસીબ, ભાગ્ય (૪)
૧૦. નાનો તંબૂ (૨)
૧૩. માલ વિનાનું સહેજ (૩)
૧૪. અતિ સૂક્ષ્મ, જરા જેટલું (૨)
૧૬. યજ્ઞ, હોમ (૩)
૧૮. મુખ્ય નહીં તેવું (૨)
૧૯. નજાકત (૪)
૨૧. શુષ્ક, લૂખું (૨)
૨૪. લગાર, થોડુંક (૩)
૨૫. હર્ષ, આનંદ (૩)
૨૬. ફેર, તફાવત (૩)
૨૮. કોલાહલ (૨)
૨૯. ---નો ઘડો ફૂટ્યા વગર ન રહે (૨)
૩૦. ઔષધ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હો | ઠે | ■ | ૨ એ | ક | દ | ૩ લ | ■ | ૪ ટા | ૫ ઢ |
| મ | ■ | ૬ ટે | ક | ■ | ■ | ૭ ગા | ત્ર | ■ | ગ |
| ■ | ■ | ■ | ૮ તા | ૯ બે | દા | ર | ■ | ૧૦ શૂ | ■ |
| ૧૧ મા | ત | ૧૨ મ | ■ | ધા | ■ | ■ | ૧૩ હ | લ | કું |
| ળો | ■ | ૧૪ જ | બ | રું | ■ | ■ | સ્તા | ■ | ■ |
| ■ | ■ | બૂ | ■ | ■ | ૧૫ સ | મ | ક્ષ | ■ | ૧૬ ગં |
| ૧૭ વ | ૧૮ હા | ર | ■ | ■ | મી | ■ | ૧૯ ર | મૂ | જ |
| ■ | મ | ■ | ૨૦ ધ | ર | પ | ૨૧ ત | ■ | ■ | ■ |
| ૨૨ કો | ■ | ૨૩ પેં | ડા | ■ | ■ | ૨૪ મા | જી | ■ | ૨૫ સે |
| ૨૬ ધ | ની | ■ | ૨૭ કો | ટ | વા | લ | ■ | ૨૮ તં | તુ |

## માતૃભાષાની મહેક

ઘાસ એટલે ખડ, ચારો, પશુઓનો ખોરાક. તૃણ જ્યારે એલડમ લીલાં અને કુમળાં હોય ત્યારે ચાર અને જ્યારે એકદમ સૂકાં થાય ત્યારે ઘાસ તરીકે ઓળખાય છે, છતાં બેઉ એકબીજાના અર્થમાં પણ વપરાય છે. રણ અને ખેતીના પ્રદેશ સિવાય દુનિયાના દરેક ભાગમાં ઘાસ ઊગી નીકળે છે.

## ઓળખાણ પડી?



માત્ર બત્રીસ વર્ષનું આયુષ્ય ભોગવી ગણિતના વિષયમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી વિશેષ યોગદાન આપનારી વિભૂતિ ઓળખી?

અ) જગદીશચંદ્ર બોઝ બ) રામાનુજ ક) સી. વી. રમણ ડ) સતીશ ધવન

## સુડોકુ - ૯૨૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૮ | | | ૯ | | |
| ૯ | ૭ | | ૫ | | | | ૪ | |
| | | | ૨ | | | | ૫ | |
| ૧ | | | | | | | ૬ | ૫ |
| | | ૪ | | | | ૨ | | |
| ૬ | ૮ | | | | | | | ૭ |
| | ૩ | | | | ૪ | | | |
| | ૬ | | | | ૮ | | ૯ | ૪ |
| | | ૯ | | | ૬ | ૭ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ - ૯૨૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૬ | ૮ |
| ૭ | ૨ | ૮ | ૪ | ૬ | ૩ | ૫ | ૧ | ૯ |
| ૯ | ૫ | ૬ | ૧ | ૮ | ૨ | ૪ | ૭ | ૩ |
| ૩ | ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૭ |
| ૮ | ૬ | ૫ | ૨ | ૪ | ૭ | ૩ | ૯ | ૧ |
| ૧ | ૭ | ૪ | ૮ | ૩ | ૯ | ૬ | ૫ | ૨ |
| ૬ | ૮ | ૯ | ૩ | ૧ | ૪ | ૭ | ૨ | ૫ |
| ૫ | ૧ | ૩ | ૭ | ૨ | ૬ | ૯ | ૮ | ૪ |
| ૨ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ | ૬ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RADIATOR | કારનું યંત્ર |
| RADIOLOGY | ચિકિત્સા વિજ્ઞાન |
| RADISH | મૂળો |
| RADIUM | કિરણોત્સર્ગી ધાતુ |
| RADIUS | ત્રિજ્યા |

**ગુજરાત મોરી મોરી રે:**
પાણી પહેલાં પાળ બાંધવી જોઈએ

**ઓળખાણ પડી?**
આઈન્સ્ટાઈન

**માઈન્ડ ગેમ :**
નેલસન મંડેલા

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
નસીબ

## ગુજરાત મોરી મોરી રે

‘આસક્તિ થાય એટલે દ્વેષ અને પછી સંતાપ થાય’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

ને દ્વેષ રાગ શોક એટલો એટલો દ્વેષ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘રાજા રીઝે તો પ્રજા મોજે’ વાક્યમાં રીઝે શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) કારભાર બ) લડાઈ ક) પ્રસન્ન ડ) બરકત

## ઈર્શાદ

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.
--- આદિલ મન્સૂરી

## માઈન્ડ ગેમ

સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પબ્લિકેશન ધરાવતા મીડિયા મહારથીનું નામ જણાવો. મૂળ ઓસ્ટ્રેલિયન પણ હવે યુએસ નાગરિક છે.

અ) બેઝોસ બ) મસ્ક ક) મુરડોક ડ) હાર્વી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) ભરત કજરિયા (૧૮) નિતીન જયંતીલાલ બજરિયા (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) વિજય આસર (૨૨) અંજુ ટોલિયા (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) અરવિંદ કામદાર (૨૬) પુષ્પા ખોના (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) કમલ માતલિયા (૩૨) અલકા વાણી (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) પ્રતિમા પમાણી (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) પુષ્પા પટેલ (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) લજિતા ખોના (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૮) ખુશરૂ દેસાઈ

## ૬. પરચુરણ

WE BUY OLD WATCHES



Rolex, Omega, Cartier, Patek Philippe, Piaget, VC, Breguet, AP, Hublot, Brietling, IWC, Jaeger-Le-Coultre, etc.

Vipul: 9619303232

(B-17465)

## ૮. શુભ પ્રસંગો માટે

■ **બોરીવલીમાં શાંતિસાગર હોલ AC - પૂજા, પાર્ટી, પ્રાર્થના, સેલ માટે ઓછું ભાડું. 9967901008 / 9930332471. (૫૩૮/સી)**

## ૯. લગ્ન સંબંધી

**જીવનસાથી સંમેલન**

ગુજરાતી પરિવાર આયોજિત ગુજરાતી સમાજના યુવક - યુવતીઓ માટે સંમેલન - તારીખ ૧૦/૦૫/૨૦૨૬ રવિવારે, કાંદિવલી, સવારના ૯.૦૦ વાગ્યે. પ્રવેશ ફી યુવક ૧૨૦૦/-, યુવતી ૬૦૦/-, વડિલ ૬૦૦/- (ડિજિટલ બુક) સંપર્ક:- +919152101847. (દહેજ નહીં). (૧૦૩૭-સી)

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

**લાઈફ પાર્ટનર**

મીટ (પરિચય મેળાવડો) કુંવારા લગ્નોત્સુક દિકરાઓ અને દિકરીઓ માટે, રવિવારે, 24/05/2026, સંપર્ક:- શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશન: 9082825482. (દહેજ નહીં). (૧૦૩૦-એ)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૪૨૮)

## ૧૧. પ્રદર્શન

પ્રજ્યોત સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ (Proposed)
અને
એન. એમ. ઠક્કરની કંપની દ્વારા આયોજિત
**ભવ્ય પુસ્તક મેળો**
૧૦ ટકા વળતર (બોરીવલિમાં ભવ્ય એરકન્ડીશન્ડ લોબીમાં, પાર્કિંગની વ્યવસ્થા સાથે)
૨ જી મે થી ૧૧ મી મે ૨૦૨૬ (સવારે ૧૧ થી રાત્રે ૮ વાગ્યે)
ગુજરાતી ભાષાના તમામ પ્રકાશકોના વિવિધ વિષયો અને લેખકોના હજારો પુસ્તકો નો મહાસાગર.
Powered by : Kapol Community News
સ્થળ : દેવી ઇટરનીટી, એમ.કે.એન. ભાટિયા સ્કૂલની સામે, સાઇબાબા નગર, જય ભીમ સંજય નગર, બોરીવલી (વેસ્ટ).

(૧૦૪૬-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ગંગાસાગર/જગન્નાથપુરી**

ચંપારણ્ય, ચારધામ, બનારસ, અયોધ્યા, નેપાળ, વ્રજયાત્રા, રામેશ્વરમ - 7303560200. (૧૦૫૧-એ)

## ૧૪. નોકરી ખાલી છે

■ **૧૦ વેકેન્સી! અગ્રણીય કંપનીમાં અમર્યાદિત આવકની તક+ અઢળક કમિશન+ પ્રમોશન. 9324581037. (એસડીબી-૩૨૪૪)**

**GOVT. REGISTERED COMPany requires Retired, Housewives, Bankers, Salary + Benefits: 9082294408. (B-17380)**

**ACCOUNTS DEPARTMENT**

Urgently Require Freshers B.Com Passed in Developer Office at Vileparle - 8879585176. (1054-A)

**BUSINESS / CAREER OPPortunity Program at Andheri (West). Contact : Maymoll : 9167673056. (SDB-3252)**

**FORT - VT. OFFICE:**

Required: Legal Court Assistant, Accountant, Sales Caller, Peon. Call - 9702666773. (B-17540)

## ૧૭. જગ્યા આપવી છે

■ વિલેપાર્લે (ઈસ્ટ)માં વનરૂમ કિચન ભાડેથી, સ્ટેશન, માર્કેટ, હાઈવેથી પાંચ મિનિટના અંતરે 8850138582. (એસડીબી-૩૨૪૫)

**અંધેરી વેસ્ટ**

લલ્લુભાઈ પાર્ક 3 બેડ ગાર્ડન ફેસિંગ ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી અમિત- 7045622403. (બી-૧૭૫૦૧)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન, દેરાસર નજીક, ફૂલ સ્પીડમાં બંધાતાં ટાવરોમાં 2/3 બેડરૂમના (તેમજ) 2/3/4 બેડરૂમના રેડીમાં ફ્લેટો વ્યાજબી ભાવે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૨૨૭)**

## ૧૭. જગ્યા આપવી છે

**ધોબીતલાવ**

મેટ્રો ચેમ્બર્સ, ટિનીટી લેન, 1માળે, 840 સ્કે. ફીટ વેચવાની છે. 9082217235/ 9820674774. (બી-૧૭૫૦૪)

■ **સ્પેશ્યાલીસ્ટ - ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR વેચાણથી/ભાડેથી. RESIDENTIAL COMMERCIAL 9321234567. (૭૦૧-એ)**

**"બાંદ્રાથી બોરીવલીમાં..."**

તૈયારમાં - બંધાતામાં: ફ્લેટો - દુકાનો - ઓફિસો - ગોડાઉન પ્રિલીઝડ લેવાં/ વેંચવા/ ભાડે થી - 9869463304, 7738151065. (બી-૧૭૪૮૭)

**ઘાટકોપર પૂર્વ પશ્ચિમ**

**૧/૨/૩ બેડરૂમ હોલ કિચન. જોડી ફ્લેટ્સ. વ્યવસાયિક જગ્યાઓ ખરીદો/ વેચો/ લીઝ, સંપર્ક - રાજુ અઢિયા, ૯૮૨૦૩૫૧૯૮૭. (એસડીબી-૩૨૫૦)**

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ જોડી, 1232' @ 4.60 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-એ)

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ, 630' @ 2.35 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-ડી)

**બોરીવલી (વેસ્ટમાં) ફ્લેટો ભાડેથી**

**શીંપોલી મેટ્રો સ્ટેશનની નજીક, નવા ટાવરમાં 2 બેડરૂમના ફ્લેટો (ભાડું 65,000/ ડિપોઝીટ 1,00,000) ભાડેથી આપવાના. કોન્ટેક્ટ (ઓનર્સ) 9987351755, 7900192841. (૧૦૪૪-સી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

**૨ બેડરૂમનો ફર્નિશ્ડ ફ્લેટ, ૨ બાથરૂમ + ૩૦૦ ફૂટ એટેચડ ટેરેસ, દાદાભાઈ રોડ, ચત્રભુજ સ્કૂલ પાસે, ૧ પાર્કિંગ સાથે વેચવાનો છે. સંપર્ક: 9892245522. (એસડીબી-૩૨૪૬)**

**જુહુસ્કીમ**

**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફુટ, ૫મે માળે, લિફ્ટ. ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્ક: 9892168687. (એસડીબી-૩૨૪૭)**

**દાદર**

ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી - લેવા - વેંચવા. કેતન ગાલા - 9892077714. (બી-૧૭૪૧૬)

**અંધેરી (વેસ્ટ)**

જે. પી. રોડ, ભરડાવાળી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્ક: મનીષ - 9324512690. (બી-૧૭૪૭૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી, તિલક નગર, R.S. મની સામે ૧ બેડરૂમ, હોલ, કિચન, અંદાજે 500', ફુલ્લી ફર્નિશ્ડ. બ્રોકર - 9323030141, 8169019857. (૧૦૩૩-ઈ)

■ વેચાણ માટે ઉપલબ્ધ, જુહુના પ્રાઈમ લોકેશનમાં 1 BHK ફ્લેટ. ફક્ત ડાયરેક્ટ બાયર્સ/ એક્ચ્યુઅલ યુઝર્સ માટે કૃપા કરીને સંપર્ક કરો: ashwinagile@gmail.com બ્રોકર્સ/ કન્સલટન્ટે સંપર્ક કરવો નહીં. (બી-૧૭૩૯૩)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

સ્ટેશન પાસે નવા ટાવરમાં 3-બેડરૂમ 900' પાર્કિંગ સાથે. નવકાર એસ્ટેટ. - 96196 74640. (જેપી-૪૫૬૨-બી)

**કાંદીવલી વેસ્ટ**

2 બેડરૂમ વેચાણથી, ઈરાની વાડી "Sambhav Darshan" 1 માળ, 675' કારપેટ / બાલ્કની / ફરનીશ / વાસ્તુ / OC સાથે, 1.44 કરોડ નીગોશિયેબલ. Owner - 9870752405 / 9920752640. (જેપી-૪૫૬૨-એ)

**મલાડ (વેસ્ટ)માં**

એસ. વી. રોડ - જૈન દેરાસરની સામે: 1 બેડ વીથ માસ્ટર બેડરૂમ - 1.18 કરોડમાં, 2 બેડ - 1.65 કરોડમાં વેંચાણથી (પઝેશન: May 2026) - 9821291100, 7506953114. (બી-૧૭૫૨૧)

**પ્રભાદેવી**

**નવા ટાવરમાં- OC છે, Flats/ Shops Available-સિદ્ધિવિનાયક નજીક AKRUTI BUILDERS :- 8591254627. (૧૦૩૮-એ)**

**સાન્તાક્રુઝ વેસ્ટ**

3 બેડ અર્જન્ટ વેચાણથી સ્ટેશન નજીક ગુજરાતી લોકાલીટી અમિત - 7045622403. (બી-૧૭૪૮૩)

**અંધેરી ઈસ્ટ**

3 બેડ ફોર સેલ 750' કાર્પેટ અપટુડેટ ફર્નિશ્ડ (3 બાથરૂમ) હાયર ફ્લોર ટોપ નહિ (2 cr) બિલ્ડીંગમાં જૈન મંદિર લેવા ગંગર 8080524858. (બી-૧૭૫૩૫)

## ૧૭. જગ્યા આપવી છે

**સાઉથ મુંબઈ DEALS**

3.5 Bedroom Monte South, 3 Bedroom Salsete 27, 3 Bedroom Ruparel Ariana, 2 Bedroom Prestige Jasdan, 9819501656. (૧૦૨૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. 90' રોડ, 4 બેડરૂમ, હોલ, કિચન, 1250' કારપેટ. બ્રોકર - 9323030141, 8169019857. (૧૦૩૩-એ)

**બોરીવલી વેસ્ટ**

રોકડીયા લેન 2/3 BHK નવા ટાવરમાં પઝેશન નજીક, બધી એમેનિટીસ સાથે. 8369541184 / 9167723483. (૧૦૩૭-એ)

**દેવલાલી**

**વેચાણથી. દેરાસર તથા ભોજનશાળાની બાજુમાં, ૨ બેડરૂમની જોડી ફ્લેટ, 1640', ૨જે માળે. પરેશ - 9930803959, 9930106054. (૧૦૨૩-એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**વેચાણથી "ન્યુ માણેકલાલ એસ્ટેટ", 2.5 બીએચકે, 800' કારપેટ, 2.05 CR ફુલ્લી ફર્નિશ્ડ, બિલ્ડિંગમાં દેરાસર, જાગૃતિ નગર મેટ્રો સ્ટેશનની બાજુમાં. સંપર્ક:- ઓનર 9819081916. (૧૦૩૧-એ)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડીંગ, વેચવાનો ફોન:- 9820156133. (બી-૧૭૪૭૫)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ઓનર:- 9820156133. (બી-૧૭૪૭૪)

**ઘાટકોપર - વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા- વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૦૫૮-ડી)

■ મરીનલાઈન્સપાસે 1 બેડરૂમ એરિયા 483/ 2 બેડરૂમ એરિયા 696/725 ટૂંક સમયમાં કબજો. હરેશ 9821030822. (૧૦૫૫-એ)

■ સી.પી. ટેન્ક પાસે 2 બેડરૂમ એરિયા 710 વિથ પાર્કિંગ, રેડી પઝેશન. હરેશ 9821030822. (૧૦૫૫-બી)

■ સી.પી. ટેન્ક/ ગાયવાડી/ ખેતવાડી બંધાતા બિલ્ડીંગમાં 1/2/3 બેડરૂમ મળશે. 9821030822. (૧૦૫૫-સી)

**અંધેરી ઈસ્ટ**

વન બેડ 400' નવામાં વેચાણથી દેરાસર/ સ્ટેશન નજીક (1.35) ગંગર - 8080524858. (બી-૧૭૫૨૨)

**અંધેરી ઈસ્ટ**

કન્વર્ટેડ ટુ બેડ ભાડેથી સેમી ફર્નિશ્ડ (50) સ્ટેશન નજીક ગંગર 8080524858. (બી-૧૭૫૨૩)

**અંધેરી ઈસ્ટ**

નેનો વન બેડ ભાડેથી (32) સ્ટેશન દેરાસર નજીક ગંગર - 8080524858. (બી-૧૭૫૨૪)

**અંધેરી વેસ્ટ**

ટુ બેડ ફુલી ફર્નિશ્ડ ભાડેથી સ્ટેશનથી એક મિનિટ ગુજરાતી સોસાયટી ગંગર 8080524858. (બી-૧૭૫૨૫)

**બોરીવલી (વેસ્ટ)**

પ્રબોધનકર ઠાકરે ઓડિટોરિયમ, એસ. વી. રોડ, હવેલી, દેરાસર નજીક "મંગલમ રજનીગંધા", 2/3 BHK- જોડી શક્ય. સેમ્પલ ફ્લેટ રેડી, Nearing Possession 'MANGLAM AND KARNANI VENTURES LLP"- 7021062687/ 9833985175. (જેપી/૪૫૬૨-સી)

**LEAVE AND LICENSE**

Sunshine Apartment Breach Candy 2 Bedroom 1.95 Lac Maheshwari Peddar Road 2 Bedroom 2.50 Lac Shalimar Kemps Corner 2 Bedroom 2.75 Lac Piramal Mahalaxmi 3 BHK 3 Lac Jewellers 1 Bedroom Peddar Road 1 Lac 9892710071 / 9619048555. (B-17514)

**PREMIUM SPACIOUS 2 BHK for Sale- Sion East / 900 Carpet / Prime Connectivity / East Open "Karmakshetra - D", Near Shanmukhananda Hall. Call 9821230938 / 9820094585. (1052-A)**

**BORIVALI WEST**

Near Poisar Gymkhana, 2 Bedroom 696' sqft Builtup + 1 Parking, Fully Furnished for Sale. Vijay Realtors: 9224214227 / 9594404050. (1041-C)

**VERSOVA**

Sea Touch Apartment Penthouse, Juhu Carter Road, Prabhadevi area 2000 sq Carpet Onwards (0% Brokerage) 9869070123 / 9167723483. (1041-A)

**MALAD EAST**

Lnt Realty Launching 2/3/4 BHK on Highway Near Metro Station. 9167723483 / 9869070123. (1056-A)

## ૧૭. જગ્યા આપવી છે

**VILEPARLE (WEST)**

Opp. KLS Hospital, Irla Road - 3 B H K - 890' - 3.60 & 2 B H K - 730' - 2.90 Govt. Taxes Extra Possession - June 2026 Navkar Estate - 9082631731. (JP/4560-D)

**VILEPARLE EAST**

Premium Residence for Sale 3 BHK - 1800' Sqft, Italian Marble, New Building 2 Car Parking - Garden View Contact: 9820079204. (JP/4560-E)

**BHANDUP**

2/3/4 BHK by Godrej, Mahindra, Adani with Amenities Attractive Payment Plan 0% Brokerage 9167723483 / 9869070123. (1056-B)

**VIRAR (E)**

Shirshad Phata, On Highway, G+2 Individual Industrial Bldg, 6m/5m/5m Height Ready Possession with OC, Extensions and Conveyance Possible. Nilesh 9322687315, Pratik 9769661111. (JP/4561-E)

## ૧૮. જગ્યા જોઈએ છે

WANTED 2 BHK OR 3 BHK Leave & Licence in Peddar Road, Breach Candy, Warden Road, Altamount Road. - 9892710071 / 9619048555. (B-17480)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ઉમરગામ**

૪૦ Hp ઔદ્યોગિક શેડ ભાડે. ૯૭૬૯૬૨૫૪૨૫/૯૮૨૦૭૫૩૯૧૩ બ્રોકર માફ. (બી-૧૭૪૨૨)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109

(એસડીબી-૩૨૦૨)

**નાયગાંવ-વસઈ**

**કામણ ભીવંડી રોડ (પોમણ) યુનિવર્સલ કોલેજની સામે, RCC 30,000 સ્કે. ફૂટ કારપેટ ગ્રાઉન્ડ ફ્લોરમાં, ૨૦' ફુટ હાઈટ, 200 HP પાવર, (WITH FINAL OC- APPROVALS) ભાડે થી આપવાનું. (ઓનર) 9820050482. (૧૦૫૭-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ભાડે આપવાની**

**અથવા વેચવાની મોકાની જગ્યા બોરીવલી વેસ્ટ, સાઈબાબા નગર, HDFC બેંકની બાજુમાં, દ્વારકેશ પાર્ક. ઉત્તમ તક એરિયા 900+ 450 Otla. 9820284470. (બી-૧૭૫૧૬)**

**BANK માટે બોરીવલી (વેસ્ટ)**

**TANISHQ SHOWROOM, સ્ટેશન પાસે, ઝવેરી બજારમાં, રેડી સેટઅપ સાથે, ફુલ્લી ફર્નિશડ 2000' ગ્રાઉન્ડ ફ્લોર + 1200' ઓટલો ધરાવતી કમર્શીયલ જગ્યા (ભાડેથી - 9,00,000/-) તેમજ (વેચાણથી - 20 કરોડ). આપવાની. 76666 44727. (AGENT). (૧૦૪૪-એફ)**

**"અંધેરી- વેસ્ટ"- વીરા દેસાઈ રોડ, "Crystal Plaza" ઓફિસ 355 Rera કાર્પેટ - 14 ફુટ હાઈટ - Half Loft - પાર્કિંગ સાથે - વેચાણથી - 1.60 Cr Negotiable "શ્રીધામ" 9821369413, 9167344558. (બી-૧૭૫૦૬)**

**"વિલેપાર્લે-ઈસ્ટ"- "ZEE SHAN"**

**ઓફિસ ૨૪૫ - RERA કાર્પેટ ૧.૫૫ કરોડ Negotiable - વેચાણથી-પાર્કિંગ સાથે- રોડ સાઈડ. "શ્રીધામ" 9821369413, 9167344558. (બી-૧૭૫૦૫)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**પાતાલગંગા MIDC ૫૨૦૦- ચો.મી.**

**તેના પર શેડ, પાવર અને વોટર સાથેનો પ્લોટ વેચાણ માટે ઉપલબ્ધ છે. ઉત્તમ સ્થળ ૯૮૨૦૧૯૧૪૦૭/ ૭૬૧૯૫૮૮૬૬૪. (એસડીબી-૩૨૫૧)**

**અંધેરી ઈસ્ટ**

મોકાની દુકાનો (બે) ભાડેથી પ્રાઈમ લોકેશનમાં સ્ટેશન નજીક લેવા ગંગર - 8080524858. (બી-૧૭૫૨૬)

**પ્લે સ્કૂલ**

જોઈએ છે 5000' જગ્યા પ્લેસ્કૂલ માટે ભાડે. તારદેવ, વર્લી, જુહુ, ગોરેગાંવ. 9819569698. (૧૦૫૬-સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ક્લાઉડ-કિચન**

જોઈએ 500-1500' ભાડે. કાલાચોકી, પરેલ, લોઅર પરેલ, વર્લી, ઠાકુર વિલેજ. 9819569698. (૧૦૫૬-સી)

**અંધેરી**

DN નગર મેટ્રો પાસે 2500' ઓફિસ ભાડે જોઈએ છે, રેપ્યુટેડ મીડિયા કંપનીને. 9819569698. (૧૦૫૬-સી)

**અંધેરી વિલેપાર્લા**

જોઈએ 400' ક્લિનિક માટે 80,000 ભાડે. વોશરૂમ અંદર જરૂરી. 9819569698. (૧૦૫૬-સી)

**Required between Andheri - Borivali**
**1,000 sqft. on Rent/ Revenue share For shooting Ground floor or 1st floor.**
**Call / WhatsApp 9594070007**

(B-17539)

**મસ્જિદ બંદર**

કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા/ ભાડેથી. "લક્ષ્મીકાંત ભટ્ટ (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૦૫૮-એ)

**અંધેરી ઈસ્ટ**

ઓફિસ ફોર સેલ 2000' કારપેટ ફુલ્લી અપ ટુ ડેટ ફર્નિશ્ડ વિથ 5 કેબિન + કોન્ફરન્સ રૂમ + પેન્ટ્રી સ્ટેશન/ મેટ્રો/ બસ ડેપો બે મિનિટ ગાર્ડન ફેસિંગ ચારે બાજુ ઓપન વ્યૂ લીફ્ટ/ પાર્કિંગ છે સુખી ફેમિલીની નો ટ્રાફિક ન્યુસેન્સ (કી વિથ મી) એકદમ વ્યાજબી ભાવે (બેસ્ટ ફોર ઈન્વેસ્ટમેન્ટ also) લેવા ગંગર 8080524858. (બી-૧૭૫૩૩)

**અંધેરી ઈસ્ટ**

ઓફિસ 330' કારપેટ સ્ટેશનથી બે મિનિટે બિલ્ડિંગમાં 75 lacs ગંગર - 8080524858. (બી-૧૭૫૩૪)

**ANDHERI EAST**

Near Highway Office Premises available on Rent 700 sqft Carpet 9167723483 / 9869070123. (1041-D)

**GHATKOPAR (EAST)**

Offices Available for Doctor, Dentist, Lawyers, CA, Architects, MNC, IT, Freelancer, Co Working, Professional Consultation Firm, Banks, Mutual Fund, Share Market, New Start Up in Newly Under Construction 16 Storied Tower, Possession Soon. MG Road. 9757252097 / 9769345176. (1054-B)

**CHURCHGATE**

One Offices for Sale 230 Carpet 1.23 Cr Final Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-17531)

## ૨૩. મનોરંજન

**"બજેટથી" "પ્રાર્થનાસભા", "લગ્નગીત",**

**"સંગીતસંધ્યા", "સાંજી", "ભજન", "ANNIVERSARY", "તેમજ" "ભક્તિ સંગીત ક્લાસ" ("ગુજરાતી" "હિન્દી" "ભજનો"). "મનસુખભાઈ" (કાંદિવલી) - "9326801860", "8169552801". (૧૦૩૫-બી)**

**"રણજીત ભરત ડોસા"**

**"પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ", "જૈન", "અગ્રવાલ", "મહેશ્વરી" - ગુજરાતી, હિંદી પ્રાર્થના માટે - 9821172223. (૯૫૬/એ)**

**પ્રાર્થના - 6,500/-**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૦૩૮-સી)

## ૨૭. ઔષધ ઉપચાર

No Medicine, Traction, Injections, Heat, Light, Laser Treatment
FREE Consultation
**Spondylosis, Slipped Disc, Nerve Compression, Stiffness**
The only Center in India Equipped with German Research Therapy Equipments
Experience The Benefits Of Our Therapy



- Relaxes faster than other treatments Restores Elasticity of Muscles, Improve Mobility of Spine Painless walking-sitting-turning, Bending & Standing is possible
- Tingling & Numbness reduces when Muscles & Nerves are free
- Polycystic Ovary Syndrome (PCOD)
- Urinary Incontinence
- Improve blood circulation at Cells, Tissue & Regulate Lymphatic Flow
- Elective Therapy Method for Several Orthopaedic, Neuro & Vascular Issues, Paralysis, Non-Healing Wound.



The right opportunity for those who are not Benefitted with medicines, operations or Try to Avoid it.
**MATRIX GERMAN THERAPY CENTER**
E: mgtcmumbai@gmail.com | www.matrixtherapycenter.com / www.matrixtherapy.in
9321996879 / 022-31739685

(B-17464)

## ૨૩. મનોરંજન

**"અધિકમાસ ભજન 5000/-માં"**

"કાંદિવલી (ઘરમાં)", "બીજે ટ્રાન્સપોર્ટેશનના" "અલગથી", "મેલ-ફીમેલ" "સીંગર", "સાઉન્ડ વાદ્ય" સાથે. "લગ્નગીત", "સંગીત સંધ્યા", "Anniversary", "પ્રાર્થનાસભા", "બજેટથી". "મનસુખભાઈ"- "9326801860." (૧૦૪૪-ડી)

## ૩૧. નાણાંકીય

**GREAT OPPORTUNITY**

મ્યુચલફંડમાં પૈસા રોકવાની ઉત્તમ તક, આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૭૩૫૮)

## ૩૨. જમીન-મિલકત

**ડેવલપર્સ માટે**

**નાયગાંવ ઈસ્ટ (ભાવ: 1600) 1 લાખ FT FSI CC:- 8007342828. (૧૦૫૪-સી)**

5 BEDROOM BUNGALOW in 'India Colony' Umargam, Opposite MBBI School, Talasari Road Vevji, Umargam East 401606. Aradhana 107 Bungalow. Contact Ishvarlal Panchal, Mobile 9820327541. (B-17536)

## ૩૩. ધંધાદારી

**જોઈએ છે**

એડવોકેટ, મહારેરાના કામ માટે વિલેપાર્લેમાં:- 9819445558. (૧૦૨૨-એ)

**હવે નહીં લપસવું,/ પડવું!**

એન્ટીસ્કિડ ટ્રીટમેન્ટથી બાથરૂમ અને સોસાયટી બનાવો સલામત ઝોન. 9324785234 (સોસાયટીમાં ડેમો આપશું). (૧૦૪૮-એ)

**એકાઉન્ટ્સ**

એકાઉન્ટ્સ ફાઇનલાઇઝેશન - ઇન્કમટેક્ષ રિટર્ન - જીએસટી રિટર્ન - ટિડિએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું 7977866201 / 7507797315. (બી-૧૭૪૦૫)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેક્સ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૭૪૫૮)

**અધીક માસ**

તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગીફ્ટ આઈટમો ફેકટરી ભાવે- 9930310057. (બી-૧૭૪૫૯)

■ કર્નાટકના લીલા નાળીયેર તથા નાશિકની ડુંગળીના હોલસેલ વ્યવસાયમાં પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ પાર્ટનર અથવા ઇન્વેસ્ટર તરીકે વ્યવસાય શરૂ કરો - 9011362616. (બી-૧૭૫૩૨)

**લીકેજ સોલ્યુશન**

**બિલ્ડિંગ, ટેરેસ, પેરાપેટ વોલ, વોટર ટેંક, પેઈન્ટિંગ, DR. FIXIT, ASIAN PAINT AUTHORISED APPLICATIOR. 9987651755, 7021765031. (૯૯૫-એ)**

**VILEPARLE**

Required Persons for Shares, Dividend & Physical etc. Contact:- 9819445558. (1022-C)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

**જન્મ તારીખ - સમય વોટ્સઅપ કરો લગ્ન યોગ ક્યારે? ભાગ્યોદય ક્યારે? કઈ તારીખે? કયા વર્ષમાં? તેનું માર્ગદર્શન આપીશું. ફીના બદલે આશીર્વાદ આપશોજી વાતો ન કરો રીઝલ્ટ માંગો "સમય કિમતી છે" - "સોનું સસ્તું છે" 7304586200. (૧૦૪૪-એચ)**

# પાલિકામાં વાજપેયીની પ્રતિમા માટે જગ્યા નથી

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ મ્યુનિસિપલ પાલિકા સભાગૃહમાં ભૂતપૂર્વ વડા પ્રધાન અને સ્વર્ગસ્થ ભાજપ નેતા અટલ બિહારી વાજપેયીની પ્રતિમા સ્થાપિત કરવાની માગણી જગ્યાના અભાવે નકારી છે. વહીવટીતંત્રનું કહેવું છે કે નગરસેવકોની સંખ્યા વધી ગઈ છે અને એમને બેસવા માટે પૂરતી જગ્યા નથી. સભાગૃહમાં આમ પણ પ્રતિમાઓ અને અર્ધ-પ્રતિમાઓ રાખવામાં આવી હોવાથી નવી પ્રતિમા માટે જગ્યા નથી. હવે જ્યારે મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ સત્તા પર આવી ગઈ છે, ત્યારે હવે આ માગણીનું શું થશે તે અંગે ઉત્સુકતા છે. ■

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી ગણેશાય નમ:**
**જય ખોડિયારમાં**

**જપ માટે મળો. કોઈપણ પ્રકારનાં જપ ઘરે બેઠા કરી આપીશું. ગૃહનાં જાપ, મહામૃત્યુંજયનાં જપ વગેરે મો. 9819668885. (બી-૧૭૪૭૦)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઉધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 8169473531 / 9898637635. (બી-૧૭૫૨૮)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૯૫૯/ડી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફિંગ વર્ક**

PU ફોમ ઈન્જેકશન ગ્રાઉન્ટિંગ તોડ્યા વગર વોટરપ્રૂફિંગ વર્ક બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગ પૂલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૫૩૮-બી)

**લીકેજ સ્પેશ્યાલીસ્ટ**

સોસાયટી, બિલ્ડિંગ, રીપેરીંગ, પેઈન્ટીંગ, ટેરેસ, સાઈડવોલ. 9892901140, 9987694771. (૧૦૪૦-એ)

**વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, બિલ્ડિંગ રીપેરીંગ, પેઇન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 8450941119. (બી-૧૭૫૩૦)

**WATERPROOFING SPECIALIST**

Terrace, Chajja, Bathroom, Building Repairing, Tar. 7 Years Warranty. - 9004827175. (B-17529)

**MONSOON LEAKAGE**

Society Specialist. Leakage, Repairing, Painting, Plastering, Terrace, Chajja, Industrial Gala, Crack Filling, Bungalow, Shed. Asian Paints Chemical Treatment Authorized Contractors. 7 years Warranty. - 7021222104 - 7718891188. (B-17537)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૪૪૫)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# ઇલેક્શન પરિણામનો ઉત્સાહ ઓસર્યો, હોર્મુઝ ખાડીમાં ફરી અશાંતિ સર્જાતા બજાર ગબડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઈરાન-યુએસ વચ્ચેના યુદ્ધવિરામના ભંગના સંકેત સાથે ડોલર સામે રૂપિયો સર્વકાલિન નીચી સપાટીએ પટકાવાને કારણે સેન્ટિમેન્ટમાં પેઠેલા ગભરાટ વચ્ચે મંગળવારે સેન્સેક્સ અને નિફ્ટી રેડ ઝોનમાં ગબડ્યા હતા. સેન્સેક્સ ૨૫૧.૬૧ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૭૭,૦૧૭.૭૯ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૭૫૪.૩૭ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા ઘટીને ૭૬,૫૧૫.૦૩ની સપાટી સુધી ગબડ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૬.૫૦ પોઇન્ટ અથવા તો ૦.૩૬ ટકાના ઘટાડા સાથે ૨૪,૦૩૨.૮૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

વિવિધ રાજ્ય ચૂંટણીના પરિણામો બાદના ટૂંકા પ્રોત્સાહનના એક દિવસ પછી મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. બેંકિંગ, નાણાકીય, રિયલ્ટી અને મેટલ શેરોમાં ધોવાણ અને મીડિયા જેવા રક્ષણાત્મક ખિસ્સામાં સંબંધિત મજબૂતાઈ જોવા મળી હતી. એફએમસીજી અને ફાર્મા સૂસ્ત રહ્યા હતા. એકંદર સેન્ટિમેન્ટમાં પ્રોફિટ બુકિંગ અને સાવચેતીપૂર્ણ ટોન જોવા મળ્યો હતો, જેમાં મર્યાદિત ખરીદી રસ અને પસંદગીની ક્ષેત્રીય સ્થિતિસ્થાપકતા હતી.

આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇટર્નલ, ટેક મહિન્દ્રા, એક્સિસ બેન્ક, ભારતી એરટેલ અને લાર્સન એન્ડ ટૂબ્રો સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અલ્ટ્રા ટેક સિમેન્ટ, બજાજ ફિનસર્વ અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ હતો. ઇલેકશનનો ઉત્સાહ ઓસરી જતાં બજારનું ધ્યાન ફરી અખાતી ટેન્શન તરફ મંડાયું હતું.

અદાણી પોર્ટના પ્રમોટરે રૂ. ૭૪૮૬ કરોડમાં બે ટકા હિસ્સો વેચ્યો હોવાની ચર્ચા વચ્ચે તેના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. શ્યામ ધાની ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે કોર્પોરેટ માર્કેટીંગ અને બ્રાન્ડિંગની નવી વ્યૂહરચના હેઠળ શ્યામ કિચન સ્પાઇસીસની નવી શ્રેણીના લોન્ચ સાથે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રીટી ઝિન્ટાના ઓનબોર્ડિંગ અંગે એક્સચેન્જને જાણ કરી છે. કંપનીએ વિસ્તરણ વ્યૂહરચનાના ભાગરૂપે ૧૨ રાજ્યોમાં બજાર સર્વેક્ષણ હાથ ધર્યા છે અને આગામી છ મહિનામાં આ પ્રદેશોમાં માર્કેટિંગ પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજના ધરાવે છે.

લાર્સન એન્ડ ટૂબ્રોએ ઓડિશામાં કોલસામાંથી એમોનિયમ નાઇટ્રેટ બનાવવાનો પ્રોજેક્ટ મળ્યો છે, જેમાં દિવસે ૨૦૦૦ ટન એમોનિયા નાઇટ્રેટનું ઉત્પાદન થવાની અપેક્ષા છે. પ્રાઇમરી માર્કેટમાં સિમ્કા એડવર્ટાઇઝિંગ આઠમી મે, ૨૦૨૬ના રોજ પ્રવેશ કરશે. ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડે ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે ૨.૫ ગણાથી વધુના વધારા સાથે રૂ. ૧,૨૯૦.૪૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

પીએનબીએ ચોથા ક્વાર્ટરમાં ૧૪ ટકાના વધારા સાથે રૂ. ૫૨૨૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. લેહર ફૂટવેર લિમિટેડે વધતી માગને પહોંચી વળવા માટે ઉત્પાદન ક્ષમતાને પાંચ ગણી વધારવા હરિયાણાના કુંડલીમાં આધુનિક મશીનરી અને ઇવીએ-કેન્દ્રિત ટેકનોલોજીઓ દ્વારા સંચાલિત નવી વિસ્તરણ યોજના જાહેર કરી છે, જેમાં તબક્કાવાર દર મહિને એક લાખથી પાંચ લાખ જોડી સુધી ઉત્પાદન થવાની અપેક્ષા છે. કંપની રમતગમત અને સ્પોર્ટ્સ ફૂટવેર સેગમેન્ટમાં હાજરીને મજબૂત બનાવવા ધારે છે.

અંબુજા સિમેન્ટ્સે વાર્ષિક ધોરણે ૭૮ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૩૦ કરોડનો કોન્સોલિડેટેડ નફો નોંધાવ્યો છે. એથર એનર્જીએ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૦.૨૩ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે. એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં ૧૫ ટકાના વધારો સાથે રૂ. ૨૧૬.૭૩ કરોડનો કરવેરા પછીનો નફો નોંધાવ્યો હતો.

સામાન્ય રીતે ચૂંટણી પરિણામ જો શાસક પક્ષની તરફેણમાં આવે તો શેરબજારમાં મોટો ઉછાળો જોવા મળે છે. જોકે આ વખતે એવું જોવા ન મળ્યું, બજારમાં તાત્કાલિક અસરમાં ૧૦૦૦ પોઇન્ટ જેવો ઉછાળો આવ્યો ખરો, પણ ટકી ન શક્યો! આની પાછળ કેટલાક મહત્વના કારણો છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ શાસનમાં આવવાના સંકેત સાથે એક ઐતિહાસિક પરિવર્તનને આકાર મળ્યો છે. આ પ્રકારનો રાજકીય ભૂકંપ સામાન્ય રીતે દલાલ સ્ટ્રીટ પર અનેક દિવસની રેલીને વેગ આપતો હોય છે, પરંતુ આ ઉન્માદ ઝાઝો ટક્યો નહીં!

ચૂંટણી પરિણામ પ્રેરિત તેજીનો ઉત્સાહ થોડા કલાકો સુધી પણ ટક્યો નહીં, કારણ કે વૈશ્વિક વાસ્તવિકતાઓએ તેજીની પાર્ટીને કચડી નાખી. ઐતિહાસિક ચૂંટણી પરિણામ જાહેર થયાના બીજા જ દિવસે, મંગળવારે સેન્સેક્સ સવારના સત્રમાં ૫૦૦ પોઈન્ટથી વધુ તૂટી ગયો, અને નિફ્ટી ૦.૬ ટકા ગબડ્યો હતો, કારણ કે અન્ય બધા જ મહત્ત્વના પરિબળો બજાર માટે નકારાત્મક રહ્યા છે. સત્રને અંતે સેન્સેક્સ ૨૫૧ પોઇન્ટ અને નિફ્ટી ૮૬.૫૦ પોઇન્ટના ઘટાડા સાથે સ્થિર થયો હતો.

બજારને અવરોધનારું સૌથી મોટું સંકટ ક્રૂડ ઓઇલના ભાવ ઉછાળાને લગતું છે. હોર્મુઝમાં યુદ્ધ હજુ અટક્યું નથી, ઇરાની ફ્રીગેટ્સ અને અમેરિકન નેવી વચ્ચેના તણખાંએ ક્રૂડને ફરી ઊછાળ્યું હતું. હોર્મુઝ સ્ટ્રેટમાં ફરી શરૂ થયેલા લશ્કરી છમકલાને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ ૧૧૩ની આસપાસ પાછા ફરવાથી બજારનું સેન્ટિમેન્ટ ડહોળાયું છે. આ ઉપરાંત મોટું નકારાત્મક પરિબળ રૂપિયાની કટોકટી છે. મંગળવારે ભારતીય રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો હતો. અખાતમાં અમેરિકા-ઈરાનના હુમલાથી બજારોમાં ખળભળાટ મચી ગયો હતો, જેના કારણે ઉકેલની આશા ધૂંધળી થઈ ગઈ હતી અને તેલ આયાત કરનારા અર્થતંત્ર સામેના જોખમો અંગે ચિંતાઓ વધી ગઈ હતી.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૮,૦૪૭.૮૬ કરોડની ઇક્વિટી વેચ્યા બાદ સોમવારે રૂ. ૨૮૫૩.૬૨ કરોડની ઇક્વિટી ખરીદી હતી. શુક્રવારે મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે શેરબજાર બંધ રહ્યા હતા. સોમવારે, સેન્સેક્સ ૩૫૫.૯૦ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા વધીને ૭૭,૨૬૯.૪૦ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૨૧.૭૫ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકાના વધારા સાથે ૨૪,૧૧૯.૩૦ પર બંધ થયો હતો.

# મથકો પાછળ ખાંડમાં આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતા મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ મજબૂત રહેવાની સાથે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. છથી ૧૮ વધી આવ્યા હતા. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

### વૈશ્વિક સોનું પાંચ સપ્તાહના તળિયેથી પાછું ફર્યું

# સ્થાનિક સોનામાં ₹ ૪૬૪ની પીછેહઠ, ચાંદીમાં ₹ ૩૪૫નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ અને ફુગાવાની ચિંતા યથાવત્ રહી હોવા છતાં આજે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ પીછેહઠ જોવા મળી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં પાંચ સપ્તાહની નીચી સપાટીએથી સુધારો જોવા મળ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૫નો સુધારો આવ્યો હતો, જ્યારે સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૨થી ૪૬૪ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં ૧.૩ ટકાનો ચમકારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગનો ટેકો મળતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૪૫ના સુધારા સાથે રૂ. ૨,૪૦,૪૬૫ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૨ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૦૪૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૬૪ ઘટીને રૂ. ૧,૪૭,૬૩૬ના મથાળે રહ્યા હતા. દરમિયાન ગઈકાલે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ ઘટીને ગત ૩૧મી માર્ચ પછીની નીચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે ક્રૂડતેલની પીછેહઠ સાથે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને અનુક્રમે ૪૫૫૩.૪૧ ડૉલર અને ૪૫૬૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૭૩.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

મધ્યપૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવની સ્થિતિ યથાવત્ રહી હોવા છતાં ક્રૂડતેલમાં નફારૂપી વેચવાલીના દબાણે પીઠેહઠ જોવા મળતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવતાં ઉમેર્યું હતું કે મધ્યપૂર્વમાં યુદ્ધ વિરામની સ્થિતિ હોવા છતાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પર નિયંત્રણ માટે અમેરિકા અને ઈરાન વચ્ચેનો વિવાદ જોવા મળી રહ્યો છે.

નોંધનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીથી અર્થાત્ અમેરિકા-ઈઝરાયલ તથા ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ક્રૂડતેલના ભાવમાં ઉછાળા આવી રહ્યા છે અને ક્રૂડતેલના ભાવ વધતાં ફુગાવામાં વધારો થાય તો અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની અન્ય કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં કાપ મૂકવાના નિર્ણયથી દૂર રહે તેવી પ્રબળ શક્યતા હોવાથી યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૩ ટકા જેટલો ઘટાડો આવી ગયો છે. જોકે, વ્યાજદરમાં કપાતના એક પરિબળને બાદ કરતાં અન્ય તમામ પરિબળો સોનાની તેજી તરફી છે. સામાન્યપણે ઊંચા વ્યાજદરના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપતી સોના જેવી અસ્ક્યામતોમાં માગ નિરસ રહેતી હોય છે, એમ તેમણે ઉમેર્યું હતું. જોકે, હવે રોકાણકારોની નજર આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાના ગત એપ્રિલ મહિનાના રોજગારીના ડેટા પર સ્થિર થઈ હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

મુંબઈઃ ઈરાને આજે યુએઈનાં બંદરનાં શહેર ગણાતાં ફ્યુજીરાહોના માળખાકીય વિસ્તારોમાં હુમલા કર્યાનાં નિર્દેશો સાથે ભૂરાજકીય તણાવ સપાટી પર રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશ છતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધ્યા મથાળેથી ઘટીને ભાવ બેરલદીઠ ૧૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૫.૪૪ની નવી ઐતિહાસિક નીચી સપાટી સુધી ગબડ્યાં બાદ અંતે પાંચ પૈસાના સુધારા સાથે ૯૫.૧૮ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૨૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૩૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૪ અને ઉપરમાં ૯૫.૧૮ની રેન્જમાં અથડાઈને અંતે પાંચ પૈસાના સુધારા સાથે ૯૫.૧૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૯ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો. તાજેતરમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ રહ્યો હોવાથી ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી ડૉલરમાં આયાતકારોની લેવાલી અને અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહે તેવી શક્યતા છે, તેમ છતાં સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં ધોવાણ મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

# નિકલમાં ઘટ્યા મથાળેથી ₹ ૧૫નું બાઉન્સબૅક

મુંબઈઃ વૈશ્વિક સ્તરે મધ્યપૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવની સ્થિતિ સાથે આર્થિક અનિશ્ચિતતાઓ સપાટી પર રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની અને સ્થાનિક ડીલરોની લેવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આ સિવાય કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને કોપર કેબલ સ્ક્રેપમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો. આ સિવાય સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિકમાં મુખ્યત્વે નિકલમાં ગઈકાલે કિલોદીઠ રૂ. સાતનો ઘટાડો નોંધાયા બાદ આજે સ્ટોકિસ્ટોની નીકળેલી નવેસરથી લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫ના બાઉન્સબૅક સાથે રૂ. ૧૮૬૮ના મથાળે રહ્યા હતા.

# ગુજરાતનાં મથકો પાછળ સિંગતેલમાં ₹ ૪૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના મથકો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોના સ્ટોકિસ્ટોની સિંગતેલમાં આક્રમક લેવાલી રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. પંચાવનનો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૫નો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ દેશી તેલમાં તેજી આગળ ધપી હતી, જેમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૪૦, સરસવમાં રૂ. ૨૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૮ રિંગિટનો ઉછાળો આવ્યો હતો. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૩૭ સેન્ટ વધી આવ્યા હોવાથી આયાતી તેલના ભાવમાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૨૦ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે એકંદરે તેજીનું વલણ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૫ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ના મથાળે રહ્યા હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૫૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં અને રાજકોટ મથકે ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૭૦થી ૧૪૭૫માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૫૧૫થી ૧૫૨૦માં થયા હતા, જ્યારે રાજકોટના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ પંચાવ વધીને રૂ. ૨૫૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૫ વધીને રૂ. ૧૬૧૦માં થયાના અહેવાલ હતા. આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, સિંગતેલના રૂ. ૧૬૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦ અને સરસવના રૂ. ૧૫૦૦ના મથાળે રહ્યા હતા.


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.**

**ઈ-ટેન્ડર નોટિસ**

નં. KEMH/૬૩૯/ AEME તા. ૦૫.૦૫.૨૦૨૬

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે / ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોઝીટ રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | K.E.M. હોસ્પિટલમાં આહાર વિભાગમાં મશીન પર ચપાતી બનાવવાના કામ માટે મેનપાવરની જોગવાઈ **૨૦૨૬_MCGM_૧૩૦૦૧૮૯_૧** | રૂ. ૧૭,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૨ | K.E.M. હોસ્પિટલમાં વિવિધ સંલગ્ન કામો હાથ ધરવા **૨૦૨૬_MCGM_૧૩૦૦૨૭૭_૧** | રૂ. ૨૦,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૩ | K.E.M. હોસ્પિટલમાં ૩જો માળ ફિઝિયોલોજી વિભાગ અને DEAN બંગ્લો ખાતે વોટર પંપ સેટ અને સંલગ્ન કામોની બદલી **૨૦૨૬_MCGM_૧૩૦૦૨૭૯_૧** | રૂ. ૧૯,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૪ | K.E.M. હોસ્પિટલમાં CVTC બિલ્ડીંગ અને પશુગૃહ MCP ખાતે કૂલીંગ ટાવર માટે વાલ્વસની બદલવાનું કામ **૨૦૨૬_MCGM_૧૩૦૦૨૮૩_૧** | રૂ. ૨૦,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૫ | K.E.M. હોસ્પિટલમાં કરીરોડ હોસ્ટેલમાં જરૂરી પાવર વિતરણ કામ હાથ ધરવું **૨૦૨૬_MCGM_૧૩૦૦૧૯૭_૧** | રૂ. ૨૨,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૬ | K.E.M. હોસ્પિટલ ખાતે કોલેજ બિલ્ડીંગમાં બેક-અપ નેટવર્ક સિસ્ટમનું સ્થિરતામાં સુધારા **૨૦૨૬_MCGM_૧૩૦૦૧૯૪_૧** | રૂ. ૧૫,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૭ | K.E.M. હોસ્પિટલ ખાતે સંલગ્ન કામ સાથે શિપાઈ ચોલ નં. ૦૧ & ૦૨ના મિટર સર્વિસ કેબિનમાં સુધારા **૨૦૨૬_MCGM_૧૩૦૦૧૯૧_૧** | રૂ. ૧૧,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૮ | K.E.M. હોસ્પિટલ શબઘર વિભાગ ખાતે રેફ્રિજરેશન યુનિટ સાથે બોડી શબઘર કેબિનેટને બનાવવા બ્લુ સ્ટારનું શિફ્ટિંગ, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ **૨૦૨૬_MCGM_૧૩૦૦૧૯૨_૧** | રૂ. ૧૧,૦૦૦/- | ૦૬.૦૫.૨૦૨૬ (૧૭ ક.) | ૧૩.૦૫.૨૦૨૬ (૧૭ ક.) |
| ૯ | પાત્રતા માપદંડ (પેકેટ 'A') | | ૧૪.૦૫.૨૦૨૬ | ૧૭.૦૦ ક. |
| ૧૦ | ટેક્નિકલ બીડ (પેકેટ 'B') | | ૧૪.૦૫.૨૦૨૬ | ૧૭.૦૦ ક. |
| ૧૧ | વાણિજ્યિક બીડ (પેકેટ 'C') | શેડ્યૂલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatender.gov.in)ની મુલાકાત લો. ટેન્ડરરોએ નોંધ લેવી કે આ ટેન્ડર નોટીસ અંગે ઇશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત (http://mahatender.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઇશ્યૂ કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
A.E.(M&E)
K.E.M. હોસ્પિટલ

PRO/258/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



મુંબઈ ખાતે ન્યાયાધિકારીની વડી અદાલતમાં
ટેસ્ટામેન્ટરી એન્ડ ઈન્ટેસ્ટેટ હકુમત
૨૦૨૪ની પીટીશન નં. ૬૦૫૯

સાઈટેશન

દિનશા રુસી પાવરી, પુરુષ, વય ૮૫ વર્ષ, ધર્મઃ પારસી, મુંબઈના ભારતીય રહેવાસી, મહારાષ્ટ્ર, પરિણીત, વ્યવસાયઃ નિવૃત્ત, જેઓ ૨૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ તેમના અવસાન સમયે A/૪, A/૫, Gnat વિક્રાંત કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, પોદ્દાર સ્ટ્રીટ, સાંતાક્રુઝ (પશ્ચિમ), મહારાષ્ટ્ર ૪૦૦૦૫૪ ખાતે રહેતા અને કાયમી સરનામું ધરાવતાના છેલ્લા વીલ એન્ડ ટેસ્ટામેન્ટના પ્રોબેટ માટેની અરજી ... મરહુમ

૧. જહાંગીર હોમી એન્જિનિયર
વયઃ ૬૧ વર્ષ, વ્યવસાયઃ નિવૃત્ત, પારસી ભારતીય રહેવાસી અને ફ્લેટ નં. ૫૦૧, E વિંગ, મિલેનિયમ પાર્ક, સેક્ટર ૨૫ નેરુલ (પૂર્વ), ૪૦૦૭૦૬ ખાતે રહેતા મરહુમ દિનશા રુસી પાવરીના છેલ્લા વીલ એન્ડ ટેસ્ટામેન્ટના એક્ષિક્યૂટર્સ હોઈ

૨. દિલશાદ બહેરામ શાહ સિધવા
વયઃ ૬૮ વર્ષ, વ્યવસાયઃ નિવૃત્ત, પારસી ભારતીય રહેવાસી ૫૦૧, અહુના એપાર્ટમેન્ટ્સ, દિવેચા કોમ્પ્લેક્સ, સર એદુલજી રોડ, ચરાઈ, થાણે (પશ્ચિમ) ૪૦૦૬૦૧ ખાતે રહેતા મરહુમ દિનશા રુસી પાવરીના છેલ્લા વીલ એન્ડ ટેસ્ટામેન્ટના એક્ષિક્યૂટર્સ હોઈ ... અરજદારો

પ્રતિ,
તમામ લાગતાવળગતા,

જો આપ ઉપરોક્ત નામવાળા મરહુમની એસ્ટેટમાં કોઈપણ હિત ધરાવવાનો દાવો કરતા હોઈ તો આથી આપને આવવા અને પ્રોબેટની મંજૂરી પહેલા કાર્યવાહી જોવા પ્રશસ્તિ છે.

જો આપ પ્રોબેટની મંજૂરીનો વિરોધ કરવા ઈચ્છતા હોય તો આપે આ સાઈટેશન આપ પર બજાવ્યાની તારીખથી ૧૪ દિવસમાં પ્રોથોનોટરી એન્ડ સિનિયર માસ્ટરની ઓફિસમાં એક કેવિએટ નોંધાવી જોઈશે. આથી આપને જાણ કરવામાં આવે છે કે લાયકાતની શરતો મુજબ સ્ટેટ લીગલ સર્વિસીઝ ઓથોરીટીઝ, હાઈ કોર્ટ લીગલ સર્વિસીઝ કમિટીઝ, ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીઝ ઓથોરિટીઝ તથા તાલુકા લીગલ સર્વિસિઝ કમિટીઝ પાસેથી નિઃશુલ્ક લીગલ સર્વિસીઝ આપની માટે ઉપલબ્ધ છે અને જો આપ લાયક ઠરશો અને ફ્રી લીગલ સર્વિસીઝનો લાભ લેવા ઈચ્છુક હશો તો તેવી બાબતમાં આપ ઉપરોક્ત લીગલ સર્વિસીઝ ઓથોરિટિઝ/ કમિટીઝમાંથી કોઈપણનો સંપર્ક કરી શકો છો.

સાક્ષીઃ શ્રી. શ્રી. ચંદ્રશેખર,
ઉપરોક્ત જણાવેલ મુંબઈ ખાતેના મુખ્ય ન્યાયાધિશ,
આજ તા. ૩૦મી એપ્રિલ, ૨૦૨૬.

સહી/-
પ્રોથોનોટરી એન્ડ સિનિયર માસ્ટર માટે
સીલર

તા. ૨જી મે, ૨૦૨૬
મુલ્લા એન્ડ મુલ્લા એન્ડ ક્રેગી બ્લન્ટ એન્ડ કેરો,
અરજદારોના એડવોકેટ,
મુલ્લા હાઉસ, ૫૧ M. G. રોડ
ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

સીલ



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**NOTICE**

**Tender Notice For Redevelopment Of Borivali Shivdarshan CHSL**

Refer tender notice published on 15.04.2026 in this newspaper.

**This is to inform all concerned that only 4 days are remaining to collect the Tender Document.**

**Last Date : 09.05.2026**

Interested parties may obtain the tender documents from the office of the PMC at the following address:

**TANGENTS DESIGN CELL**
(Project Management Consultants)
2nd Floor, Plot No. 6, Hari Niwas, Abhinav Nagar, Borivali (East), Mumbai - 400066
Contact No.: 9167151533
**Email: archtangents@gmail.com**

All other terms and conditions of the original tender notice shall remain unchanged.



**પશ્ચિમ રેલવે – રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (વિજળી/ પાવર શાખા) પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો નીચે મુજબ છે. ક્ર. નં. ૧) ઈ-ટેન્ડરીંગ નં.: EL- ૨૦૨૬-૨૭-૦૩. કામનું નામઃ રતલામ ડિવિઝન - ABSS બેલેન્સ કામ હેઠળ ૧૬ સ્ટેશનો ખાતે વિવિધ ઈલેક્ટ્રિકલ આઈટમો અને કેબલ્સ વ્યવસ્થામાં સુધારણા. અંદા. લાગતઃ ₹ ૨૬૦૮૨૭૩૭.૨૬. બાના રકમઃ ₹ ૫૨૧૭૦૦.૦૦ કામનો સમાપન અવધિઃ ૧૨ મહિના. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૯/૦૪/૨૦૨૬. ટેન્ડર ખોલવાની તારીખઃ ૨૬/૦૫/૨૦૨૬. ક્ર. નં. ૨) ઈ-ટેન્ડરીંગ નં.: EL- ૨૦૨૬-૨૭-૦૪. કામનું નામઃ બે વર્ષની મુદત માટે IND અને DADN આધારે પ્રાઈમરી રેક્સ ખાતે LHB AC પેન્ટ્રી કારમાં પેન્ટ્રી ઈક્યૂપમેન્ટની રિપ્લેસમેન્ટ અને રિપેરિંગ અંદા. લાગતઃ ₹ ૯૮૭૯૨૫૭.૨૬ બાના રકમઃ ₹ ૧૯૭૬૦૦.૦૦ કામનો સમાપન અવધિઃ ૨૪ મહિના. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૯/૦૪/૨૦૨૬. ટેન્ડર ખોલવાની તારીખઃ ૦૨/૦૬/૨૦૨૬ વિગતવાર ટેન્ડર નોટીસ અને અન્ય શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

CRY/IND/35

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**ચરોતર રૂખી સમાજ મહાપંચાયત - મુંબઈ**
**Reg No BOM /624 /83/GBBSD (Trust No. F /9157).**

**ચૂંટણી જાહેરાત**

ચ. રૂ. સ. મ. મુંબઈ ના 21 પદાધિકારીઓની ગુપ્ત મતદાન દ્વારા વર્ષ 2026- 29 માટે ચૂંટણી નો કાર્યક્રમ.

**તારીખ - 10/05/2026 - રવિવાર**
**સમય - સવારે 10.00 થી સાંજે 05.00 સુધી**
**સ્થળ - રૂખી ભવન, વસંત કોમ્પલેક્સ ની સામે, મહાવીર નગર, કાંદિવલી (પ), મુંબઈ - 67**

**નોંધ:-** ધર્માદા આયુક્ત ના Memorandum of Association ની ધારાઓ અંતર્ગત ફક્ત નોંધણી કૃત સભ્યોજ ઉમેદવારી નોંધાવી શકે છે તેમજ મતદાન કરી શકે છે.

**આયોજક :- ચ. રૂ. સ. મહાપંચાયત મુંબઈ ચૂંટણી સમિતિ - વર્ષ** -2026-2029.



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

**નં. DyHE/PPC/૦૭૩૮/પાંજરાપૂર તા. ૦૪.૦૫.૨૦૨૬ ના**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે''ની નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડની શરૂઆત તારીખ અને સમય અને બીડની છેલ્લી તારીખ અને સમય ટેન્ડર સેક્શન હેઠળ M.C.G.M.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં દર્શાવેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૬_MCGM_૧૨૯૯૩૧૦_૧ | ફિલ્ટર પ્લાન્ટ પાંજરાપુર માટે મહત્ત્વપૂર્ણ ભાગોનું બદલી કરવી. |
| ૨. | ૨૦૨૬_MCGM_૧૨૯૯૩૩૬_૧ | ફિલ્ટર પ્લાન્ટ, પાંજરાપુર ખાતે સબસ્ટેશનનું સંલગ્ન કામ અને ૧૨૫૦ KVA ઓક્સિલરી ટ્રાન્સફોર્મર નં. ૨નું રિપેર કામો. |

ઈચ્છુક ટેન્ડરો ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર
(M&E) પાંજરાપુર

PRO/252/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



**જાહેર સૂચના**

**દિ માલાડ રાજદીપ પ્રિમાઈસીસ કો-ઓપ સોસાયટી લિમિટેડ**

આથી સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે અમારા ક્લાયન્ટ **દિ માલાડ રાજદીપ પ્રિમાઈસીસ કો-ઓપ સોસાયટી લિમિટેડ,** જે મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટીઝ અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહનિર્માણ સંસ્થા છે, તે સીટીએસ નં. ૭૭૩, સર્વે નં. ૯ (ભાગ), પ્લોટ નં. ૨૩, ક્ષેત્રફળ ૭૫૯.૬૭ ચો.મી. [અને પ્રોપર્ટી કાર્ડ મુજબ ૭૧૦.૫૦ ચો.મી.] ધરાવતી જમીનની કાયદેસર માલિક અને કબજેદાર છે. આ મિલકત ગામ – માલાડ નોર્થ, તાલુકો બોરીવલી, મામલતદાર વાડી, મેઈન રોડ, માલાડ (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦૦૬૪ ખાતે આવેલ છે. અને તેમાં ગ્રાઉન્ડ ઉપરાંત ઉપરના ત્રણ માળ સાથે કુલ ૧૬ ફ્લેટ અને ૫ દુકાનોનો સમાવેશ થાય છે. [આગળ **"ઉક્ત મિલકત"** તરીકે ઓળખાશે.]

સોસાયટીએ "ઉક્ત મિલકત"ના પુનર્વિકાસ અંગે વિચારણા કરતી વખતે વસુંધરા ડેવલોક્સ એલએલપી ["ઉક્ત ડેવલપર"] ને ઓફર લેટર આપ્યું હતું. જોકે, આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે તે ઓફર લેટર કોઈ અંતિમ અથવા બાંયધરી વિકાસ કરારમાં પરિવર્તિત થયું નહોતું અને "ઉક્ત ડેવલપર"ની નિમણૂક / જોડાણ યોગ્ય રીતે રદ / સમાપ્ત કરવામાં આવ્યું છે.

આ પરિસ્થિતિઓમાં, સામાન્ય જનતા, નાણાકીય સંસ્થાઓ તથા સંબંધિત તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ "ઉક્ત મિલકત" સંબંધિત કોઈપણ પ્રકારની ચર્ચા, વ્યવહાર, કરાર, ગોઠવણ અથવા કોઈપણ પ્રકારના સોદા "ઉક્ત ડેવલપર" અથવા તેમના મારફતે અથવા તેમના હેઠળ દાવો કરતી કોઈપણ વ્યક્તિ સાથે ન કરે.

"ઉક્ત મિલકત" સંબંધિત "ઉક્ત ડેવલપર" સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરનાર વ્યક્તિએ તે સંપૂર્ણપણે પોતાના જોખમ, ખર્ચ અને જવાબદારી પર કરવો રહેશે અને સોસાયટી આવા કોઈપણ કૃત્ય, રજૂઆત અથવા વ્યવહાર માટે બંધાયેલ રહેશે નહીં.

સોસાયટી ફરીથી સ્પષ્ટ કરે છે કે તેણે "ઉક્ત ડેવલપર" અથવા તેના ભાગીદારો તથા તેમના મારફતે દાવો કરતી કોઈપણ વ્યક્તિને "ઉક્ત મિલકત" સંબંધિત કોઈપણ વિકાસ હક્ક, સત્તા અથવા હિત આપેલ નથી.

અમારા ક્લાયન્ટ તરફથી અને તેમના વતી
**[દિ માલાડ રાજદીપ પ્રિમાઈસીસ કો-ઓપ સોસાયટી લિમિટેડ]**
સહી/-
**એડવોકેટ નિતેશ આચાર્ય દ્વારા**
પીડબ્લ્યૂડી બિલ્ડિંગની બાજુમાં, સેવરી ફાસ્ટ ટ્રેક કોર્ટ સામે, ઝકારિયા બંદર રોડ, સેવરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૧૫. મોબાઈલ: ૯૭૭૩૨૫૩૯૬૨.

## દિવાળી પહેલા ફટાકડા ફોડશે શિંદેસેના

# નિષ્ક્રિય પ્રધાનોની કરાશે હકાલપટ્ટી, નવા ચહેરાઓને અપાશે તક

મુંબઈઃ રાજ્યમાં ચૂંટણીઓ સમાપ્ત થઈ ગઈ છે ત્યારે મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા બદલાવની સંભાવના વ્યક્ત થઈ રહી છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ હવે તેમના પક્ષના સંગઠનાત્મક માળખાને મજબૂત બનાવવા માટે આક્રમક પગલાં લેવાનું શરૂ કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવાળી પહેલા રાજ્ય પ્રધાન મંડળમાં મોટો ફેરફાર કરવામાં આવશે. છેલ્લા અઢી વર્ષમાં નબળી કામગીરી કરનારા પ્રધાનોના પદ જોખમમાં છે.

છેલ્લા કેટલાક મહિના દરમિયાન મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન બધા પ્રધાનોની કામગીરીની સમીક્ષા તૈયાર કરી રહ્યા છે. જે પ્રધાનોની કામગીરી સંતોષકારક નથી અથવા જેમણે પોતાના જિલ્લામાં પક્ષ વિકાસ માટે કોશિશ નથી કરી કરી એવા નિષ્ક્રિય પ્રધાનોને ટૂંક સમયમાં પ્રધાન મંડળમાંથી દૂર કરવામાં આવશે એવી પ્રબળ શક્યતા છે. પક્ષ સંગઠનને મજબૂત બનાવવા

(જુઓ પાનું ૪) ▸▸

## ઓપરેશન ટાઈગર?

## શિંદે સાથે ઠાકરેના સાંસદની એક જ કારમાં મુસાફરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા કેટલાક સમયથી રાજ્યના રાજકારણમાં મોટી સંખ્યામાં પક્ષપલટો થઈ રહ્યા છે. ખાસ કરીને લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ઘણા નેતાઓ મહાયુતિમાં સામેલ પક્ષોની રાહ જોતા હતા. હવે, છેલ્લા કેટલાક સમયથી શિવસેનાના ઓપરેશન ટાઇગરની ચર્ચાઓ ફરીથી શરૂ થઈ છે. તેવી જ રીતે આજે એવું બહાર આવ્યું છે કે ઠાકરે જૂથના એક સાંસદે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે એક જ કારમાં મુસાફરી કરી હતી. આનાથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષના સાંસદ સંજય દિના પાટીલે એક જ કારમાં મુસાફરી કરી

(જુઓ પાનું ૪) ▸▸





**બાપ્પાના શરણે**

ફક્ત મંગળવારે અંગારક ચોથનો યોગ વર્ષમાં ફક્ત બે થી ત્રણ વખત આવતો હોય છે. જેનું મહત્ત્વ ઘણું છે. મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં આ નિમિત્તે બાપ્પાના દર્શન માટે ભક્તોની ભીડ જામી હતી.

(અમય ખરાડે)

## 'અલ-નિનો'ની અસર

# થાણે અને મીરા-ભાયંદરમાં પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ ઉનાળાના આગમન સાથે જ થાણેમાં પાણીની સમસ્યા નિર્માણ થઈ ગઈ છે. શહેરમાં પાણીકાપ મૂકયા બાદ હવે દર અઠવાડિયે વારાફરતી શહેરના વિસ્તારમાં પાણીપુરવઠો ખંડિત કરવામાં આવી રહ્યો છે, જેમાં થાણે શહેરમાં ગુરુવારથી શુક્રવાર સુધી શહેરના અનેક વિસ્તારમાં ૨૪ કલાક પાણીપુરવઠો બંધ રાખવામાં આવ્યો છે. એ સિવાય મીરા-ભાયંદરમાં પણ દર ૧૫ દિવસે પાણીપુરવઠો બંધ રાખવામાં આવવાનો છે.

મહારાષ્ટ્ર ઈન્ડિસ્ટ્રયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન તરફથી કરવામાં આવનારા સમારકામને કારણે થાણે શહેરના અમુક વિસ્તારમાં ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રાખવામાં આવ્યો છે. ગુરુવાર, ૭ મે, ૨૦૨૬ના બપોરના ૧૨ વાગ્યાથી શુક્રવાર, ૮ મે ૨૦૨૬ના બપોરના ૧૨ વાગ્યા સુધી શટડાઉન રહેશે. આ સમય દરમ્યાન દીવા, મુંબ્રા, કલવા, કોલશેત વિસ્તારમાં

પાણીપુરવઠો બંધ રહેશે. એ બાદ પણ એકાદ-બે દિવસ આ વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો મળશે. તેથી નાગરિકોને પાણી સંભાળીને કાટકસર કરીને વાપરવાની સલાહ આપી છે.

એ સિવાય મીરા-ભાયંદરમાં

(જુઓ પાનું ૪) ▸▸

# માર્કશીટમાં ચેડાં કરનારી દીકરીને નિર્દયતાથી મારી મૃતદેહ સળગાવવા ઘરને આગ લગાડી

**પિતા કે પિશાચ?**

પુણેઃ પુણે જિલ્લાના દૌંડ તાલુકામાં બનેલી આઘાતજનક ઘટનામાં દારૂના નશામાં ચૂર પિતાએ પિશાચી કૃત્ય કરી સગી દીકરીનો જીવ લીધો હતો. પરીક્ષાની માર્કશીટમાં ચેડાં કરનારી નવ વર્ષની માસૂમને બેરહેમીથી માર્યા પછી ઝાડ કાપવાના કટરના ઘા ઝીંકી તેની હત્યા કરવામાં આવી હતી. પછી બાળકીના મૃતદેહને સળગાવી દેવાને ઇરાદે પિતાએ ઘરને આગ લગાડી હતી.

દૌંડ પોલીસે આરોપી શાંતારામ ચવ્હાણ (૩૩)ની ધરપકડ કરી તેની વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. દેઉળગાવરાજે ખાતે રહેતા ચવ્હાણે પહેલી પત્નીથી થયેલી પુત્રી અનામિકા સાથે કરેલા અમાનુષી કૃત્યથી સ્થાનિક પરિસરમાં રોષ ફેલાયો હતો અને આરોપીને કઠોરમાં કઠોર સજા કરવાની માગણી કરાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ અનામિકા અને તેનાથી એક વર્ષ મોટા ભાઈ સંસ્કારનું

(જુઓ પાનું ૪) ▸▸

# ઑનલાઈન સટ્ટામાં જમીન ગુમાવનારા પિતાનો બે દીકરીને સળગાવવાનો પ્રયાસ

બીડઃ ઑનલાઈન સટ્ટા અને જુગારની લતમાં ખેતીલાયક પાંચ એકર જમીન ગુમાવનારા પિતાએ બે માસૂમ દીકરીને ડીઝલ રેડી સળગાવવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ માજલગાવના લહામેવાડી ગામમાં બીજી મેના રોજ બનેલી ઘટના પ્રકરણે આરોપી મહેશ વિષ્ણુ સોમાસે વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

લહામેવાડી ખાતે રહેતી અશ્વિનીનાં લગ્ન ૨૦૧૯માં મહેશ સાથે થયાં હતાં. શરૂઆતનાં બે-ત્રણ વર્ષ તેમનું દામ્પત્ય જીવન સુખેથી પસાર થયું, પરંતુ બાદમાં મહેશને ઑનલાઈન (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ, થાણે અને પાલઘરમાં આજથી ચાર દિવસ ગરમી અને ઊકળાટ

## તાપમાનનો પારો ૪૦ સુધી જવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત થાણે, રાયગડ અને પાલઘરમાં આજથી ચાર દિવસ માટે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. આ દરમ્યાન ગરમી અને ઉકળાટ વધશે અને તાપમાનનો પારો ૪૦ સુધી પણ જઈ શકે છે એવી ચેતવણી હવામાન વિભાગે આપી છે.

રાજ્યમાં વિદર્ભ, મરાઠવાડા સહિત મુંબઈમાં હાલ આકરી ગરમીનો અનુવભ થઈ રહ્યો છે. મુંબઈમાં છેલ્લા થોડા દિવસ ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. મંગળવારે મુંબઈમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૭.૨ ડિગ્રી તાપમાન અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા તો વાતાવરણમાં ૭૨ ટકા નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચુ

(જુઓ પાનું ૪) ▸▸

# કાપડના વ્યવસાયમાં નુકસાન જતાં બન્ને વેપારી ચેનસ્નેચિંગ કરવા પ્રેરાયા

## પહેલી વાર જ ગુનો આચરી ભુજ ફરાર થઈ રહેલા આરોપીને પોલીસે પકડી પાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાપડના વ્યવસાયમાં નુકસાનને કારણે દુકાન બંધ થતાં બન્ને વેપારી ચેનસ્નેચિંગ કરવા પ્રેરાયા હોવાની ઘટના સાંતાક્રુઝમાં બની હતી. જોકે પહેલી વાર ગુનો આચરીને કચ્છ એક્સપ્રેસમાં ભૂજ જવાની તૈયારીમાં રહેલા આરોપીઓને બોરીવલીથી પકડી પાડવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ જયેશભાઈ વસંતભાઈ ચૌધરી (૩૫) અને અરવિંદભાઈ ભાણાભાઈ ચૌધરી (૨૪) તરીકે થઈ હતી. બન્ને આરોપી વિલેપાર્લેના લોહિયા નગર ખાતેની પટેલ ચાલમાં રહેતા હોવાનું પોલીસે જણાવ્યું હતું. સાંતાક્રુઝ પશ્ચિમમાં એસ. વી. રોડ પરની એક સોસાયટીમાં રહેતી ચંચલ અલમેડા (૪૨)એ નોંધાવેલી ફરિયાદને આધારે સાંતાક્રુઝ પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર ૧૪ એપ્રિલે ચંચલ બાગવે ગાર્ડન નજીકથી ચાલતી પસાર થઈ રહી હતી ત્યારે આરોપી તેની નજીક આવ્યા હતા. ચંચલને ધક્કો મારીને તેના ગળામાંથી સોનાની ચેન આંચકી બન્ને આરોપી બાઈક પર ફસાર થઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે બન્ને આરોપીની ઓળખ મેળવી હતી. તપાસ દરમિયાન પોલીસ આરોપીના ઘરે પહોંચી ત્યારે બન્ને ભૂજ જવા નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે કચ્છ એક્સપ્રેસની ટિકિટ કઢાવી હોવાથી પોલીસે બોરીવલીમાં છટકું ગોઠવી બન્નેને પકડી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીની કપડાંની દુકાન હતી, પરંતુ નુકસાન જવાને કારણે દુકાન બંધ કરવી પડી હતી. ■

# પૂર્વ - પશ્ચિમ એક્સપ્રેસ-વે પર મુસાફરી સરળ બનશે

## ચોમાસા પહેલા સમારકામ પૂર્ણ કરવાનો નિર્ધાર

મુંબઈઃ પૂર્વ અને પશ્ચિમ એક્સપ્રેસ-વે પર ખાડા, તિરાડો અને કેટલીક જગ્યાએ સપાટી ઉખડી જવાને કારણે આ હાઇવે પર કલાકો સુધી ટ્રાફિક જામ રહે છે. મહાનગરપાલિકાએ એના ઉપાય તરીકે માઇક્રો સરફેસિંગ જેવી આધુનિક ટેકનોલોજીની મદદથી રસ્તાઓનું સમારકામ કરવાનો નિર્ણય લીધો છે અને આ કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવશે. આ કામ માટે તમામ કર સહિત લગભગ ૧૬૪ કરોડ ૯૪ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આ અંગેનો પ્રસ્તાવ મંજૂરી માટે સ્થાયી સમિતિના ટેબલ પર મૂકવામાં આવ્યો છે અને બુધવારે આ અંગે નિર્ણય લેવામાં આવશે. ઇસ્ટર્ન

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ભિવંડીમાં આંબાના ઝાડ પર સીતાફળ!



મુંબઇ : કુદરતની લીલા નિરાળી છે, ક્યારે શું ચમત્કાર કરે કોઈ કહી ન શકે. મુંબઈ નજીકના ભિવંડી વિસ્તારમાં આવું જ કંઈક બન્યું હતું. મુંબઈની ભાગોળે આવેલા ભિવંડીમાં જે બન્યું તેની ચર્ચા થવી સ્વાભાવિક છે. ભિવંડી તાલુકાના સાયગાંવમાં એક આંબાના ઝાડ પર કેરીની સાથે બીજું એક વિચિત્ર ફળ પણ આવ્યું છે.

એક ખેડૂતના બગીચામાં એક આંબાના ઝાડ પર સીતાફળ ઉગ્યું છે. શરૂઆતમાં લોકોને ખ્યાલ નહોતો કે આ કયું ફળ છે, પણ થોડું મોટું થયા પછી અને તેને

(જુઓ પાનું ૪) ▸▸

# મુરબાડમાં એસટી બસ સાથે સ્કોર્પિયો ભટકાઇઃ ચારનાં મોત

થાણેઃ થાણે જિલ્લાના મુરબાડમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી) બસ સાથે સ્કોર્પિયો ભટકાતાં ચાર જણનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે અન્ય ચારને ઇજા પહોંચી હતી. ઘાયલોમાં બે બાળકનો સમાવેશ હોઇ તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

મુરબાડ તાલુકામાં મુરબાડ-અહિલ્યાનગર માર્ગ પર મંગળવારે સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. એસટી બસ મંગળવારે સવારે કલ્યાણથી અહિલ્યાનગર જવા માટે નીકળી હતી, જ્યારે સ્કોર્પિયો કલ્યાણ આવી રહી હતી. એસટી બસ મુરબાડ-અહિલ્યાનગર માર્ગ પર ટોકાવડે-વૈશાખરે નજીકથી પસાર થઇ રહી હતી ત્યારે વળાંક લેતી વખતે સામેથી આવનાર સ્કોર્પિયો તેની સાથે ભટકાઇ હતી. આ અકસ્માતમાં ચાર જણનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય ચારને ઇજા પહોંચી હતી. મૃતકોમાં અભિષેક મોહટે, અવિનાશ રામચંદ્ર કાકડે, નીતા અશોક ડુરે અને મીના મડકેનો સમાવેશ હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનના આગળના ભાગને નુકસાન થયું હતું. દરમિયાન અકસ્માતની જાણ થતાં મુરબાડ બસડેપોના કર્મચારીઓ તાત્કાલિક મદદ માટે ત્યાં દોડી આવ્યા હતા અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. ■

# પુણેમાં લગ્નમાં ભોજન કર્યા બાદ ૬૨ લોકોને ખોરાકી ઝેરની અસર

પુરંદરઃ એક પરિવારમાં લગ્ન હોવાથી આનંદ અને ઉત્સાહનું વાતાવરણ હતું. બધા ખુશીથી સમારોહમાં ભાગ લઈ વરકન્યાને આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી રહ્યા હતા. જોકે, ભોજન પછી મહેમાનોને અચાનક ઝાડાઉલટી શરૂ થતા આનંદ ચિંતામાં ફેરવાઈ ગયો હતો. આ ઘટના પુરંદર તાલુકાના સુપે પાનવાડીમાં બની હતી. લગ્નમાં ૬૨ જેટલા લોકોને ફુડપોઇઝનીંગ થયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, લગ્ન સમારોહ દરમિયાન પીરસવામાં આવેલી રબડી અને ગુલાબ જામુન જેવી મીઠાઈઓને કારણે ફુડપોઇઝનિંગ થયું હોવાની શંકા છે. ભોજન પછી થોડા સમય પછી

(જુઓ પાનું ૪) ▸▸

# જાતીય સતામણીના ગુનેગારોના પેરોલ માટે કડક કાયદો

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જાતીય સતામણીના અપરાધીઓને પેરોલ મળતા અટકાવવા આકરો કાયદો ઘડવાનો આદેશ આપ્યો હતો. આ પ્રકારના લગભગ ૯૦ ટકા ગુના કામચલાઉ મુક્તિ પર વારંવાર બહાર આવતા ગુનેગારો દ્વારા આચરવામાં આવ્યા હતા.

દિવસ દરમિયાન પ્રધાન મંડળની બેઠક દરમિયાન ફડણવીસે નોંધ્યું હતું કે ૨૦૧૪-૨૦૧૯માં મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન આવો જ કાયદો ઘડવામાં આવ્યો હતો, પરંતુ ત્રણ વર્ષ સુધી અમલમાં રહ્યા બાદ અદાલતો દ્વારા તેને રદ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફડણવીસને ટાંકીને સૂત્રોએ જણાવ્યું હતું કે આવા (જાતીય અપરાધ) કેસોમાં લગભગ ૮૦

(જુઓ પાનું ૪) ▸▸

**પુણ્યસ્મરણ**
25મી પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલી

**સ્વ. દેવેન્દ્ર મોહનલાલ ટોલીયા**
જન્મ: 18 સપ્ટેમ્બર 1940 • સ્વર્ગવાસ: 6 મે 2001
આપ એક દૂરંદેશી, પ્રેમાળ, લાગણીશીલ, વ્યવહારૂ અને એકતાના પ્રેરક વ્યક્તિ હતા.
આપની દીર્ઘદૃષ્ટિ, નિઃસ્વાર્થ પ્રેમ અને સૌને એક તાંતણે બાંધવાની ભાવના અમારા જીવનની પ્રેરણા બની રહી છે. સદેહે નહીં પણ તમારા મૂલ્યો અને યાદો દ્વારા હંમેશા અમારું માર્ગદર્શન થતું રહેશે.
સ્નેહસ્મરણ સહ
શોભના દેવેન્દ્ર ટોલીયા
પુત્ર - પુત્રવધુ : ચેતન અને પૂજા ટોલીયા
દિકરી - જમાઈ : અમી અને નિમિષ દોશી
પૌત્ર-પૌત્રી : રિષી, કબીર, ખ્વાઇશ
Devson Impex Pvt Ltd




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**